Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

સોમવાર, તા.૬ મે, ૨૦૨૪
6/5/2024 * VOL : 44 * N0. 232 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૧૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

**આજનો સુવિચાર**
માન, સન્માન અને અપમાન આ ત્રણેય એવાં રોકાણ છે, જેટલું બીજાને આપશો એનાં કરતાં બમણું પરત આવશે

## લોકસભાની ચૂંટણી : ત્રીજા તબક્કાનું ૭મીએ મતદાન

**(એજન્સી)નવી દિલ્હી,** આગામી ૭મી મે (મંગળવાર)ના રોજ લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન થવાનું છે. જેનો પ્રચાર પડઘમ આજે (રવિવાર) સાંજે છ વાગ્યા બાદથી શાંત પડી ચૂક્યો છે. ચૂંટણીના ૪૮ કલાક પહેલા આજે ગુજરાતની ૨૫ સહિત કુલ ૯૩ બેઠક પર પ્રચાર પડઘમ શાંત થયા છે. હવે આ બેઠકો પર લોકસભા ઉમેદવારો પ્રચાર નહીં કરી શકે. છેલ્લી ઘડી સુધી ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ખુબ જોરશોરથી પ્રચાર કર્યો હતો.

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠક અને વિધાનસભાની ૫ બેઠકની પેટાચૂંટણી માટે ૭મી મેના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. આજે લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટેના પ્રચારનો રવિવારે અંતિમ દિવસ હતો ત્યારે પ્રચારના અંતિમ દિવસે લોકો સુધી પહોંચવા માટે ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ એડીચોટીનું જોર લગાવ્યું હતું. સાંજે પાંચ વાગતાની સાથે જ પ્રચાર પડઘામ શાંત થઈ ગયાં હતા, તેની સાથે જ હવે નેતાઓ ડોર ટૂ ડોર પ્રચાર કરી શકશે. જોકે, જાહેરસભા, રેલીઓ કે ચૌપાલ જેવા કાર્યક્રમો નહીં કરી શકે. શહેરમાં લાગેલા ચૂંટણી પ્રચારના હોર્ડિંગ્સ હટાવી લેવામાં આવશે. આ સાથે રેલી અને જનસભા ઉપર પણ પ્રતિબંધ લગાડી દેવાશે. બરાબર ૫૦ દિવસના ચૂંટણી પ્રચાર પછી ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પડઘમ શાંત થઈ ચૂક્યો છે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકોમાંથી ૨૫ બેઠકો

# ગુજરાતની ૨૫ સહિત ૯૩ બેઠકો પર પ્રચાર પડઘમ શાંત

### લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટેના પ્રચારના અંતિમ દિવસે લોકો સુધી પહોંચવા ભાજપ-કોંગ્રેસના નેતાઓએ એડીચોટીનું જોર લગાવ્યું

પર મંગળવારે સાતમી તારીખે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન થશે. તો મતદાન આડે હવે માત્ર એક દિવસ બાકી છે એના પહેલાં ચૂંટણી પંચની આચાર સંહિતા લાગુ થઈ ગઈ છે. હવે કોઈ પણ નેતા સીધી રીતે જાહેર સભા કે રેલી કરીને ચૂંટણી પ્રચાર નહીં કરી શકે. હવે શરૂ થશે ડોર ટૂ ડોર ચૂંટણી પ્રચાર. મંગળવારે લોકસભાની ૨૫ ઉપરાંત વિધાનસભાની ૫ બેઠકો પર પેટા ચૂંટણી પણ યોજાશે. તો વર્ષ ૨૦૨૪ના મહાસંગ્રામ માટે હવે મતદાનની ઘડીઓ નજીક આવી ગઈ છે. ભારતીય જનતા પાર્ટી સામે ગુજરાતમાં આ વખતે લડવા માટે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ગઠબંધન કરીને ઉમેદવાર ઊભા રાખ્યા છે. તો આ વખતનો મુકાબલો રોમાંચક બની ચૂક્યો છે.

સુરતમાં એક સીટ પર ભાજપ પહેલેથી બિનહરીફ વિજેતા બની ચૂકી છે. અને હવે બાકીની ૨૫ બેઠકો પર ૭મી મે મંગળવારે મતદાન થશે. રાજ્યમાં આ વખતે લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વિધાનસભાની પેટાચૂંટણીઓ માટે મતદાન યોજાનાર છે. જેમાં ૧૩ લાખથી વધુ ફર્સ્ટ ટાઈમ વોટર મતદાન કરશે. ખાલી અમદાવાદમાં ૬૦ લાખથી વધુ મતદારો છે. અમદાવાદમાં કુલ ૬૦,૩૯,૧૪૩ મતદારો છે. જેમાં મહિલા મતદાર ૨૯,૦૫,૬૨૨ છે. કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીલક્ષી કંટ્રોલરૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

રાજ્યની ૨૬ લોકસભા બેઠકોની સામાન્ય ચૂંટણી તથા ૦૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ૦૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન યોજવામાં આવશે. ભારતના ચૂંટણી પંચની સુચના અનુસાર મતદાનના દિવસે મતદારની ઓળખ માટે મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC રજૂ કરવાનું રહેશે. મતદાર ફોટો ઓળખકાર્ડ-EPIC ની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજૂ કરી મતદાન કરી શકાશે.

તા.૦૭,મે ના રોજ મતદાનના દિવસે સવારના ૦૭.૦૦ કલાક થી સાંજના ૦૬.૦૦ કલાક સુધી મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. મતદાતાએ આ માટે યોગ્ય પુરાવો સાથે રાખવાનો રહેશે. ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલી મતદાર કાપલી એ ફક્ત માહિતી માટે છે. તે મતદાન કરવા માટે પુરાવા તરીકે માન્ય રહેશે નહિ. આ દસ્તાવેજોમાં આધાર કાર્ડ, મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ, બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક, શ્રમ મંત્રાલયની યોજના હેઠળ આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, એન.પી.આર અન્વયે આર.જી.આઇ દ્વારા ઈસ્યુ કરેલ સ્માર્ટ કાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેંટ, કેન્દ્ર/રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિટેડ કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો, સંસદસભ્યો/ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો અને ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા ઈસ્યુ કરેલ Unique Disability ID(UDID) કાર્ડનો સમાવેશ થાય છે, જે રજૂ કરી મતદાન કરી શકાશે. વધુમાં બિનનિવાસી ભારતીયોની જો મતદાર તરીકે નોંધણી કરેલ હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત ×અસલ પાસપોર્ટ× રજૂ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં ૧૯ મહિલા સાથે કુલ ૨૬૬ ઉમેદવારો મેદાનમાં છે. ૨૦૨૪ની આ ચૂંટણીમાં કુલ ૪૯૭૬૮૬૭૭ મતદારો મતદારોને મતાધિકાર મળેલો છે, જેઓ ૫૦૭૮૮ મતદાન મથકો પરથી મતદાન કરશે. ગુજરાતમાં ૨૦ જનરલ, બે એસ.સી, ચાર એસ.ટી સાથે કુલ ૨૬ બેઠકો છે. બેઠકના વિસ્તારની વાત કરીએ તો સૌથી મોટો કચ્છ (૨૧૩૫૪ ચો.કિ.મી.) જ્યારે સૌથી નાનો અમદાવાદ વેસ્ટ (૧૦૭ ચો.કિ.મી.) છે. રાજ્યમાં ભરૂચમાં સૌથી ઓછાં ૧૭,૨૩,૩૫૩ જ્યારે નવસારીમાં સૌથી વધુ ૨૨,૨૩,૫૫૦ મતદારો નોંધાયેલા છે.

૭મેના રોજ ચૂંટણીના દિવસે મતદાન કરવા સરકારી કચેરીઓમાં રજા જાહેર કરેલ છે તથા દુકાનો, સંસ્થાઓ અને કારખાનાઓમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિઓની રજા મંજુર કરવા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બ્રાઝીલમાં પૂરે વેર્યો વિનાશ, ૬૦ લોકોના મોત

**(એજન્સી)બ્રાસીલીયા,** દક્ષિણ આફ્રીકામાં ભારે વરસાદ બાદ આવેલા પૂર અને કીચડના કારણે અત્યાર સુધી ૬૦ લોકોના મોત થયા છે. આ ઉપરાંત હજારો લોકો બેઘર થઈ ગયા છે. સમાચાર એજન્સી એએનઆઈએ અલ ઝઝીરાના હવાલેથી લખ્યું છે કે બચાવ તથા રાહત કાર્ય સતત ચાલુ છે. બચાવકર્મી ઘરો, રસ્તા તથા પૂલોના કાટમાળમાં દટાયેલા લોકોને શોધવાની કોશિશ કરી રહ્યા છે. એવા સમાચાર આવી રહ્યા છે કે રિયો ગ્રાંડે સુલમાં પાણીનું સ્તર ખૂબ વધી જવાના કારણે બંધ પર બોજ વધતો જાય છે. તેના લીધી કેટલાક શહેરોમાં ભય છે.

### બીનાથી કોંગ્રેસના ધારાસભ્ય નિર્મલા સપ્રેએ કેસરિયો ધારણ કર્યો

**(એજન્સી)ભોપાલ,** લોકસભા ચૂંટણી માટે એક પછી એક તબક્કાનું મતદાન ચાલુ છે ત્યારે કોંગ્રેસને પણ એક પછી એક ઝટકા લાગતા જઈ રહ્યા છે. તાજેતરનો મામલો મધ્ય પ્રદેશથી સામે આવ્યો છે. અહીં બીનાથી કોંગ્રેસના ધારાસભ્ય નિર્મલા સપ્રેએ પાર્ટી સાથે છેડો ફાડી ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો છે. મુખ્યમંત્રી મોહન યાદવની સભા દરમિયાન રાહતગઢ ખાતે નિર્મલાએ ભાજપના સભ્યપદના શપથ લીધા હતા. નિર્મલા સપ્રેએ વિધાનસભા ચૂંટણી વખતે ભાજપના ઉમેદવાર તથા બે વખતના ધારાસભ્ય મહેશ રાયને ૬૦૦૦થી વધુ વોટથી પરાજય આપ્યો હતો. જિલ્લાની આઠ વિધાનસભા બેઠકોમાંથી એકમાત્ર બીના વિધાનસભા બેઠક પરથી જ તે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા.

### ઓસ્ટ્રેલિયામાં ટીનેજરનો ચાકુથી હુમલો

**(એજન્સી)સિંડની,** ઓસ્ટ્રેલિયામાં ધીમે ધીમે કટ્ટરવાદ વધી રહ્યો છે અને કેટલાક કટ્ટરપંથી ટીનેજરો પણ હિંસક પ્રવૃત્તિમાં જોડાઈ રહ્યા છે. આવા એક હુમલામાં પોલીસે હુમલાખોર કટ્ટરપંથી છોકરાને ગોળી મારીને ઠાર માર્યો છે. હજુ સુધી આ છોકરાનું નામ કે તેની ઓળખ જાહેર કરવામાં નથી આવી. પરંતુ પોલીસે દાવો કર્યો કે તે ઓનલાઈન કટ્ટરપંથી બની ગયો હતો અને તે પોલીસની સામે હુમલો કરવા દોડ્યો ત્યારે તેને ઠાર કરવામાં આવ્યો હતો. આ ઘટના પર્થમાં એક કાર પાર્કમાં બની હતી. આ ઘટનામાં એક વ્યક્તિની પીઠ પર છરી ભોંકવામાં આવી હતી અને તેની હાલત ગંભીર ગણાવવામાં આવે છે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયન પોલીસે 'કટ્ટરપંથી' ૧૬ વર્ષીય છોકરાને ગોળી મારીને મારી નાખ્યો જેણે પર્થમાં લોકો પર હુમલો કરીને તેને ઘાયલ કર્યા હતા.

## અયોધ્યામાં મોદીએ રામલલાના કર્યા દર્શન

### રોડ શોમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા

**અયોધ્યા,** લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અયોધ્યા પહોંચી ગયા હતા. અહીં વડાપ્રધાન મોદીનો બે કિલોમીટર લાંબો રોડ શો યોજ્યો હતો. આ રોડ શો રામ જન્મભૂમિ સુગ્રીવ કિલ્લા રામ પથથી શરૂ થયો હતો. વડાપ્રધાન મોદી સાથે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યાં હતા. મોટી સંખ્યામાં ભાજપના નેતાઓ અને કાર્યકરો રોડ-શોમાં જોડાયાં હતા.

લોકસભા ચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત વડાપ્રધાન અયોધ્યા પહોંચીને ભગવાન શ્રી રામલલાના દર્શન કરી આર્શિવાદ મેળવ્યા હતા. જાન્યુઆરીમાં રામ જન્મભૂમિ મંદિરમાં ભગવાન રામ લાલાની પ્રાણપ્રતિષ્ઠા સમારોહ બાદ વડાપ્રધાન આજે પહેલીવાર અયોધ્યાની મુલાકાતે ગયા હતા. આ પહેલા આજે તેમણે ઉત્તર પ્રદેશના ઈટાવામાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, 'મોદી રહે કે ન રહે, દેશ હંમેશા રહેશે. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી શું કરી રહી છે? તેઓ તેમના ભવિષ્ય અને તેમના બાળકોના ભવિષ્ય માટે ચૂંટણી લડી રહ્યા છે.'

વડાપ્રધાન મોદી ફૈઝાબાદ લોકસભા બેઠક પરના ભાજપ ઉમેદવાર લલ્લુ સિંહના સમર્થનમાં રોડ શો કરશે. અયોધ્યામાં પાંચમા તબક્કામાં ૨૦ મેએ મતદાન થશે, જેમાં મોહનલાલગંજ, લખનૌ, રાયબરેલી, અમેઠી, જાલૌન, ઝાંસી, હમીરપુર, બાંદા, ફતેહપુર, કૌશામ્બી, બારાબંકી, કૈસરગંજ અને ગોંડામાં પણ મતદાન થશે. બસપાએ ફૈઝાબાદ બેઠક પરથી બ્રાહ્મણ ચહેરાને ટિકિટ આપી છે. માયાવતીએ ભાજપના જિલ્લા અધ્યક્ષ રહેલા અને બહુજન સમાજવાદી પાર્ટીમાં સામેલ થયેલા સચ્ચિદાનંદ પાંડેને અયોધ્યાથી ટિકિટ આપી છે, જ્યારે ભાજપે અવધેશ પ્રસાદને અને સમાજવા પાર્ટી-કોંગ્રેસ ગઠબંધને અવધેશ પ્રસાદને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.


અયોધ્યામાં રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠા બાદ પીએમ નરેન્દ્ર મોદીએ પ્રથમવાર રામલલ્લાના દર્શન કર્યા હતા.

## કાશ્મીરમાં જવાનો પર હુમલો કરનાર છ આંતકીઓ ઝડપાયા

**(એજન્સી)પૂંછ,** ભારતીય સુરક્ષા દળોએ પૂંછ આંતકી હુમલામાં રવિવારે છ લોકોની ધરપકડ કરી લીધી છે. જેમાં ભારતીય વાયુસેનાના એક જવાન શહીદ થઈ ગયા હતા. ધરપકડમાં લેવામાં આવેલા લોકોમાંથી એકની ઓળખાણ મોહમ્મદ રઝાક તરીકે થઈ છે. જેના વિશે કહેવાય છે કે, તેણે આતંકવાદીઓને ભોજન સહિતની મદદ કરી હતી. આ ઘટનાક્રમ ત્યારે થયો ત્યારે સુરક્ષાકર્મીઓના ભારતીય વાયુસેનાના કાફલા પર આતંકવાદી હુમલા બાદ મોટા પાયે સર્ચ ઓપરેશન શરુ કર્યું હતું. સુરક્ષા દળોએ નાકાબંધી કરી દીધી છે અને સમગ્ર વિસ્તારમાં ચેકિંગ ચાલી રહ્યું છે.

આ સમગ્ર વિસ્તારમાં હવાઈ દેખરેખની વચ્ચે ભારતીય વાયુસેનાએ પોતાના કોર્પોરેલ વિક્કી પહાડેની શહાદત પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. જેમણે શનિવાર સાંજે હુમલામાં લાગેલી ઈજાના કારણે શહીદ થઈ ગયા હતા. ભારતીય વાયુ સેનાના સત્તાવાર અધિકારી એક્સ હેંડલ પર એક્સ પોસ્ટમાં કહેવાયું છે કે, સીએએસ એર ચીફ માર્શલ વીઆર ચૌધરી અને ભારતીય વાયુ સેનાના તમામ કર્મી બહાદુર કાર્પોરલ વિક્કી પહાડેને સલામ કરે છે, જેમણે રાષ્ટ્રની સેવામાં પૂંછ સેક્ટરમાં સર્વોચ્ચ બલિદાન આપ્યુ છે. શોક સંતપ્ત પરિવાર પ્રત્યે અમારી ઊંડી સંવેદના છે, અમે દુખની આ ઘડીમાં આપની સાથે મજબૂતીથી ઊભા છીએ.

ભારતીય સેનાના અધિક ફોર્સ શનિવારે મોડી રાતે પૂંછમાં જર્રાવાળી ગલીમાં પહોંચ્યા હતા. પૂંછ સેક્ટરમાં સનાઈ ગામમાં ઘાત લગાવીને હુમલો કર્યા બાદ ઘાયલ જવાનોને ઉધમપુરના કમાંડ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જો કે, ઘાયલ વાયુસૈનિકોમાંથી એક શહીદ થઈ ગયા હતા. હુમલાની તરત બાદ સ્થાનિક રાષ્ટ્રીય રાઈફલ્સ એકમે ગુનેગારોને શોધવા માટે સેના અને પોલીસની મદદથી આજુબાજુના વિસ્તારનો ઘેરાવ કર્યો હતો અને સર્ચ ઓપરેશન શરુ કરી દીધું હતું.

## ભારત પર આરોપો મૂકવા કેનેડાની રાજકીય મજબૂરી : એસ. જયશંકર

**(એજન્સી)નવી દિલ્હી,** વિદેશ મંત્રી એસ. જયશંકરે દાવો કર્યો છે કે કેનેડામાં રાજકીય સ્થિતિ જ એવી છે કે તેમણે ભારત પર આરોપ મૂકવા પડે છે. ભારતના વલણને ફરી એક વખત સ્પષ્ટ કરતા જયશંકરે કહ્યું કે ખાલિસ્તાન સમર્થક આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા મામલે કેનેડામાં જે કંઈ થઈ રહ્યું છે તે તેમની આંતરિક રાજનીતિને કારણે છે. ભારતને આ હત્યાકાંડને સાથે કોઈ લેવાદેવા નથી. પત્રકારો સાથે વાત કરતા જયશંકરે કહ્યું હતું કે, 'ખાલિસ્તાન સમર્થકોનો એક વર્ગ કેનેડાની લોકશાહીનો ઉપયોગ કરીને ત્યાં લોબી બનાવી રહ્યો છે અને ત્યાં તેઓ એક વોટબેંક બની ગયા છે. કેનેડામાં સત્તાધારી પક્ષ પાસે સંસદમાં બહુમતી નથી અને કેટલાક પક્ષો ખાલિસ્તાન તરફી નેતાઓ પર નિર્ભર છે.'

આ ઉપરાંત વિદેશમંત્રીએ ઉમેર્યું હતું કે, 'અમે તેમને ઘણી વખત સમજાવ્યું છે કે એવા લોકોને વિઝા, કાયદેસરતા અથવા રાજકીય આશરો ન આપો જેઓ ભારત-કેનેડા સંબંધો માટે પણ સમસ્યા સર્જી રહ્યા છે. પરંતુ કેનેડાએ કંઈ કર્યું નથી.'

આ દરમિયાન કેનેડિયન પોલીસે ખાલિસ્તાન સમર્થક આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરના ત્રણ કથિત હત્યારાઓની તસવીરો જાહેર કરી છે. તેમના નામ કરણ બ્રાર (૨૨), કમલપ્રીત સિંહ (૨૨) અને કરણપ્રીત સિંહ (૨૮) તરીકે થઈ છે. આ ત્રણેય ભારતીય નાગરિક છે અને કેનેડાના એડમોન્ટનમાં રહે છે. તેમની સામે હત્યા અને હત્યાનું કાવતરું ઘડવાના આરોપો દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે શુક્રવારે તેની ધરપકડ કરી હતી. કેનેડામાં હત્યામાં ભારતીયોના હાથ વિશે વિદેશમંત્રીએ પોતાના નિવેદનમાં જણાવ્યું કે અમે અખબારમાં ઘણું વાંચીએ છીએ, પરંતુ કેનેડા દ્વારા અમને કોઈ પૂરાવા આપવામાં નથી આવ્યા. કેનેડા ભરપૂર પ્રચાર કરે છે પરંતુ ભારતને કોઈ પૂરાવા આપવામાં અસમર્થ છે.

જયશંકરે જણાવ્યું કે કે, 'મેં જોયું કે ત્રણ લોકોની કેનેડામાં ધરપકડ કરવામાં આવી છે. તેઓ અમુક પ્રકારની ગેંગનું બેકગ્રાઉન્ડ ધરાવતા ભારતીયો છે. પોલીસ અમને તેમના વિશે વધુ માહિતી આપે તેની અમે રાહ જોઈશું. અપવાદ છે.

## પાકિસ્તાનના નેતા રાહુલ ગાંધીના વખાણ કરે એ ચિંતાનો વિષય : રાજનાથસિંહ

**પાકિસ્તાની નેતાએ રાહુલ ગાંધીના વખાણ કર્યા બાદ રાજકારણ ગરમાયું**

**(એજન્સી)નવી દિલ્હી,** લોકસભા ચૂંટણીને લઈ પ્રચાર ચરમસીમાએ છે. આ દરમિયાન હવે પાકિસ્તાન નેતાએ રાહુલ ગાંધીના વખાણ કર્યા બાદ હવે રાજકારણ ગરમાયું છે. વાત જાણે એમ છે કે, પાકિસ્તાનના પૂર્વ મંત્રી ચૌધરી ફવાદ હુસૈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીના વખાણ કરીને તેમની મુશ્કેલીઓ વધારી દીધી છે.

વાસ્તવમાં આ વખાણ બાદ ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર સતત પ્રહારો કરી રહી છે. ભાજપ આ મુદ્દે રાહુલ ગાંધી પાસેથી જવાબ માંગી રહી છે. હવે રક્ષા મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે પણ આ મામલે એન્ટ્રી કરી છે. તેમનું કહેવું છે કે, પાકિસ્તાનના પૂર્વ મંત્રી રાહુલ ગાંધીના વખાણ કરે તે ખૂબ જ ચિંતાનો વિષય છે અને કોંગ્રેસે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ.

રાજનાથ સિંહે કહ્યું કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાસે કોઈ તાકાત નથી જ્યારે તેમની પાર્ટી ચૂંટણીના ફાયદા માટે હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિભાજન કરવાનો પ્રયાસ કરીને આગ સાથે રમી રહી છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ધાર્મિક આધાર પર તણાવ પેદા કરવાનો પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસ સામાજિક સમરસતાને ખલેલ પહોંચાડવા માંગે છે. તેઓ મુસ્લિમ સમુદાયને માત્ર વોટબેંક તરીકે જુએ છે. કોંગ્રેસને સૂચન આપતાં રાજનાથ સિંહે કહ્યું કે મારું તેમને એક સૂચન છે, માત્ર સરકાર બનાવવા માટે રાજનીતિ ન કરવી જોઈએ. રાજકારણનો ઉદ્દેશ્ય રાષ્ટ્ર નિર્માણ હોવો જોઈએ. તેમણે ફરીથી ભાજપ માટે મોટી જીતનો દાવો કર્યો.

હકીકતમાં પાકિસ્તાની નેતા અને ઈમરાન ખાન સરકારમાં મંત્રી ચૌધરી ફવાદ હુસૈન છેલ્લા એક સપ્તાહમાં બે વખત રાહુલ ગાંધીના વખાણ કરી ચૂક્યા છે. ફવાદ હુસૈને ઠ પર લખ્યું (૪ મે, ૨૦૨૪) ફવાદ હુસૈને લખ્યું કે, સમસ્યાઓ સમાન છે. રાહુલ સાહેબે તેમના છેલ્લા ભાષણમાં કહ્યું હતું કે, ૩૦ કે ૫૦ પરિવારો ભારતનો ૭૦% હિસ્સો ધરાવે છે. આ સંપત્તિ પાકિસ્તાનમાં છે જ્યાં માત્ર પાક બિઝનેસ કાઉન્સિલ નામની બિઝનેસ ક્લબ અને કેટલાક રિયલ એસ્ટેટ મેગ્નેટ પાકિસ્તાનની ૭૫% સંપત્તિ ધરાવે છે... સંપત્તિનું યોગ્ય વિતરણ મૂડીવાદનો સૌથી મોટો પડકાર છે.

## છત્તીસગઢ કોંગ્રેસના નેતા રાધિકા ખેડાએ રાજીનામું આપી દીધું

**(એજન્સી)રાયપુર,** લોકસભા ચૂંટણી વચ્ચે કોંગ્રેસને વધુ એક ઝટકો લાગ્યો છે. છત્તીસગઢ કોંગ્રેસના નેતા રાધિકા ખેડાએ રાજીનામું આપી દીધું છે. તેમણે કહ્યું કે આજે ખૂબ જ પીડા સાથે હું પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી રહી છું. આ ઉપરાંત, હું મારા પદ પરથી રાજીનામું આપી રહી છું, તેણે કહ્યું કે હા, હું એક છોકરી છું અને લડી શકું છું અને હવે પણ હું તે જ કરી રહી છું. રાધિકાએ કહ્યું કે હું મારા અને મારા દેશવાસીઓ માટે ન્યાય માટે લડતી રહીશ.

રાધિકા ખેડાએ પોતાના રાજીનામા પત્રમાં લખ્યું છે કે દરેક હિન્દુ માટે ભગવાન શ્રી રામનું જન્મસ્થળ તેની પવિત્રતા સાથે ઘણું મહત્વ ધરાવે છે. દરેક હિન્દુ માત્ર રામલલાના દર્શન કરીને પોતાનું જીવન સફળ માને છે, પરંતુ કેટલાક લોકો તેનો વિરોધ કરી રહ્યા છે.

રાધિકાએ લખ્યું કે જે પાર્ટીને મેં મારા જીવનના ૨૨ વર્ષથી વધુ સમય આપ્યા. જ્યાં તેમણે NSUI અને AICCના મીડિયા વિભાગમાં સંપૂર્ણ પ્રમાણિકતા સાથે કામ કર્યું. આજે મારે ત્યાં પણ આવા જ તીવ્ર વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે હું મારી જાતને અયોધ્યામાં રામલલાના દર્શન કરતા રોકી શકી નથી. તેણે લખ્યું કે મારા ઉમદા કાર્યનો વિરોધ એ સ્તરે પહોંચી ગયો કે છત્તીસગઢ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં મારી સાથે બનેલી ઘટનામાં મને ન્યાય ના મળ્યો. હું હંમેશા બીજાના ન્યાય માટે દરેક મંચ પરથી લડી છું, પરંતુ જ્યારે મારા પોતાના ન્યાયની વાત આવી ત્યારે મને પાર્ટીમાં હાર મળી.

## વીજળીના કડાકાભડાકા સાથે સાત દિવસ સુધી થશે વરસાદ

**હીટવેવથી મળશે રાહત, હવામાન વિભાગની આગાહી**

**(એજન્સી)નવી દિલ્હી,** ઉત્તર ભારત સહિત દેશભરમાં ચાલી રહેલી હીટવેવ વચ્ચે ખુશખબરી આવી છે. હવામાન વિભાગે આવનારા દિવસોમાં ઉત્તર પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. તેનાથી ગરમીમાં રાહત મળશે. હવામાન વિભાગે જણાવ્યું કે પૂર્વી ભારતમાં આજના દિવસ સુધી હીટવેટ જોવા મળશે પછી તેમાં ઘટાડો થશે. તો નોર્થઈસ્ટ રાજ્યોમાં સાત મે સુધી ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે.


છેલ્લા ૨૪ કલાકના હવામાન વિશે વાત કરીએ તો, ગંગાના પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, સબ હિમાલયન પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, રાયલસીમા, તેલંગાણા, આંતરિક કર્ણાટક વગેરે જેવા વિસ્તારોમાં ગરમીની લહેર સ્થિતિ નોંધવામાં આવી હતી. રાયલસીમાના નંદ્યાલ વિસ્તારમાં સૌથી વધુ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ હતું. હવામાન વિભાગ અનુસાર અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ થવાનો છે. આ સિવાય આંધી તોફાન અને વીજળીના કડાકા ભડાકાની આશંકા છે. અરૂણાચલ પ્રદેશમાં પાંચ અને છ મે, અસમ, મેઘાલયમાં સાત મે, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરામાં પાંચથી સાત મે ભારે વરસાદની સંભાવના છે.

દક્ષિણના રાજ્યોની વાત કરીએ તો તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરલ, માહે, તટીય આંધ્ર પ્રદેશ, યમન, રાયલસીમા, તેલંગણામાં આગામી પાંચ દિવસ વરસાદ થઈ શકે છે.

ઉત્તર ભારતની વાત કરીએ તો એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નવ મેએ આવી રહ્યું છે, જેના કારણે ઘણા રાજ્યોમાં હવામાન બદલાશે. જમ્મુ-કાશ્મીર લદ્દાખમાં ૫ અને ૬ મે, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડમાં પથી ૮ મે હળવો વરસાગ થશે. તો હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને પૂર્વી રાજસ્થાનમાં ૯-૧૧ મે સુધી હળવો વરસાદ થશે. તો ઉત્તર પ્રદેશમાં ૭થી ૧૧ મે સુધી પાંચ દિવસ વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આગામી પાંચ દિવસ સુધી ભારે પવન ફુંકાવાની સંભાવના છે.

H.K.TRAVELS


અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289


કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE ફક્ત 1?,999/- હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા) + ટક્સીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી) + ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE ફક્ત ?,999/- સુટ (કોટ + પેન્ટ + શર્ટ) + કોટી - કૂર્તા સેટ + પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt Raymond DIGJAM Arvind ₹ 6,199/- ONLY Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sunernagar Society, Beside Manish Hall, Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

# ભારતને વિકસિત દેશ બનાવવા માટે વસ્તીમાં સંતુલન જાળવવું જરૂરી

સમકાલીન

એક સમય એવો હતો જયારે વિશ્વના તમામ દેશો વધતી વસ્તી, સંસાધનોના બેફામ શોષણ અને ઓછા સંસાધનોને કારણે પરેશાન હતા. આજે પણ ઘણા વિકાસશીલ દેશો વધતી વસ્તી અને સંસાધનોની અછતને કારણે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ, વિકસિત દેશોમાં ઘટનો જન્મ દર આર્થિક અને સામાજીક માળખા પર પ્રતિકૂળ અસર કરી રહ્યો છે.

વર્ષ ૨૦૨૨ માટે સંયુકત રાષ્ટ્રના આંકડા અનુસાર, છેલ્લા દસ વર્ષમાં ૧૦ મિલિયનથી વધુ વસ્તી ધરાવતા આઠ દેશોની વસ્તીમાં ઘટાડો થયો છે, જેમાંથી મોટાભાગના યુરોપમાં છે. વિશ્વમાં ઉગતા સૂર્યના દેશ તરીકે જાણીતા જાપાન દેશ વસ્તીમાં ઘટાડો અને વૃદ્ધોની વધતી વસ્તીથી પરેશાન છે. આનાથી સામાજિક- આર્થિક સ્થિતિ પર અસર પડી છે. ૨૦ માર્ચ, ૨૦૨૪ ના રોજ આંતરરાષ્ટ્રીય જર્નલ ધ લેન્સેટમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, ભારતમાં છોકરીઓની ઘટતી વસ્તી દરને કારણે સામાજિક માળખાનો અસર થઈ રહી છે. જીવનશૈલીમાં બદલાવને કારણે યુવાનોએ લગ્નમાં વિલંબ કરવાનું શરૂ કર્યુ છે, જે બાળકોના ઉછેર, તેમના શિક્ષણ અને આરોગ્યને અસર કરે છે. જેના કારણે સામાજીક માહોલ ખલેલ પહોંચે છે.

આ રિપોર્ટ અનુસાર, ભારતનો પ્રજનન દર, જે ૧૯૫૦માં એટલે કે ૭૪ વર્ષ પહેલા ૬.૨ હતો તે ૨૦૨૧ સુધીમાં ઘટીને બે ટકાથી પણ ઓછો થઈ ગયો છે. અભ્યાસો અને અનુમાન મુજબ, પ્રજનન દર ૨૦૫૦ સુધીમાં ઘટીને ૧.૨૯ થઈ શકે છે અને વર્ષ ૨૧૦૦ સુધીમાં ૧.૦૪ સુધી પહોંચી શકે છે અને તે એક ખતરનાક બાબત બની રહે તેમ છે. નોંધનીય છે કે પ્રજનન દર ૨.૧ ને રિપ્લેસમેન્ટ લેવલ કહેવામાં આવે છે. એટલે કે વસ્તી આ દરે સ્થિત રહે છે અને જો આનાથી ઓછી હોય તો તે ઘટવા લાગે છે. યુવાનોની વસ્તીમાં ઘટાડો એટલે વૃદ્ધોની વસ્તીમાં વધારો. એટલે કે શ્રમબળમાં ઘટાડો. આ કોઈપણ દેશ માટે જોખમી સ્થિતિ બની શકે છે. એક-બે દાયકા પછી શ્રમબળની



અછતને કારણે ભારતને પણ સમસ્યાનો સામનો કરવો પડશે.

વિકસિત દેશોમાં પણ જન્મ-મૃત્યુ દરમાં અસંતુલન સર્જાયું છે અભ્યાસ મુજબ ૨૦30 સુધીમાં સ્પેન, દક્ષિણ કોરિયા, રશિયા, સિંગાપોર અને જર્મનીની વસ્તીમાં ઘટાડો થવા લાગશે. આ સિવાય ભારત, નેપાળ, શ્રીલંકા અને મ્યાનમારની વસ્તી વૃદ્ધિ પણ ધીમી પડી શકે છે. હાલમાં સ્થિતિ એ છે કે ઘણા વિકસિત દેશોમાં બાળકોનો જન્મ દર ખૂબ જ ઝડપથી ઘટી રહ્યો છે. સિંગાપોર અને જાપાન આમાં અગ્રણી છે. સિંગાપોરમાં બાળકોનો જન્મ દર ૦.૯૭ ટકા છે જયારે જાપાનમાં બાળકોનો જન્મ દર ૦.૬ છે. કોરિયામાં પ્રજનન દર ૦.૭૨ ટકા છે.

જો આ રીતે જોવામાં આવે તો વિકસિત અને સુખી ગણાતા દેશોમાં જન્મ દર સૌથી ઓછો છે. નોંધનીય છે કે જાપાન યુવાનોને વધુ બાળકો પેદા કરવા બદલ પુરસ્કાર આપી રહ્યું છે. આમ છતાં લગ્ન કરનાર યુવકોની સંખ્યા સતત ઘટી રહી છે. વર્ષ ૨૦૨૩માં માત્ર ચાર લાખ યુવકોના લગ્ન થયા. એ જ રીતે સિંગાપોરમાં ૨૦૨૩માં માત્ર ૨૬,૫૦૦ યુવકોએ લગ્ન કર્યા. જન્મ દરનો આ અભાવ જાપાન અને સિંગાપોરની અર્થવ્યવસ્થા પર સીધી અસર કરી રહ્યો છે.

વસ્તીની દ્રષ્ટિએ વિશ્વના સૌથી મોટા દેશ ચીનની વસ્તી આજના સ્તરથી અડધી ઘટીને વર્ષ ૨૧૦૦ સુધીમાં ૧૪૦ કરોડમાંથી ૭૭.૧ કરોડ થઈ શકે છે. પરંતુ વિશ્વના ઘણા અવિકસિત દેશોમાં વસ્તી ઘટવાને બદલે સતત વધી રહી છે. આફ્રિકન દેશો ઉપરાંત આમાં મધ્યપૂર્વના મુસ્લિમ દેશો પણ સામેલ છે તે જ સમયે, જે દેશોમાં બાળકોનો જન્મ દર ઘણો વધારે છે, તે દેશો સંસાધનોની અછતનો સામનો કરી રહ્યા છે. જેમાં પીવાના પાણી, અનાજ, દવાઓ અને રોજગારનો અભાવ સામેલ છે. ભારતમાં પાણી, અનાજ અને રોજગારની અછત જોવા મળી રહી છે, પરંતુ વૃદ્ધ લોકોની સંખ્યા વધી રહી છે. તે જ સમયે, ભારતના પાડોશી દેશો, ખાસ કરીને બાંગ્લાદેશ અને મ્યાનમારમાંથી સ્થળાંતર કરી રહેલા શરણાર્થીઓને કારણે વસ્તીની ગીચતા પણ પ્રભાવિત થઈ રહી હોવાનું મનાય છે. ભારતમાં સ્થિર વસ્તીનું લક્ષ્ય હાંસલ કરવું એ એક મોટો પડકાર છે. બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, મધ્યપ્રદેશ, ઝારખંડ અને છત્તીસગઢ જેવા ઘણા રાજયોમાં બાળકોનો જન્મ દર ઘણો ઉંચો છે. આ રાજયોમાં વસ્તીની ગીચતા અન્ય રાજયો કરતા વધારે છે. આ સાથે ભારતમાં યુવાનોની મોટી વસ્તી બેરોજગાર છે. તેથી, રોજગારની સમસ્યાને પ્રાથમિકતા તરીકે હલ કરવી જરૂરી છે જો કે સરકારોએ બેરોજગારીની સમસ્યાના નિરાકરણ માટે ઘણાં પગલાં લીધાં છે, તેમ છતાં આજે પણ કરોડો ભારતીય યુવાનો બેરોજગાર છે.

**આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, ભારતમાં છોકરીઓની ઘટતા વસ્તી દરને કારણે સામાજિક માળખાને અસર થઈ રહી છે. જીવનશૈલીમાં બદલાવને કારણે યુવાનોએ લગ્નમાં વિલંબ કરવાનું શરૂ કર્યું છે**

# ઉનાળાની સામાન્ય તકલીફોનું નિવારણ

**શરીર પરની અળાઈને વધતી અટકાવવાના ઉપાયો**

ઉનાળામાં શરીરે અળાઈ નીકળવાની સમસ્યા સામાન્ય છે. પરંતુ ઘણી વખત અજાણતા થતી ભૂલોને કારણે અળાઈઓનું પ્રમાણ વધતું જાય છે. વાસ્તવમાં ગરમીમાં ત્વચા ડિહાઈડ્રેટ થતી જાય છે, એવામાં ત્વચાને વધારાના પોષણની જરૂર પડે છે. ઘણી વખત આવી કમીને કારણે પણ અળાઈની તકલીફ સતાવે છે.

અળાઈને વધતી ટકાવવા માટે સામાન્ય ભૂલો ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

**ભારી મેકઅપ**

મેકઅપ ત્વચાને નુકસાન પહોંચાડતો હોય છે.ગરમીની ઋતુમાં મેકઅપથી ખીલ તેમજ ત્વચાને હાનિ થતી હોય છે. ઘણા લોકોને ચહેરા અને ગરદન પર અળાઈ ફુટી નીકળતી હોય છે. એવામાં ભારી મેકઅપ કરવાની ભૂલ કરવી નહીં. ત્વચા જેટલી







સરળતાથી શ્વાસ લઈ શકશે તેટલી હેલ્ધી રહેશે.

**જીન્સ પહેરવાની ભૂલ**

જીન્સ આજે એક જરૂરી પરિધાન બની ગયો છે. પરંતુ તેનું ફીટીંગ ચુસ્ત હોય છે તેમજ કપડું વધુ પડતું જાડુ હોય છે. જે શરીરમાં ગરમી ઉત્પન્ન કરી શકે છે. જેથી અળાઈ થઈ હોય તો સારી થવાની બદલે વધી શકવાની શક્યતા રહે છે. તેથી ઉનાળામાં શક્ય હોય તેટલા હળવા અને ઢીલા કપડા પહેરવા. વધુ પડતા ચુસ્ત કપડા પહેરવાથી પરસેવા વધુ પ્રમાણમાં થાય છે તેથી અળાઈ વધવાની શક્યતા રહે છે.

**સનસ્કીન લગાડ્યા વગર ઘરમાંથી નીકળવું નહીં**

ગરમીમાં ત્વચાને વધુ પ્રોટેક્શનની જરૂર પડે છે. એવામાં સનસ્કીન શરીર પર લગાડ્યા વિના બહાર નીકળવં નહીં. સૂર્યના આકરા કિરણો ત્વચાના વાનને ઘેરો બનાવતો હોય છે, પરંતુ સનસ્કીન લગાડવાથી ત્વચા સૂર્યના તડકાથી પ્રભાવિત થતી નથી. તેમજ ત્વચાનો હાઈડ્રેટ પણ રાખે છે. જેથી અળાઈની તકલીફ થતી નથી, અને વધતી અટકી જતી હોય છે.

**ફેબ્રિકની પસંદગી**

ઉનાળામાં ફેબ્રિકની પસંદગીમાં વધુ કાળજી રાખવી. ચમકીલા અને કડક કપડાં ખંજવાળનું કારણ બનતા હોય છે. ગરમીની ઋતુમાં આરામદાયક કપડા પહેરવા ઉત્તમ છે. તેમજ સુતરાઉ અને મલમલ વધુ આરામદાયક હોય છે. આ ફેબ્રિક પરસેવાને શોષી લેતો હોય છે, તેમજ શરીરને હવા પણ મળતી રહેતી હોય છે. જેથી અળાઈ થઈ હોય તો પણ ખંજવાળની તકલીફ વધુ થતી નથી.

**અળાઈ પર ખંજવાળ વારંવાર કરવી નહીં**

ચહેરા પર તેમજ શરીરના અન્ય હિસ્સા પર અળાઈ ફુટી નીકળી હોય તો ખંજવાળની તકલીફ વધી જતી હોય છે. એવામાં પ્રયાસ કરવા કે, વારંવાર ખંજવાળ કરવી ન પડે. ઘણી વખત વધુ ખંજવાળ કરવાથી અળાઈમાંથી રક્ત પણ નીકળવા લાગે છે, તેમજ તેમાં બળતરા થાય છે. તેવામાં એલોવેરા લગાડવું. રેશિસ, અળઈ જેવી ગરમીમાં થતી ત્વચાની તકલીફ પર એલોવેરા રામબાણ ઈલાજ છે. તેમજ ત્વચાને ઠંડક પ્રદાન કરીને આરામ પહોંચાડે છે.

ઉનાળામાં વાળની કાળજી માટે હુંફાળા તેલનો સમાજ કારગર નીવડે છે.

**હોટલ ઓયલ મસાજ**

દ્વિમુખી વાળ થતા હોય તો, હેર વોશ કર્યાના બીજા દિવસો હુંફાળા તેલથી વાળનો મસાજ કરવો. એક વાત યાદ રાખવી કે વાળને તેલથી મસાજ કરવાનો હોય ત્યારે માથાની ત્વચા સાફ હોવી જોઈએ.

માથામાં ખંજવાળ આવતી હોય કે ત્વચા રૂક્ષ જણાતી હોય તો હુંફાળા તેલથી મસાજ કરવાથી રાહત થાય છે. આ ઉપરાંત વાળ માટે વિવિધ હીટીંગ ટુલ્સના ઉપયોગ કરતા હોય તો અઠવાડિયામાં એક વખત હોટ ઓઈલ મસાજ જરૂર કરવો. વાળમાં હુફાળા તેલનો મસાજ કરતા હેલા એક વાત ધ્યાન રાખવી કે તૈલીય ખોડો વાળમાં ન હોવો જોઈએ. વાસ્તવમાં ઘણા લોકોની માથાની ત્વચામાં સીબમનું ઉત્પાદન અધિક થતું હોય છે. એવામાં હોટ ઓઈલ મસાજ કરવાથી અન્ય ફરિયાદો વધી જતી હોય છે. હોટ ઓઈલ મસાજ માટે કોપરેલ, ઓલિવ અને જોજોબા તેલ ઉત્તમ છે. આ ઉપરાંત આ તેલને મિક્સ કરીને પણ ઉપયોગમાં લઈ શકાય છે. વાળના પ્રકાર અનુસાર તેલનો ઉપયોગ કરવો.

**ગરમ તેલથી વાળમાં મસાજ કરવાની યોગ્ય રીત**

તેલને હુંફાળું ગરમ કરી લેવું. તેમાં લીમડો પણ નાંખી શકાય, તેલ હુંફાળું થઈ જાય પછી આંગળીઓથી વાળમાં તેલનો મસાજ કરવાનું શરૂ કરી દેવું. આંગળીઓની મદદથી ધીરે ધીરે વાળના મૂળમાં તેલથી ઘસવું જેથી બ્લડ સર્ક્યુલેશન ઉત્તમ થાય છે. મસાજ કર્યાના થોડી વાર પછી વાળને બાંધી દેવા. આ પછી ગરમ પાણીમાં ટુવાલને ડુબાડી વાળ પર આ ટુવાલ લપેટી દેવો. ગરમીમાં જાડા ટુવાલના સ્થાને પાતળો ટુવાલ ઉપયોગમાં લેવો, તેમજ વધુ પડતો ગરમ ન હોવો જોઈએ.

# ભારતમાં પ્રવાસન ક્ષેત્રના પુરતા પ્રમાણમાં વિકાસની જરૂર

**ભારત જેવી સુંદર ભૂમિમાં સમુદ્ર, પર્વતો, ખુલ્લાં હરિયાળાં મેદાનો અને ઐતિહાસિક સ્થળોનું પ્રવાસન આકર્ષણ એટલું ખુલ્લું છે કે તેને ગમે તેટલું પ્રોત્સાહન આપવામાં આવે, વિશ્વભરના પ્રવાસીઓ માટે તે ઓછું જ પડશે**



ઉચ્ચ કમાણી કરતા ક્ષેત્રોમાં દેશના પ્રવાસન ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે. આપણા દેશમાં પર્યટનના ત્રણ વિભાગોમાં ધાર્મિક પ્રવાસન મહત્ત્વપૂર્ણ છે. આ સાથે મેડિકલ ટુરિઝમ પણ છે. વિશ્વમાં તબીબી સંભાળ મોંઘી બની રહી છે અને ગંભીર સારવાર માટે પણ રાહ જોવી પડે છે. જો તમે ભારત આવો છો, તો સારવાર સસ્તી છે. આપણી વિશ્વ કક્ષાની હોસ્પિટલોમાં નિષ્ણાત તબીબો હાજર છે. છેવટે, ભારત જેવી સુંદર ભૂમિમાં સમુદ્ર, પર્વતો, ખુલ્લાં હરિયાળાં મેદાનો અને ઐતિહાસિક સ્થળોનું પ્રવાસન આકર્ષણ એટલું ખુલ્લું છે કે તેને ગમે તેટલું પ્રોત્સાહન આપવામાં આવે, વિશ્વભરના પ્રવાસીઓ માટે તે ઓછું જ પડશે.

હકીકતમાં, યુરોપના ઘણા શહેરો ઓવર ટુરિઝમ સાથે સંઘર્ષ કરી રહ્યા છે. નેધરલેન્ડે બ્રિટિશ પ્રવાસીઓ વિરુદ્ધ એક વીડિયો અભિયાન શરૂ કર્યું છે, જેનું નામ સ્ટે અવે હતું. કહ્યું કે ૧૮થી ૩૫ વર્ષની વયના બ્રિટિશ પુરુષોએ અહીં આવવું જોઈએ નહીં. એમ્સ્ટરડેમના કેન્દ્રથી ચાલતી ક્રૂઝ પ્રવાસીઓ માટે એક મોટું આકર્ષણ છે. જેના પર નિયંત્રણ કરવામાં આવી રહ્યું છે. નવી હોટલો બનાવવામાં આવી રહી નથી અને એવું કહેવામાં આવ્યું છે કે અહીં બે કરોડથી વધુ પ્રવાસીઓ ન આવે, જ્યારે કોવિડ પહેલા ૨.૫ કરોડ પ્રવાસીઓ નેધરલેન્ડ આવતા હતા.

ઈટાલીનું વેનિસ શહેર પણ પ્રવાસીઓનું પ્રિય સ્થળ છે. અહીં શહેરના પ્રખ્યાત રસ્તાઓ પર ફરવા માટે પાંચ યુરો સુધીની ફી લાદવામાં આવી છે. તહેવારો હોય તો પણ ફી ભરવાની રહેશે. હા, જેઓ વેનિસમાં કોઈ કામ માટે અથવા પોતાના સંબંધીઓને મળવા આવ્યા છે તેમની પાસેથી ફી લેવામાં આવશે નહીં.

બીજી તરફ ગ્રીસ અને ફિલિપાઈન્સ પણ દેશમાં ઓવર ટુરિઝમથી પરેશાન છે. વર્ષ ૨૦૨૩ના પ્રથમ પાંચ મહિના દરમિયાન શહેરમાં ૪૬ ટકા વધુ પ્રવાસીઓ આવ્યા હતા. ક્રોએશિયામાં પણ આવું બન્યું હતું. ગ્રીસે પણ એથેન્સમાં ૨૦ હજાર પ્રવાસીઓની મર્યાદા લાદી છે. ગયા વર્ષ ૮ મિલિયન પ્રવાસીઓએ પેરિસની મુલાકાત લીધી હતી. તેઓ વિશ્વ વિખ્યાત માસ્ટરપીસ મોનાલિસાની એક ઝલક મેળવવા માટે ધમાલ કરવા લાગ્યા. ત્યાં પણ આ મર્યાદા ૩૦ હજાર પ્રવાસીઓ સુધી સીમિત કરી દેવામાં આવી છે.

તાજેતરમાં, ભારતમાં મોદી સરકારે જાહેરાત કરી છે કે દેશની આયાત આધારિત અર્થવ્યવસ્થાને નિકાસ આધારિત અર્થતંત્રમાં રૂપાંતરિત કરવામાં આવશે. આંકડા દર્શાવે છે કે દેશ ૮૫ ટકા પેટ્રોલિયમ અને ડીઝલની આયાત કરે છે અને આપણા ફાર્મા ઉદ્યોગ માટેનો મોટાભાગનો કાચો માલ ચીનમાંથી આવે છે. આવા દેશમાં કથળતી અર્થવ્યવસ્થાને સંભાળવાનો એકમાત્ર રસ્તો એ છે કે તે દેશમાં વધુ પ્રવાસીઓને આકર્ષવામાં આવે.

પરંતુ બીજી તસવીર પણમ છે. જ્યારે પ્રવાસીઓ હિમાચલ અને ઉત્તરાખંડ તરફ જવા લાગ્યા ત્યારે આપણે ત્યાં પ્રકૃતિના પ્રકોપને કાબૂમાં ન રાખી શક્યા. કુલ્લુમાં વાદળ ફાટ્યું છે, ભૂસ્ખલનને કારણે શિમલાનો હાઈવે ઘણા દિવસોથી બંધ છે. આજકાલ રસ્તાઓને ચાર માર્ગીય બનાવવાના ઉત્સાહમાં કુલ્લુ-મંડી રોડ બે દિવસમાં એકવાર ખુલે છે. એકવાર આવવું, એકવાર જવું, પવિત્ર માતાના દર્શન કરવા માટે ભારે આકર્ષણ ધરાવે છે. વિશ્વ વિખ્યાત ડોક્ટરો આમાં કામ કરે છે અને આ સારવાર આર્થિક પણ છે. પરંતુ વહીવટીતંત્ર જ આ જગ્યાઓ અંગે જાગૃતિ ફેલાવશે. જો ભારત અને વિદેશથી આવતા પ્રવાસીઓની સુવિધાને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવે તો ચોક્કસપણે દેશમાં આવી પર્યટન સંસ્કૃતિ ખીલશે જે આપણે બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપ અને અન્ય પશ્ચિમી દેશોમાં જોઈ હતી.

પછી અસ્તિત્વવાદના પ્રભાવને લીધે, એક બોહેમિયન સંસ્કૃતિનો જન્મ થયો. યુવાનો આધ્યાત્મિક શાંતિની શોધમાં આવા દેશોમાં આવી રહ્યા હતા, જેમાં ભારત, જાપાન અને કેટલાક અન્ય એશિયન દેશો મુખ્ય હતા. સવાલ એ થાય છે કે શું આપણે ભારતમાં આ પ્રવાસીઓ માટે તમામ સુવિધાઓ પૂરી પાડી છે ? રસ્તાઓ અધૂરા છે અને પ્રવાસન સ્થળોએ બનાવેલા આશ્રયસ્થાનોમાં રહેવાની યોગ્ય સગવડ નથી. હવે પહાડી વિસ્તારોમાં ઘરે રહેવાની નવી પરંપરા રચાઈ છે. વાસ્તવમાં, પ્રવાસન માટે પણ ભટકવાની વૃત્તિ હોવી જોઈએ. વિચરતી સંસ્કૃતિ પણ હોવી જોઈએ. અમે દેશમાં તેનો વિકાસ કરી શક્યા નથી. દૂરંદેશી રાખવાની અને પ્રવાસીઓને છેતરવાની માનસિકતાને બાજુ પર રાખવાની જરૂર છે. ભારતના પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓ માટે પ્રમાણિકતા, વિશ્વસનીયતા અને સગવડતાનું વાતાવરણ જેટલું ઊભું થશે તેટલા વધુ પ્રવાસીઓ આવશે.

# જૂઠે કા મૂંહ કાલા !

એક જૂઠ ૧૦૦ જૂઠ (ખોટું) બોલાવે તેવું તો સાંભળ્યું હશે પરંતુ એક અભ્યાસમાં સામે આવ્યું છે કે વ્યક્તિ રોજ સરેરાશ ૪ જૂઠ બોલે છે, ક્યારેક આંક ૬ પણ હોઈ શકે ! જ્યારે કોઈ તમારા ભરપૂર વખાણ કરે, ચાપલૂસી કરે અને તે સમયે જો આંખમાં આંખ ન મિલાવે કે નર્વસ દેખાય, બનાવટી હાસ્ય વેરે તો સમજી જવું કે મામુ બનાવે છે.. દશેરાનું મહાપર્વ નજીક છે. અસત્ય પર સત્યના વિજયની દર વર્ષે ઉજવણી કરવાની પરંપરા છે. સત્યનો હંમેશા વિજય થાય છે તેમ છતાં વર્તમાન સમયમાં અસત્ય-જૂઠનું મહત્ત્વ વધ્યું છે.

કોઈ પણ જૂઠને પકડવાનો સોથી સરળ રસ્તો વ્યક્તિની બોડી લેંગ્વેજ છે જેના પર ધ્યાન આપવાથી વ્યક્તિ સાચું બોલે છે કે ખોટું તે જાણી શકાય. લોકો ખોટું શા માટે બોલે છે? તે કોયડો ઉકેલવા વૈજ્ઞાનિકો આમ તો દાયકાઓથી પ્રયાસ કરે છે પરંતુ ઠોસ તારણ મળ્યું નથી. યુગ કોઈ પણ હોય અસત્ય પર સત્યનો હંમેશા વિજય થાય છે પરંતુ વર્તમાન સમયમાં અસત્યનું પ્રમાણ કેટલી હદે વધી ગયું છે તે અભ્યાસથી સામે આવ્યું છે. વ્યક્તિ ઈચ્છે તો પણ જૂઠ બોલવાનું ટાળી શકતો નથી. વ્યસન વિના ચાલે નહીં, તેમ અસત્યની લત લાગી હોય છે. અગંત સ્વાર્થ સાધવા વ્યક્તિ અસત્યને મહત્વ આપતો હોય છે. કોઈ એમ કહે કે તે ક્યારેય ખોટું બોલતો નથી, તો સઘન વિચાર કરવા યોગ્ય વિષય છે. બોલીવૂડમાં તો જૂઠ બોલે કૌવા કાટે...ગીત બની ચૂકયું છે જે ખૂબ લોકપ્રિય થયું હતું.

સરેરાશ વ્યક્તિ દિવસમાં કેટલી વાર ખોટું બોલી શકે તે અંગે ૨૦૦૦ વયસ્કને આવરીને અમેરિકમાં એક અનોખો અભ્યાસ હાથ ધરાયો હતો. સરેરાશ વ્યક્તિ રોજ કોઈને કોઈ બાબત ખોટુ બોલે છે, કારણ કે અનેક હોઈ શકે પરંતુ થોડું નિરીક્ષણ કરી સાચા-ખોટાની ખરાઈ કરવી મુશ્કેલ નથી. વ્યક્તિના હાવભાવ, હાથોની મૂવમેન્ટ, આંખો સત્ય ઉજાગરા કરી દે છે. વ્યક્તિનો ચહેરો મહદ્અંશે તેના વ્યક્તિત્વનો અરિસો હોય છે. ખોટું બોલવું સામાન્ય રીતે સરળ લાગે પરંતુ સામેવાળી વ્યક્તિ જો હાવભાવને ઓળખી કાઢે તો તેના જૂઠાણાને પકડવામાં વાર લાગતી નથી. ઘણી વખત આપણે કુદરતી રીતે જ સમજી જઈએ છીએ કે સામેવાળી વ્યક્તિ કોઈ મુદ્દે સત્ય બોલે છે કે ગોળા ફેંકે છે?

અભ્યાસમાં સામેલ ૨૦૦૦ લોકોમાં મોટાભાગનાએ સ્વીકાર્યું કે તેઓ રોજ સરેરાશ ૪ વખત ખોટું બોલે છે, સાથે કહ્યું કે તેઓ અનુભવે છે કે કોઈ તેમની સાથે રોજ ૬ વખત ખોટું બોલે છે. હોલીવૂડ સ્ટાર જોની ડેપ અને તેની અભિનેત્રી પત્ની એમ્બર હર્ડ વચ્ચે જ્યારે માનહાનીનો કેસ ચાલી રહ્યો હતો ત્યારે વિદેશી મીડિયામાં કોણ સાચું અને કોણ ખોટું? તેના પર બન્નેના હાવભાવ-બોડી લેંગ્વેજને લગતી રસપ્રદ વિગતો ટાંકવામાં આવી હતી. જેમાં જોની ડેપ આત્મ વિશ્વાસથી ભરપૂર હાવભાવ સાથે સાચો હોવાનું અને એમ્બરના કૃત્રિમ દયામણા, ભોળા-માસૂમ અને ઉદાસ ચહેરાની હાવભાવથી ચુકાદા પહેલા જ અર્થઘટન કાઢી લેવામાં આવ્યું હતું કે તે જૂઠી છે! અંતે ચુકાદો જોની ડેપની તરફેણમાં આવ્યો હતો. અન્ય એક બનાવ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનનો છે. ૧૯૯૮માં તેમણે રાષ્ટ્રને નામ સંબોધન વખતે વ્હાઈટ હાઉસની ઈન્ટર્ન મોનિકા લેવિન્સકી સાથે સુંવાળા સંબંધો હોવાનો ઈનકાર કર્યો હતો. ૬ મહિના બાદ તેમણે જાહેર સ્વીકાર કર્યો હતો કે મોનિકા સાથે તેને શારીરિક સંબંધો હતા જે યોગ્ય ન હતા. દેશની જનતા સમક્ષ તેઓ ખોટું બોલ્યા હતા. તેમણે એકરાર કર્યો હતો કે જનતા વચ્ચે ક્ષોભ અને ફજેતાથી બચવા તેમણે જૂઠનો સહારો લીધો હતો. અભ્યાસ ભલે અમેરિકા જેવા આધુનિક દેશમાં થયો હોય પરંતુ તેનાથી પ્રવર્તમાન વાસ્તવિકતા સામે આવી છે.

પોકર ફેસના લેખક અને બોડી લેંગ્વેજ એક્સપર્ટ જૂડી જેમ્સ કહે છે કે, બોડી લેંગ્વેજ એ કોઈ નક્કર વિજ્ઞાન નથી કે તેનાથી સત્ય-અસત્યને ઓળખી શકાય પરંતુ તેની ઓળખ માટે સંકેત જરૂર આપે છે. આપણે ત્યાં સામાન્ય રીતે જોવા મળે છે કે કોઈ વ્યક્તિ જૂઠને ભારપૂર્વક અને વારંવાર કહે તો લોકો તેને સત્ય માની લે છે અને સત્યને જો યોગ્ય રીતે કહેવાયું ન હોય તો ભરોસો કરવામાં આવતો નથી. હકીકત સામે આવે ત્યારે મોડું થઈ ચૂકયું હોય છે અને કેટલાક સંજોગોમાં ક્યારેય સત્ય સામે આવી શકતું નથી. જેની પાછળ કારણ જૂઠ કહેનાર નહીં પરંતુ સાંભળનાર વધુ જવાબદાર હોય છે દૂધનું દૂધ અને પાણીનું પાણી... થઈ શકે, જૂઠ પકડવાના અનેક રસ્તા હોય છે પરંતુ તે માટે સત્ય જાણવાની દાનત પણ હોવી જોઈએ.

મનોવિજ્ઞાનીઓ અનુસાર, ખોટું બોલવાનું કૃત્ય એક માનસિક સ્થિતિ છે જે વ્યક્તિને ખોટું બોલવા પ્રેરે છે. સંશોધકો એ બાબત જાણવા મથી રહ્યા છે કે એવા કયાં પરિબળો હોય છે જે વ્યક્તિને ખોટું બોલવા પ્રેરે છે ? બાળકો ખોટું બોલતાં હોય છે પરંતુ તેની પાછળ તેમનો નિર્દોશ ભાવ હોય છે. સમાજમાં એવા ઘણાં લોકો મળી રહે જેમને કાયમ ખોટું બોલવાની કૂ-ટેવ હોય. ખોટું બોલીને કોઈને મામૂ બનાવવામાં તેમને અનેરો આનંદ આવતો હોય છે. પોતાના અંગત સ્વાર્થ માટે ખોટું બોલવાથી ફાયદો થયા બાદ વ્યક્તિ બીજીવાર વધુ મજબૂત રીતે ખોટું બોલે છે પરંતુ અંતે ખોટું છે પરંતુ અંતે ખોટું એ ખોટું છે આજે નહીં તો કાલે સામે આવશે જ!

**બનાવટઃ વ્યક્તિ રોજ સરેરાશ ૪-૬ વખત ખોટું બોલે છેઃ બોડી લેંગ્વેજ વ્યક્તિના જૂઠનો ભાંડો ફોડી શકે, સત્યનો હંમેશા વિજય છતાં અસત્યનું મહત્ત્વ, વ્યક્તિ ખોટું બોલવા કેમ પ્રેરાય છે ?:રસપ્રદ અભ્યાસ**






# કૃષિ જીવન

## આવકના અભાવે હળદરમાં તેજીવાળા સક્રિય : પાક ઓછો આવશે

### ગત વર્ષના ૮૦થી ૮૫ લાખ બોરીના ઉત્પાદન સામે આ વખતે માંડ ૫૦થી ૫૫ લાખ બોરી હળદરનું ઉત્પાદન થવાની ધારણા

કોમોડિટીના કારોબારમાં જ્યારે ભર સીઝને તેજી થાય ત્યારે સમજવું કે બજાર મધદરિયે તોફાનમાં ફસાયેલા વ્હાણ જેવી છે. છેલ્લા એક દાયરામાં ગુવાર, સોયાબિન, સરસવ, ચણા અને બાકી હોય તો જીરા તથા એરંડામાં પણ આ ઘટનાક્રમ જોઈ ચૂકયા છીએ. હળદરમાં આવું કદાચ આ વર્ષે બીજીવાર જોવા મળે તો નવાઈ નહીં. આમ તો આ સમય હળદરની આવકોની ભરપૂર સિઝન ગણાતી હોય છે. ગુજરાતમાં તો આ સમયમાં બાર માસ માટે હળદરની આવકોની ભરપૂર સિઝન ગણાતી હોય છે. ગુજરાતમાં તો આ સમયમાં બાર માસ માટે હળદર ભરવાની સદીઓ જૂની પરંપરા છે. પરંતુ છેલ્લા બે સપ્તાહમાં મથકોએ હળદરના ક્વિન્ટલ દીઠ ભાવમાં ૪૦૦૦ રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો છે. ૧૨મી એપ્રિલ-૨૪ના રોજ હળદરના ક્વિન્ટલ દીઠ ભાવ ૧૬૦૦૦ રૂપિયા હતા જે એક સમયે વધીને ૨૦૦૦૦ રૂપિયાની સપાટી વટાવી આવ્યા છે. મતલબ કે બે સપ્તાહના મૂડીરોકાણમાં સટ્ટાવાળાને ૨૫ ટકાનું ઉંચું વળતર મળ્યું છે. સ્વાભાવિક રીતે જ આવી તેજી વેપારીઓને વાયદામાં વેપાર કરવા લલચાવતી હોય છે. બેશક ઘણીવાર આના ઉલટા પરિણામો પણ ભોગવવા પડતા હોય છે.

હાજર બજારની વાત કરીએ તો ફેબ્રુઆરી-૨૪ના અંતિમ સપ્તાહથી મંડીઓમાં નવી હળદરની આવકો શરૂ થઈ ત્યારે શરૂઆતમાં ભાવ થોડા દબાયા પણ હતા પરંતુ ઘટાડાને લાંબા સમયનો સપોર્ટ મળતો નથી. એક આંચકા બાદ ફરી બજાર નવા જોશથી ઉપડે છે. મતલબ કે આવકોનો બોજ પણ આ બજારને કંટ્રોલમાં રાખી શકતો નથી. એક તો આ વખતે ભારતમાં હળદરના ઉત્પાદનમાં મોટી પોલ રહેવાના અહેવાલ છે.

ગત વર્ષના ૮૦થી ૮૫ લાખ બોરીના ઉત્પાદન સામે આ વખતે માંડ ૫૦થી ૫૫ લાખ બોરી હળદરનું ઉત્પાદન થવાની ધારણા મથકોએ બેઠેલા તેજીવાળા વેપારીઓ મૂકી રહ્યા છે. આંકડા જોઈએ તો આ વખતે એપ્રિલ-૨૪માં દેશભરની મંડીઓમાં ૧૯૦૦૦ ટન હળદરની આવકો નોંધાઈ છે જે એપ્રિલ-૨૩માં ૫૪૦૦૦ ટનની નોંધાઈ હતી. બજારને મળતા પુરવઠામાં જ્યારે ૭૦ ટકાનો ઘટાડો થાય તયારે ભાવ ઉંચકાય તે સ્વાભાવિક છે. બાકી હોય તો વાયદાવાળા આગામી દિવસોમાં ભાવ વધવાના સંકેત આપે છે તેથી ખેડૂતો પણ હવે માલ દબાવી રાખવા લલચાય છે. જો કે ખેડૂતોએ એક નિર્ણય કરીને પોતાને કેટલા ભાવ જોઈએ તે નક્કી કરી લેવું જોઈએ અને જ્યારે તેમની આશા પ્રમાણેના ભાવ થાય ત્યારે આંખ બંધ કરીને માલ વેચી દેવો જોઈએ. જીરાનો દાખલો સૌની નજર સામે છે. ગત વર્ષે ૭૦૦૦૦ રૂપિયા જોનારા ખેડૂતોને આ વખતે ૨૩૦૦૦ રૂપિયામાં જીરું વેચવા હવાતિયા મારવા પડે છે.

આ વખતે જૂની હળદરનો સ્ટોક પણ ખાલી થઈ ચૂકયો છે. તેથી હળદરના સોદાની પતાવટ અને ડિલિવરીનો સમય આવે ત્યારે બજારમાં માલ મળતો નથી તથી અચાનક તેજીના ઉભરા જોવા મળે છે. આ વખતે ઈરોડ, દુગ્ગીરાળા, કડપ્પા, સાંગલી કે નિઝામ કોઈ સેન્ટર એવા નથી જ્યાં આ વખતે આવકોના બોજના કારણે લાંબો સમય દલાલોની લેવાલી ન દેખાઈ હોય. કદાચ આજ કારણ છે કે, હવે બજાર ઘટે ત્યારે હાજર અને વાયદા બન્નેમાં મોટી લેવાલી નીકળે છે. છેલ્લા એક વર્ષના નીચલા ભાવ અને ટોચ ભાવ વચ્ચેનો તફાવત એવું કહે છે કે, વર્ષમાં હળદરના ભાવમાં ૮૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. ઓફિસમાં બેસીને કાઉન્ટર ઉપર સોદા કરનારા રોકાણકારોને આનાથી વધારે શું જોઈએ ? વિતેલા દિવસોમાં ઘણા સ્થળોએ થયેલા માવઠાના કારણે હળદરમાં ભેજનું પણ પ્રમાણ હોવાથી થોડો સમય આવકોમાં મોટો ઘટાડો થઈ શકે છે. જે ફરી બજારની તેજીમાં હવા ભરવાનું કારણ બની શકે છે.

ભારતે વર્ષ ૨૦૨૩માં ૨.૨૪ લાખ ટન હળદરની નિકાસ કરી છે જે વર્ષ ૨૦૨૨ની તુલનાએ આશરે ૬.૭૦ ટકા જેટલી વધારે છે. જો કે, નવા વર્ષમાં જાન્યુઆરી-૨૪ અને ફેબ્રુઆરી ૨૪માં હળદરની નિકાસના સોદા ઘટયા હોવાનું વ્યવસાયિક વર્તુળો જણાવે છે. જેની અસર આગામી દિવસોમાં બજાર ઉપર જોવા મળશે.

## બિયારણ બાબતે ખેડૂતોએ કેવી કાળજી લેવી ?

સારકું બિયારણ કોને કહેવું ?

ખેડૂત ભાઈ-બહેનો ! 'દાણા' અને 'બીજ'માં ફેર છે. બીજમાં જીવતતા હોવી જરૂરી છે. બીજની શુદ્ધતાની પરીક્ષામાં બે પ્રકારની કસોટીએ ચડાવીને કરવામાં આવે છે.


૧ જાતીય આનુવંશિક શુદ્ધતા : બીજમાં બહારથી ન દેખાય પણ તેના બંધારણમાં ઉતરી ગયેલા તેના દેહમાં વણાઈ ગયેલા જે ગુણો માટે તેની પાસેથી અપેક્ષાઓ રખાયેલી છે તે ગુણો બાબતમાં તેની પારંગતતા કેટલી છે તેના ઉપર તેની ગુણવત્તા નક્કી કથતી હોય છે. દા.ત. એની સ્ફૂરણ શક્તિ આપણે ગણીએ. ૧૦૦ બીજ વાવીએ અને તેમાંથી ૯૦ ઉગે તો ઉત્તમ નહીં તો ૮૦ તો ઉગવા જ જોઈએ ને !

એવું જ તેમાં પસંદ કરવામાં આવેલા વધુ ઉત્પાદનને લાગતા ગુણો તેનામાં ન હોય તો તેવું બીજ આપણે શા ખપનું ? જે વિસ્તાર માટે પસંદ કરાયું હોય તેના પર્યાવરણને અનુકૂળ થવાની બીજની ક્ષમતા કેટલી છે અને રોગ-જીવાતનો સામનો કરવાની ત્રેવડ કેટલી છે તે પણ બીજની જાતીય શુદ્ધતાની કસોટીમાં જ ગણાય.

૨. ભૌતિક શુદ્ધતા : બીજ દેખાવે સારું, દાણે એક સમાન, ચળકાટવાળું અને ભેજ રહિત, માટી કે રેતી અને ભાંગેલા દાણા તથા અન્ય કચરા રહિત, કોઈ પણ જાતના નિંદામણના બીજ સાથે ન ભળેલ હોય તેવું જોઈએ.

બિયારણની ખરીદીમાં શું ખ્યાલ રાખવો પડે ?

૧. બિયારણ હંમેશા વિશ્વાસુ એજન્સીઓ પાસેથી જ ખરીદીએ. ૨. ખરીદવા જતાં પહેલાં કઈ જાતનું અને કેટલા બિયારણની આપણે જરૂરિયાત છે ? તેની બરાબર ગણતરી વાવેતર વિસ્તાર મુજબ અને આયોજન કરીને પછી જ એગ્રોના પગથિયા ચડીએ. ૩. બજારમાં તો ઘણુંયે મળતું હોય છે પણ આપણી જમીન, પાણી, પર્યાવરણ, જરૂરિયાત અને ખિસ્સાની પહોંચને લક્ષમાં રાખીને જ બીજ ખરીદવાનો આગ્રહ રાખીએ જે આપણી રીતે શ્રેષ્ઠ પૂરવાર થયું હોય તે જ બીજ ખરીદીએ. ૪. છટ્ટું બીજ કયારેય ન ખરીદીએ પેક, સીલ-લેબલવાળી અને સર્ટીફાઈડ થયેલ થેલીબંધ બીજ જ ખરીદવાનો આગ્રહ રાખીએ. ૫. થેલી પરના



શુદ્ધતાના લેબલ પર જે આંક હોય તે વાંચી જોઈએ અને જો જૂનું, આઉટ ઓફ ડેટ થયેલું બીજ હોય તો ન ખરીદ કરીએ. આવું બીજ ખરીદી, પછી ભાગ્યને દોષ દેવો એના કરતાં ખેતર પડતર પડયું રહેવા દેવું સારું !

આપણે શું ખરીદવા જઈએ છીએ તેનો બરાબર મક્કમતાથી નિર્ણય નહીં કર્યો હોય તો બીજના વેપારીઓ તેમણે ધારેલું જે વેચવાની ગણતરી રાખેલી હોય તે જ બીજ આપણને પધરાવી દેવામાં સફળ થશે ! માટે લેવા ગયા હોઈએ એક અને બીજું જ લઈને દુકાના પગથિયા ઉતરીએ એવું ન બને તેવું ખાસ જોવું જોઈએ.

વવાયેલ બીજ પૂરેપૂરું અને સરખી રીતે ઉગી જાય, એ માટે વાવણી વખતે શું ધ્યાન રાખવું પડે ?

૧. જમીનના ચાસમાં બીજ પડી જાય પછીથી તે ભીની માટીથી ઢંકાઈ જાય તેના પર માપસરના દળે જ માટી પડે અને સહેજ દબાણ પણ મળી જાય તે જલ્દી ઉગાવો લેવા પામે તે માટે બીજ વાવી રહેલાં દાંતાની પાછળ માત્ર માટી પૂરવા વાંકિયા નહીં બાંધતા-કંતાનની થેલીમાં થોડી માટી ભરીને અગર બોરડીના તીરખા પર થોડી ભીની માટસ દાબીને ચાસની ઉપર દબાણ આવે તેવું ગોઠવવું જોઈએ. ૨. જો વરસાદ વરસી ગયા પછી ત્રણ-ચાર દિવસ સુધી વાવણી-જોગ વરાપ ન થઈ હોય તો પછી મોડી વાવણી કરવાની થાય તો જમીન પર નિંદામણનો ઘણો ઉગાવો ઊગી ગયો છે. તેને પાડવા વાવણિયા પાછળ રાંપ ચલાવી દેવી જોઈએ.

ટ્રેકચરથી વાવણી કરવામાં દાંતાની પાછળ જ રાંપ ગોઠવી શકાતી હોય છે પણ આમ કરવાથી વવાએલ જમીન બધી પોચી બની જાય છે. પછીથી તેને હળવી રીતે દબાવી દેવા આડ સાચે કાંટાનો સમાર ચલાવી દેવો. ટ્રેકટરથી વાવણી કરવા માટે વધારે સારી વરાપ થવા દેવી પડે છે નહીં તો ટ્રેકટરના વજનથી જમીન ખૂબ જ દબાઈ-ટોરાઈ જવાનો ભય છે.

૩... તલ-બાજરી જેવાબારી બીજવાળા પાકોના સાચ વવાયા પછી તે વધુ પડતાં ઉંડા ન રહી જવા પામે તે ખાસ જોવું નહીં તો કયારેક વાવ્યા પછી ઉપર મોટો વરસાદ વરસી જતાં એવા ઉંડા સાચમાં માટી વધુજમા થઈ જાય અને તે માટી સૂકાઈ જાડો અને કઠ્ઠણા પોપડો બની જાય તો નાના બીજ ઉગી શકશે નહીં.

ખેડૂતો બીજ ઘાટું શું કામ વાવતા હોય છે ?

મિત્રો ! જો વાવીએ એટલું બધું જ બીજ બરાબર ઉગી નીકળતું હોય તો કોઈ ખેડૂતનો દિકરો વધારે બિયારણ વાવે જ નહીં કયારેક બીજ સહેજ ઉંડું વવાઈ જાય કે વધુ ઉપરછલ્લું વવાઈ જાય તો પણ ધાર્યો ઉગાવો લે નહીં. વળી વાવ્યા ઉપર જોરદાર રીતે વરસાદ વરસી જાય તો બીજ ઉપરવધુ માટી રેળાઈ જવાથી બીજ દબાઈ જાય, કે હમણાં વરસાદ આવી જશે અને ઉડું વવાણું હશે તો ઉગી શકશે નહીં એવી બીકમાં સાવ ઉપરછલ્લુ વાવ્યું હોય અને બે-ત્રણ દિવસ વરસાદ તો આવવાનું નામ જ ના લ્યે તો પણ બીજ ધાર્યો ઉગાવે લે નહીં ! તેમાં જો ખાલા રહી જવા પામે તો પછી કોઈ વાતે તેનો મેળ ઉતરે નહીં એવી ગણતરી કરી ઈરાદાપૂર્વક જ કેટલાક ખાસ કરીને તલ, મગ, બાજરી જેવા પાકોના બીજ થોડા વધુ પ્રમાણમાં વાવવા હિતાવહ લાગ્યા છે.

## કલાયમેટ ચેન્જ : કૃષિ આધારિત ભારતના અર્થતંત્ર સામે નવો ચિંતાજનક પડકાર

### કૃષિ પાકોમાં વૈવિધ્યકરણ થકી કૃષિ ઉપાદનને ટકાવી રાખવા પર ભાર



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના વર્તમાન વર્ષના એપ્રિલના બુલેટિનમાં ઉંચા તાપમાનની સ્થિતિને કારણે ફુગાવા સામે જોખમ તોળાઈ રહ્યાની ચિંતા વ્યક્ત કરી છે. તાપમાનની કૃષિ ક્ષેત્ર પર સૂચિત અસરને કારણે ખાધાખોરાકીના ભાવમાં અનિશ્ચિતતા ફુગાવા પર દબાણ ચાલુ રાખશે તેવી ગણતરીને આધારે આ મત આવી પડયો હોવાનું માનવામાં આવે છે. વર્તમાન વર્ષનું ચોમાસુ બે દાયકાનું સારું ચોમાસુ રહેવાનો પણ વરતારો આવી પડયો છે. જો કે, વધુ પડતા વરસાદની સ્થિતિ કૃષિ જણસો સામે જોખમી બની શકે છે. એ હકીકત નકારી શકાય એમ નથી. વર્તમાન વર્ષમાં દેશમાં એક તરફ ઉંચા તાપમાન તથા બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની સ્થિતિએ કલાયમેટ ચેન્જની પ્રતિકૂળ અસરોના સંકેત આપી દીધા છે. કલાયમેટ ચેનજને લગતી આફતોને કારણે વર્તમાન સદીના અત્યાર સુધીના ગાળામાં ભારતને ૧૨૦ અબજ ડોલરની નુકસાની ભોગવવી પડી હોવાનો અંદાજ છે.

ભારતનું અર્થતંત્ર કૃષિ આધારિત હોવાથી કલાયમેટ ચેન્જની કૃષિ ક્ષેત્ર પર કોઈપણ પ્રતિકૂળ અસર દેશના અર્થતંત્ર સામે જોખમી બની શકે છે. કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આવક વધારવાનો વ્યુહ આ અગાઉ અનેક વેળા નિષફળ રહ્યો છે ત્યારે કલાયમેટ ચેન્જે ભારતના નીતિવિષયકો સામે નવો પડકાર ઊભો કર્યો છે. કલાયમેટ ચેન્જની સૌથી વધુ અસર દેશના કૃષિ ક્ષેત્ર પર પડવાની શકયતા નકારતી નથી ત્યારે આર્થિક વિકાસ દર (જીડીપી)માં મહત્ત્વનું યોગદાન ધરાવતા કૃષિ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાનો સમય પાકી ગયો છે. દેશમાં પચાસ ટકા લોકોનું જીવનનિર્વાહ કૃષિ ક્ષેત્ર પર આધારિત છે. ૧૯૪૭માં દેશ આઝાદ થયા બાદ જીડીપીમાં કૃષિ ક્ષેત્રનો હિસ્સો ઘટી રહ્યો છે તેમ છતાં કોરોના કાળમાં દેશના અર્થતંત્રને ટકાવી રાખવામાં કૃષિ ક્ષેત્રની કામગીરી મુખ્ય રહી હતી.

વાવેતર ખર્ચમાં વધારા, નબળી ધિરાણ વ્યવસ્થા, ખેડૂતોના દેવાબોજમાં વધારો, અપૂરતા બજાર જોડાણો સ્વતંત્રતાના ૭૭ વર્ષ બાદ પણ કૃષિ ક્ષેત્ર માટે પડકારરૂપ રહેલા છે. કલાયમેટ ચેન્જને કારણે કૃષિ ક્ષેત્રની સ્થિતિ વધુ વણસવાની ચિંતા રહેલી છે ત્યારે કૃષિ પાકોના થતાં બાગાડને અટકાવવા માટે ગ્રામ્ય માળખા, સંસ્થાકીય ધિરાણ, સારા કાચા માલ, રિસર્ચ તથા કૃષિ પાકોમાં વૈવિધ્યકરણ થકી કૃષિ ઉત્પાદનને ટકાવી રાખવા અથવા તેમાં વધારો કરવાની આવશ્યકતા પર કૃષિ નિષ્ણાંતો ભાર આપી રહ્યા છે. નિષ્ણાંતોની વાત માનીએ તો બદલાતા વાતાવરણને વચ્ચે કૃષિ તથા સંલગ્ન ક્ષેત્રમાં ટકી રહેવું હશે તો રિસર્ચ એને ડેવલપમેન્ટ (આર એન્ડ ડી)ના બજેટમાં વધારો કરવાનો રહેશે. આર એન્ડ ડીના બજેટમાં વધારો કરવાનો રહેશે. આર એન્ડ ડી મારફત કૃષિ ક્ષેત્રમાં પ્રોડકટિવિટી ઉપરાંત સ્પર્ધાતમકતા વધારવામાં મદદ મળે છે. હાલમાં કૃષિ ક્ષેત્ર પાછળ કેન્દ્ર તથા રાજ્યોનો કુલ આર એન્ડ ડી ખર્ચ કૃષિ જીડીપીના એક ટકા જેટલા જ હોવાનું એક અભ્યાસમાં તાજેતરમાં જણાયું હતું. કેન્દ્ર તથા રાજ્યોના બજેટમાં કૃષિ ક્ષેત્ર માટે આર એન્ડ ડી પેટે ખર્ચ ફાળવણી કૃષિ જીડીપીના સામાન્ય જોવા મળે છે. કલાયમેટ ચેન્જની કૃષિ ઉત્પાદન પર અસરને ધ્યાનમાં રાખતા આ ટકાવારીમાં વધારો કરી કૃષિ ઉત્પાદનને ટકાવી રાખવા અથવા તેમાં વૃદ્ધિ કરવાનો વ્યુહ જરૂરી બની ગયો છે.

વધી રહેલા તાપમાનની કૃષિ ક્ષેત્ર હવામાન ઉપરાંત આર્થિક અસરો પણ જોવા મળી રહી છે. આ હકીકતને ધ્યાનમાં રાખી બેંકો તથા નાણાંકીય ક્ષેત્ર સામે કલાયમેટ ચેન્જથી કેવા જોખમો રહેલા છે તેના પર અનેક ફોરમો પર ચર્ચાઓ થતી રહે છે. ગ્લોબલ વોર્મિંગથી બેન્કિંગ ક્ષેત્રને કૃષિ ધિરાણ સામે રહેલા જોખમોને કેવી રીતે હળવા કરી શકાય તેના પર નિષ્ણાંતોના મત મેળવાઈ રહ્યા છે. કલાયમેટ ચેન્જને કારણે આવતા વાવાઝોડા તથા પૂરની સ્થિતિથી કૃષિ પાકોને થતું નુકસાન બેન્કિંગ, વીમા તથા નાણાંકીય ક્ષેત્ર પર અસર થઈ રહી છે. વિશ્વભરની બેંકો કલાયમેટ ચેન્જને હવે એક નવું નાણાંકીય જોખમ માની રહી છે. હવામાનમાં ફેરબદલ અને તેને કારણે નાણાંકીય સ્થિરતા જાળવવા બેંકો કેવી તૈયારી કરી રહી છે તેનો અંદાજ મેળવવાના પ્રયાસો છતાં કલાયમેટ ચેન્જ ખરેખર બેંકો માટે ખરું જોખમ છે કે કેમ તે અંગે કોઈ નિશ્ચિત મત જોવા મળતો નથી.

આ પ્રાકૃતિક અસરોને કારણે વિશ્વભરમાં આર્થિક સંપત્તિને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં દર વર્ષે કમોસમી વરસાદથી લઈને ભારે પૂરની સ્થિતિ અને વાવાઝોડા ત્રાટકતા હોવાનું જોવા મળી રહ્યું છે. દેશની નીતિવિષયકો કલાયમેટ ચેન્જ સામેથી સુરક્ષિત બનવા માટેના પગલાં લેવામાં હજુ પણ ધીમી ગતિએ આગળ વધી રહ્યા છે એટલું જ નહીં ગ્લોબલ વોર્મિંગને કારણે થતી આર્થિક અસરોને પહોંચી વળવા ભારતની બેંકો પણ જોઈએ તેટલી તૈયાર નહીં હોવાનું જણાય છે. પોતાની વેપાર સ્ટ્રેટેજીસમાં કલાયમેટ ચેન્જને કારણે થતી નુકસાનીને કઈ રીતે સુરક્ષિત બનાવી શકાય તેવા પગલાંઓ લેવા તરફ બહુ ઓછી બેંકો વિચારતી થઈ હોવાનું જોવા મળી રહ્યું છે. ભારતની બેંકો પર નોન પરફોર્મિંગ એસેટસ (એનપીએ)ની મુસીબત માંડ હળવી થઈ છે અને બેંકોની હાલતમાં સુધારો થયો છે અને નફો કરતી થઈ છે પરંતુ હવે માનવસર્જિત આફતો કરતાં કુદરતી આફતો બેંકો માટે સમસ્યારૂપ બની રહેશે તેવા સંકેતો તાજેતરના ઘટનાક્રમો પરથી મળી રહ્યા છે. વિશ્વના અનેક દેશમાં અવારનવાર ત્રાટકતા વાવાઝોડા જેવી આફતો શું નિયમિત તો નહીં થઈ જાયને એવો પણ પ્રશ્ન થયા વગર રહેતો નથી. આધુનિક ટેકનોલોજીને કારણે વાવાઝોડાની તીવ્રતાની અગાઉથી જાણ થઈ શકવાનું શક્ય બન્યું છે. આ જાણકારીને આધારે માનવજીવનને મોટી હાનિ થતી અટકાવી શકાય છે પરંતુ કૃષિ જણશો તથા માલસામાનને નુકસાન થતું અટકાવી શકાતું નથી જે ભારત જે કૃષિ પ્રધાન દેશમાટે સારા ચિહ્ન ગણી ન શકાય.

## ઊનાળામાં શકકરટેટીનું સેવન કરો, શરીરને લાભ થશે

શકકરટેટી એવું ફળ છે જે ગરમીની સીઝનમાં તમારા બોડીને એકદમ ફીઝના ટેમ્પેચરની જેમ ઠંડું રાખે છે. તરબુચની જેમ જ શકકરટેટીમાં પણ લગભગ ૯૫ ટકા જેટલું પાણી જ હોય છે. આ ફૂટનું પાણીતમારીર બોડીને ડીહાઈડ્રેશનથી બચાવે છે. બોડીને ડિટોકસ રાખે છે. સાથે જ તમે પેટ ભરીનો જમ્યા હોય એવો અહેસાસ પણ તમને આ ફૂટ કરાવે છે. ગરમીમાં શકકરટેટીના સેવનથી થતા અદભુત ફાયદા જાણીને તમે પણ ચોકી જશો.



બોડીને હાઈડ્રેટ રાખે છે : ગરમીની સીઝનમાં શકકરટેટીને અમૃત સમાન મનાય છે. તે શરીરને હાઈડ્રેટ રાખે છે. ૧૦૦ ગ્રામ શકકરટેટી લેવાથી ૦.૮ પ્રોટીન મળે છે. તેમાં ૯૫ ટકા પાણી છે. જે શરીરને હાઈડ્રેઈટ રાખવામાં મદદરૂપ થાય છે. તેમાં રહેલું પોટેશીયમ થકાવટને દુર કરે છે.

પાચનતંત્રમાં સુધારો કરે છે : શકકરટેટી રેસાયુકત અને પાણીથી ભરપુર હોવાથી પાચન સંબંધીત સમસ્યામાં પણ એક ઔષધ સમાન છે. શકકરટેટીના સેવનથી કબજીયાતની સમસ્યા દુર કરી શકાય છે.

આંખની રોશની વધારે છે:

આંખો માટે શકકરટેટી ખુબ ઉપયોગી છે. આંખોના મહત્વના હિસ્સા એવા રેટીનાનો ઉંમર વધતાં ઘસારો થાય છે. શકકરટેટીમાં ઝેકસેન્થીન નામનું એન્ટીઓકિસડન્ટ આવેલું છે. જે આ ઘસારાને અટકાવે છે. દિવસમાં બેથી ત્રણવાર શકકરટેટી ખાવાથી આંખનો આ ઘસારો થતો અટકે છે.

શકકરટેટીમાં બીટા કેરાટીન છે, જે આંખોની રોશની માટે હિતકારી છે.તે પેશાબની સમસ્યા પણ દૂર કરે છે.

સ્કિનની ચમક વધારે છે : આ ફળ સ્કિને હાઈડ્રેઈટ રાખે છે. રોજ એક વાટકી શકકરટેટી લેવાથી સ્કિન ગ્લોઈગ બને છે. સ્કિનનું મોશ્ચર બની રહે તે હેર માટે આ એક કુદરતી કન્ડીશનર છે. એસીડીટીની સમસ્યામાં પણ રામબાણ ઈલાજ છે.

## ગુજરાતના ડુંગળી પકવતા ખેડૂતોને લાભ મળતા ગુસ્સે ભરાયા મહારાષ્ટ્રના ખેડૂતો

**નવી દિલ્હી,**

ડુંગળીના એક્સપર્ટ પર પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે એક એવો નિર્ણય લીધો જેનાથી ગુજરાતના ખેડૂતોને સીધો ફાયદો થઈ રહ્યો છે. આ ફાયદો થતાં મહારાષ્ટ્રના ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો છે. એકસપોર્ટ પ્રતિબંધ છતાં કેન્દ્ર સરકારે ૨૦૦૦ ટન સફેદ ડુંગળીના નિકાસની પરમિશન આપી છે. તેનો ફાયદો મુખ્ય રીતે ગુજરાતના ખેડૂતોને મળશે. કારણ કે ગુજરાતમાં સફેદ ડુંગળીની ખેતી વધારે થાય છે. લોકસભા ચૂંટણી વચ્ચે લેવાયેલા આ નિર્ણય અંગે કેટલાક ખેડૂતોને જ ખુશ કરવાનો પ્રયાસ સરકાર દ્વારા કરાઈ રહ્યો છે.

ડાયરેકટર જનરલ ઓફ ગુડસ એન્ડ સર્વિસ ટેકસ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિસમાં જણાવાયું કે સફેદ ડુંગળીના નિકાસની પરમિશન માત્ર ત્યારે જ આપવામાં આવશે જયારે ગુજરાતના બાગાયતી આયુક્ત નિકાસ કરવામાં આવતી વસ્તુ અને માત્રાને પ્રમાણિત કરાશે. તેથી મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓએ વિરોધ દર્શાવતા કહ્યું કે માત્ર ગુજરાતના જ ખેડૂતોને ફાયદો અપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સફેદ ડુંગળીની એકસપોર્ટ કરવાના નોટિફિકેશનમાં એવી કોઈ શરત રાખવામાં આવી નથી કે તેનું નિકાસ નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટસ લિમિટેડ જ કરશે પરંતુ તેમાં માત્ર એટલું ઉલ્લેખ કરાયું છે કે મુંદ્રા અને પીપાવાવના ગુજરાતના પોર્ટ કે મુંબઈના ન્હાવા શેવા પોર્ટના માધ્યમથી કરવામાં આવવું જોઈએ. આ વિશે મહારાષ્ટ્ર ડુંગળી ઉત્પાદક સંગઠનના અધ્યક્ષ ભારત દિઘોલેએ જણાવ્યું કે, ચૂંટણીમાં ગુજરાતના ભાજપના નેતા પોતાના ખેડૂતોનો ફાયદો અપાવવા માટે આ પ્રકારના નિર્ણયો લઈ રહ્યા છે. જયારે કે મહારાષ્ટ્રના નેતા કેન્દ્ર સરકારની સામે નતમસ્તક છે. ભલે ખેડૂતોને નુકસાન કેમ ભોગવવું ન પડે. મહારાષ્ટ્ર ડુંગળીનું સૌથી મોટું ઉત્પાદક કેન્દ્ર છે અને હાલ ડુંગળીનું એકસપોર્ટ બંધ હોવાનો કારણે દરેક ખેડૂતને લાખોનું નુકસાન થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના ખેડૂત નેતાઓ ૨૦૦૦ ટન સફેદ ડુંગળીની નિકાસને ચૂંટણલક્ષી જાહેરાત તરીકે જોડી રહ્યા છે.

## ઉનાળુ મગફળી, કેળ, શાકભાજી, બાજરી, મગનાં પાકમાં હીટવેવ સામે કાળજી જરૂરી

### 'લુ' દરમિયાન કેટલાક તકેદારીના પગલાં લેવા ખેડૂતોને અનુરોધ

**ગાંધીનગર,**

રાજયના સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, મગ, ડાંગર, શાકભાજી, બાજરી પકવતા ખેડૂતો માટે હીટવેવ અંગે ખેતી કાર્યો માટે રાખવાની થતી સાવચેતી સંદર્ભે ગાંધીનગર જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા કેટલાક સૂચનો જારી કરવામાં આવ્યા છે.

ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું, મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમાં વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું, જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવા આચ્છાદન કરવું, પિયત માટે ફુવારા પદ્ધતિનો ઉપયોગ વધારે સારો, ઉંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું, બપોર દરમિયાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી, શાકભાજી અને બાગાયતી પાકોની શણના કંતાનથી અથવા જુવાર, બાજરી જેવા પકોની કડબની આડસ કરવી, વાવણી કરેલ પાકોમાં આંતરખેડ તથા નિંદામણ કરવું, આગામી દિવસોમાં દિવસના તાપમાનમાં સામાન્ય વધારો થવાની સંભાવના હોય તથા જમીનના પ્રત ધ્યાનમાં લઈ જરૂરિયાત મુજબ પીયત આપવું.

તાપમાનમાં વધારો થવાથી ભીંડામાં પાન કથીરીના નિયંત્રણ માટે ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી ૮ મિલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવીને હવામાન ચોખ્ખું હોય ત્યારે પાક પર છંટકાવ કરવો. તાપમાનમાં વધારો થવાથી રીંગણમાં પાન કથીરીના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ઈટોક્ષા સોઝેલ ૧૦ એસ સી ૮ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ સી ૮ મિલી પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખું હોય ત્યારે છંટકાવ કરવો. ઉપરાંત કેળા, દાડમ, લીંબુ, આંબાના બગીચામાં યોગ્ય ભેજ જાળવવા તથા તાપની અસર ન થાય તે માટે સાંજ સવારના સમયે ટૂંકા અંતરે હળવું પિયત આપવું તથા પાક આચ્છાદન કરવું વગેરે જેવા તકેદારીના પગલાં લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવાયું છે.

## જમીન અને પાણીનું લેબમાં પૃથ્થકરણ કરાવો


જમીન અને પિયત પાણીનું પૃથ્થકરણ સારી લેબમાં કરાવવું જોઈએ. પાણીનો ઈ.સી. કેટલો તે જાણવો જોઈએ. ઈ.સી. એટલે એમ સમજો ને પાણીમાં રહેલું મીઠાનું પ્રમાણ. આપણે જે ખાતરો ઉમેરીએ છીએ તે આમ જૂઓ તો એક પ્રકારના સોલ્ટ જ છે એટલે કે જમીનમાં આપણે મીઠું ઉમેરીએ જ છીએ. ઉમરવું પણ જોઈએ પણ ૧ ઈસી જેટલી ખારાશ હોય તો જ જમીન અને પાણી વચ્ચે રાસાયણિક પ્રક્રિયા ઈલેકટ્રીક કન્ડક્વિટી રચાય છે જે આયનની હેરફેરમાં મદદ કરે છે પણ પીવાના પાણીની વધુ પડતી ખારાશ છોડના મૂળને ખોરાક લેત રોકે છે તેથી છોડનો ઉત્પાદન લક્ષી વિકાસ થતો નથી. ખારાશનું પ્રમાણ હોય તો જમીન સુધારણા કરવી પડે. જીપ્સમ ઉમેરવો પડે અથવા સેન્દ્રીય પદાર્થોનો ઉમેરો કરવો પડે.

આપણે પહેલાં કૂવાના પાણી હતા પણ પાણીના તળ જેમ જેમ ઉંડા જતા ગયા તેમ તેમ આપણે ઉંડા બોર કરાવ્યા પાણી બચાવવાનું સાવ ભૂલી ગયા. આપણે આપણા ગામમાં ચોરે બેઠા સંભળાયું હશે કે ગામમાં કોઈએ ઉંડો બોર કરાવ્યો પાણી સારું થયું હોય પણ પાણી ગરમ આવતું હોય એટલે કોઈ વળી એમ કહે ગરમ ભલે આવે પણ આવા પાણીમાં ચા બને ? જો આ બને એટલે હાલે ! આવું હવે નહીં ચાલે આપણે પાણીનો લેબ ટેસ્ટ કરાવવો જોઈએ. પાણી અને જમીનનો મેળ છે કે નહીં તે હવે ચકાસવું પડશે ખેતી હવે એમનામ નહીં થાય વિજ્ઞાનને ભેરે લઈને ખેતી કરવી પડશે. હવામાનને સમજવું પડશે અને ખેડૂત ખેડૂતને શીખવે છે તે વાતને ધ્યાન રાખીને વોટ્સએપ ગ્રુપ દ્વારા સારા ખેડૂતોને મિત્ર બનાવીને સંપર્કમાં રહેવું પડશે તો હવે ખેતી સારી થશે. વરસાદના પાણીને જમીનમાં ઉતારવા સીમનું પાણી સીમમાં, ગામનું પાણી ગામમાં, ખેતરનું પાણી ખેતરમાં ઉતારવાનું આયોજન તમારા મિત્રો, પાડોશી કે ગ્રામ પંચાયત દ્વારા જરૂર કરજો.

આપણી જમીનને સુધારવા જમીનને જીવતી રાખવા અને આપણી પેદાશમાં ઓછામાં ઓછું ઝેર રહે તેવી જંતુનાશકો છાંટીને શું નફાકારક ખેતી થઈ શકે ? આવી ખેતીન આખી દુનિયા રેસિડ્યુઅલ ફી એટલે કે અવશેષ મુક્ત ખેતી કહે છે. આવી અવશેષમુક્ત ખેતી કરવી હોય તો તેને લગતા એક અદ્યતન ટ્રેનિંગ પ્રોગ્રામમાં રાજકોટમાં ૧૨-૫-૨૦૨૪ના રોજ સવારે ૧૦થી ૬ નેનોબી બાયો ઈનોવેશન દ્વારા થવાનો છે. આ વર્કશોપમાં સ્માર્ટ ખેડૂત કેમ બનાય તે વિશેની પણ માહિતી મળવાની છે. સાચી ઝેર વગરની ખેતી કરી કેમ શકાય ? આપણું પર્યાવરણ સારું રાખીને પેદાશના વધુ ભાવ મેળવવા માટે આવી ખેતી કેમ ખૂબ સારી છે એવું ઘણું જાણવા મળશે. શું તમને આવો સેમિનાર થવાનો છે તે ખબર પડી ? જો ના, તો તમે ખેડૂત તરીકે સાચા મોબાઈલ ગ્રુપોમાં જોડાયેલા નથી. આ સેમિનારમાં રજિસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે. હોલ ફૂલ થઈ જાય તે પહેલાં આજે જ આ વિશે જાણીને તમારી નોંધણી કરાવીને આવતા વર્ષની તમારી ખેતી બદલી નાંખો. ચાલો આપણે બધા સ્માર્ટફોન લઈએ સ્માર્ટ ખેડૂત બનીએ અને સ્માર્ટ ખેતી કરીએ. ૭૨૧૧૧૫૨૫૨૦ અથવા ૭૨૧૧૧૫૨૫૨૩.

# "તારે જો મુંબાઈમાં પ્રેક્ટિસ જમાવવી હોય તો બીજા ડોકટરોને કમિશન આપ્યા વગર નહિ ચાલે !"

"ભારતના તબીબી વ્યવસાયના જયેષ્ઠ વડીલ એવા પહેલા જ ભારતીય હતા જેમણે એફ.આર.સી.એસ (F.R.C.S.)ની પરીક્ષામાં પ્રથમ આવવા માટે હેલેટ એવોર્ડ (HALLETTEPRIZE) મળ્યો હતો અને તે પણ આ એવોર્ડ ના આરંભના પ્રથમ વર્ષ - ! આ સિવાય પણ બીજા ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ મળ્યાં જેમકે પદ્મભૂષણ, ઈન્ડિયન મેડિકલ કાઉન્સિલ તરફથી ડો. બી.સી.રોય સ્પેશિયલ એવોર્ડ- વળી તેઓ મુંબાઈની પ્રખ્યાત જસલોક હોસ્પિટલના સૌ પ્રથમ મેડિકલ ડાયરેકટર પણ હતાં જેમનું નામ છે ડો. શાન્તિલાલ જે. મહેતા. જેમની એમના જ અનુભવની થોડીક વાત આજે લખવી છે. તેઓ કહેતાં એક મહાન સ્ત્રી જેમને હું બહુજ માનનીય ગણું છું અને એમની યાદ હું ક્યારેય ભૂલ્યો જ નથી જેમનું નામ સ્વ. જસોતીબાઈ લોકુમલ ચાનરાઈ, જે દાનવીર લોકુમલના પત્ની હતાં અને જેમણે જસલોક હોસ્પીટલ બાંધવા માટે તમામ રીતે દાન આપ્યું હતું. તેઓ પોતે ગંભીર માંદગીમાં સપડાયાં હતા. સેન્ટ એલિઝાબેથ નર્સિંગ હોમમાંથી એમ્બ્યુલન્સમાં હું એમને ઘરે લઈ જતો હતો. એમણે મને વિનંતી કરી કે મારે જસલોક હોસ્પિટલ ઉપર લઈ જવાં- એ વખતે હોસ્પિટલ હજી બંધાઈ રહી હતી. "હું ઘરે જાઉં તે પહેલાં મને એ મંદિરનાં (હોસ્પિટલનાં) દર્શન કરાવો !"- એવું એમણે કહયું.. તે ચાલી શકતાં ન હોવાથી એમને સ્ટ્રેચરમાં 'મંદિર' સુધી લઈ ગયા. મંદિર (જસલોક હોસ્પિટલ)ની સામે એમણે જોઈ મને કહયું : 'બેટા, મને એક વચન આપ. દાદા (જસોતીબાઈના પતિ શ્રી લોકુમલ ચાનરાઈ) એ બનાવેલી આ હોસ્પિટલમાં જે કોઈ મફતમાં સારવાર લેનાર દરદી આવે એમની બેદરકારીથી સારવાર નહિ થાય અને એનો માનભંગ નહિ થાય તથા તવંગર દરદીઓની સારવારની જેમ જ ગરીબોનીય સારવાર થશે, અને આ અંગે તું બરાબર ધ્યાન રાખીશ !" મેં એમને વચન આપ્યું કે 'જ્યાં સુધી જસલોક હોસ્પિટલનો હું મેડિકલ ડાયરેકટર હોઈશ ત્યાં સુધી તમારી ઈચ્છા પાર પડે એનું હું જરૂર ધ્યાન રાખીશ !' એમની આ વાતે મારા દિલમાં ભૂંસીના શકાય એવી છાપ પાડી હતી. જે સમયગાળામાં હું વિદ્યાર્થીઓને શીખવતો હતો એ મારી જિંદગીના ખૂબ આનંદમય દિવસો હતા. મને ખાતરી થઈ ગઈ છે કે ભણતરના ક્ષેત્રમાં જે વિકૃતિઓ અને બગાડ આજના સમયમાં દેખાય છે એમાં વાંક શિક્ષકોનો છે. આજના વિદ્યાર્થીઓ પહેલાંના કરતાં બહુ જુદા છે આવું આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. ત્રીસ વર્ષ (૩૦ વર્ષ) સુધી મેં ભણાવવાનું કામ કર્યુ છે અને બીજાં દસ વર્ષ (૧૦ વર્ષ) નિવૃત્ત માનદ પ્રોફેસર તરીકે વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. બહુ જ આત્મવિશ્વાસ સાથે અને કોઈપણ જાતની મર્યાદા વગર હું કહી શકું છું કે આજના વિદ્યાર્થીઓ કાલના વિદ્યાર્થી કરતાં જરા પણ જુદા નથી. હમણાંના વિદ્યાર્થીઓ જો હિંસક અને ભ્રષ્ટ્રાચારી થઈ ગયા છે તો એ એમની પોતાની નિરાશાના પડઘા છે. એ લોકો જુએ છે કે શિક્ષકો ઉદાસીન થઈ ગયાં છે, અનિયમિત થઈ ગયા છે અને પોતાનું કર્તવ્ય બરાબર બજાવતા નથી. મારી ચોપન વર્ષ (૫૪ વર્ષ)ની મેડિકલ કેરિયરમાં મારા હાથ નીચે બસોથી (૨૦૦થી વધુ) વધુ હાઉસ - સર્જનો એ કામ કર્યું છે. આ બધાને મેં એક વાત સમજાવી છે કે કદી 'લક્ષ્મી' પાછળ પડશો નહિ. એ પકડાય એવી નથી. પણ જો એની ઉપેક્ષા કરીને 'મા-સરસ્વતી'ને પૂજશો તો તે બેઉ લક્ષ્મી અને સરસ્વતી તમારા પર રીઝશે !'



**સારા જહાં મેરી જેબ મે**
**મધુ શાહ**

રાજકારણીઓને પણ એક આદત પડી ગઈ છે. ડોકટરોને ભાષણ આપવાની- અને તે એજ કે એમણે ગામડાંઓમાં જવુ જોઈએ. એકવાર મુંબઈમાં આરોગ્ય-પ્રધાનને મેં પડકાર આપ્યો કે જો તે મને જોઈએ તેવી સગવડો આપે તો હું મારા વિદ્યાર્થીઓને અને સ્ટાફના માણસોને એ કહે તે ગામે લઈ જવા તૈયાર છું. એમણે મારો પડકાર ઝીલી લીધો અને ગુજરાતમાં આદિવાસી ભીલ વસ્તીવાળા દેવગઢબારિયા ગામે જવા અમને કહયું. ત્યાં અમને બધી સગવડો અપાઈ હતી. મારી જોડે હોસ્પિટલના સર્જનો, એનેસ્થેટિસ્ટો, પેથોલોજિસ્ટો, નર્સો, હાઉસમેનો વગેરે મળીને સાડ ત્રીસ (૩૭) માણસોના સ્ટાફ તથા જોઈતી સામગ્રી લઈને હું ત્યાં ગયો. ખરું કહું તો ત્યાં

**"મારી ૫૪ વર્ષની મેડિકલ કેરિયરમાં મારા હાથ નીચે બસોથી (૨૦૦થી વધુ) વધુ હાઉસ- સર્જનોએ કામ કર્યું છે. આ બધાને મેં એકવાત સમજાવી છે કે કદી 'લક્ષ્મી' પાછળ પડશો નહિ. એ પકડાય એવી નથી. પણ જો એની ઉપેક્ષા કરીને 'મા- સરસ્વતી'ને પૂજશો તો તે બેઉ તમારા પર રીઝશે!"**

પચાસ ખાટલાની હોસ્પિટલ ઉભી કરી. સાહેબ... અગિયાર દિવસમાં અગિયારસો ઓપરેશનો કર્યા અને રોજના ચૌદ કલાક કામ કર્યુ !! મેજર સર્જરી પણ કરી હતી. છેલ્લે જયારે અમે પાછા આવવાની તૈયારી કરી નીકળ્યાં ત્યારે એક પણ મરણનો કેસ નોંધાયો નહોતો ! અમારી પાછળ અમે ચાર રજિસ્ટ્રાર અને થોડી નર્સોને ત્યાં મૂકીને આવ્યા હતાં જેથી દરદીઓની એ લોકો સંભાળ લઈ શકે ! કુલ્લે પંચોતેર હજાર (૭૫૦૦૦) દરદીઓએ એ કેમ્પનો લાભ લીધો હતો. ડોકટરો ગામડાંઓમાં કામ કરવા જાય એમ સરકાર ઈચ્છતી હોય તો એમને સવલતો અને વધારાની સગવડો આપવી જોઈએ- જેવી કે નિઃશુલ્ક રહેઠાણ, બાળકોના અભ્યાસ માટે અને સ્પેશિયલ રૂરલ (RURAL) એલાઉન્સ વગેરે...! મારા રાજકીય દરદીઓમાં ઈન્દિરા ગાંધી પણ હતાં. જેમના ઉપર કીડનીની પથરીનું મે ઓપરેશન કર્યું હતું. મોરારજીભાઈ દેસાઈ પણ મારા પેશન્ટ હતા. જેમનું હર્નિયાનું તથા બસ્તિપ્રદેશમાં આવેલા મૂત્ર-નળીની પથરીનું ઓપરેશન કર્યું હતું.

**"મારા રાજકીય દરદીઓમાં ઈન્દિરાગાંધી, મોરારજી દેસાઈ, યશવન્તરાય ચવાણ અને જયપ્રકાશ નારાયણ હતાં !"**

યશવન્તરાય ચવાણ પર એક્યુટ એપેન્ડીકસનું ઓપરેશન કર્યું હતું અને જયપ્રકાશ નારાયણ પણ મારી સારવાર લઈ ચૂકયા છે ! વર્ષ ૧૯૬૦માં ઈન્દિરા ગાંધી ઉપર સફળતાપૂર્વક ઓપરેશન કર્યા પછી મને જવાહરલાલ નહેરુનો પત્ર મળ્યો. એમણે લખ્યં હતું : 'પ્રિય ડૉ શાન્તિલાલ મોડો-મોડો આભાર માનવા કાગળ લખું છું. તમે મારી દીકરી ઉપર જે ઓપરેશન

**"હું ઘરે જાઉં તે પહેલાં મને એ મંદિરના (હોસ્પિટલનાં) દર્શન કરાવો ! મંદિરની સામે જોઈ મને કહયું... બેટા વચન આપ કે આ હોસ્પિટલમાં જે કોઈ મફતમાં સારવાર લેનાર દર્દી આવે એનો માનભંગ નહિ થાય અને બેદરકારીથી સારવાર નહિ થાય !"**

દિલ્હીમાં કર્યું અને ઘણા દિવસો અહીં રહીને એની દેખભાળ કરી એ બદલ હું ખૂબ આભારી છું. ઈન્દિરા માટે અને મારે માટે તમારી મુંબાઈથી અહીંની હાજરી ખૂબજ દિલાસો આપનાર હતી, અને તમે જે તકલીફ લીધી એ બદલ ખૂબ ઉપકારવશ છું. ઈન્દિરાની તબિયત સુધારા ઉપર છે. મને લાગે છે કે ફરી પહેલાં ના જેવી તંદુરસ્તી અને તાકાત મેળવવાને હજુ સમય લાગશે. મને કહેતાં આનંદ થાય છે કે એ પૂરતો આરામ લે છે અને મુલાકાતીઓને અમે બને તેટલા દૂર રાખીએ છીએ!" મોરારજીભાઈ દેસાઈ એક આદર્શ દરદી હતા. પણ કોઈએ મજાકમાં અફવા ફેલાવી હતી કે ઓપરેશન ટેબલ ઉપર જ તેમનું મૃત્યુ થયું હતું. પૂછપરછના દોર દરમ્યાન બંધાઓને મારે કહેવું પડયું હતું કે તેમને બહુ સારું છે અને તબિયત સુધારા પર છે. જસલોક હોસ્પિટલમાં જયારે જયપ્રકાશ નારાયણ સારવાર માટે દાખલ કરાયા હતા ત્યારે એમની દેખભાળ રાખવાનું મારે માથે હતું. એક દિવસ રાતના આઠ વાગ્યે.. હજુ તો માંડ હું ઘરે આવ્યો હતો, ત્યાં મારા ઉપર ફોન આવ્યો - આ ફોન મુખ્યમંત્રીના સેક્રેટરીનો હતો. એણે કહયું કે મુખ્યમંત્રી હમણાં જ જયપ્રકાશજીને જોવા આવે છે અને તે વખતે તમારી હાજરીની જરૂર એમને જણાય છે, માટે તમે તુરતજ જસલોક હોસ્પીટલ પહોંચો ! મેં સૂચવ્યું કે ડૉ. હ્રીંદાની ને બોલાવવામાં આવે કારણ કે મારે બીજી એપોઈન્ટમેન્ટ સર્જરીની તય કરેલી હતી. આ તબક્કે મુખ્યમંત્રી શ્રી એસ.બી. ચવાણ પોતે ફોન ઉપર આવ્યા અને કહયું : 'ડૉ મહેતા, હું પોતે એમ ઈચ્છું છું કે હું આવું ત્યારે તમે જ હાજર રહો ! - તો પ્લીઝ આવો !'.. મારે જવું જ રહયું ! શ્રી ચવાણ અને હું સાથે જ જયપ્રકાશ નારાયણની રૂમમાં દાખલ થયા. શ્રી જયપ્રકાશજીને સંબોધીને શ્રી ચવાણે કહયું : 'જયપ્રકાશજી તમે અહીં જસલોક હોસ્પિટલમાં ખુશ તો છો ને ? બધા તમારું ધ્યાન રાખે છે? તમને કોઈ ફરિયાદ છે ? શાન્તિલાલ તમારી કેવી સારવાર કરે છે ? આના જવાબમાં જયપ્રકાશજીએ કહયું : 'ડૉ શાન્તિલાલ આ હોસ્પિટલમાં છે એટલે જ તો હું અહીં આવ્યો છું. શાન્તિલાલને હું વર્ષોથી ઓળખું છું અને મારી સારવાર અને દેખભાળ અહીં સરસ જ થશે તે ખ્યાલ હોવાથી તો હું અહીં આવ્યો છું !' શ્રી ચવાણની મારા માટેની પૃચ્છાથી મને નવાઈ તો લાગી હતી કારણ કે એમની પૂછપરછ મારા વ્યાવસાયિક કામને લગતી હતી. એટલે જયારે અમે બહાર આવ્યા ત્યારે મેં એમને પૂછયું કે આ બધી તપાસનો હેતુ શો હતો ?- એમના જવાબે મારા હોશકોશ ઉડાવી દીધા ! એમણે કહયું : 'ડોકટર, સરકારના ધ્યાનમાં આવ્યું છે કે જયપ્રકાશજીના મૃત્યુ પછી જે મૃત્યુલેખ લખાય તે લખાઈ ચૂકયો છે અને એમાં એમ લખ્યું છે કે ડૉ. શાંતિલાલ મહેતા ઈન્દિરાજીના મિત્ર છે અને એ જયપ્રકાશજીને ધીરે ધીરે મૃત્યુ તરફ ધકેલી રહયાં છે. જયપ્રકાશજી એમના મોંએ તમારામાં પૂર્ણ શ્રધ્ધા પ્રગટ કરે એવી અમારી ઈચ્છા હતી !'... થોડા દિવસ પછી મને ડૉ. મણિનો ફોન આવ્યો તે યુરોલોજિસ્ટ છે અને તે જયપ્રકાશજીની સારવાર કરતા હતા. એમણે મને કહયું કે 'દરદીની હાલત ગંભીર થતી જાય છે અને આજની રાત કદાચ નહિ કાઢી શકે. હું એમને ફરીથી ડાયાલીસીસ પર લઉં છું !' તરત જ હું જસલોક પહોચી ગયો. ત્યાંથી મેં મુખ્યમંત્રીને ફોન કર્યોઃ 'એમણે મને તરત જ શ્રીમતી ઈન્દિરાગાંધીનો સંપર્ક સાધવા કહયું. મેં જયારે વડાપ્રધાનને ફોન કરી કહયું ત્યારે એમણે કહયું : 'શાન્તિલાલ, પ્લીઝ, તમે જસલોક હોસ્પીટલ છોડીને જતા રહો, તમારી હોસ્પિટલની ફરતે હું મિલિટરી ગોઠવું છું અને થોડી જ મિનિટોમાં મિલિટરીનો ઉપરી તમને મળશે !' ઈન્દિરાગાંધીના કહયા મુજબ અડધા કલાકમાં તો એક ઓફિસર મને શોધતા આવી પહોંચ્યા. મારી પાસે આવીને એમણે કહયું : 'આ બે માણસો છે- જયારે તમે હોસ્પિટલમાં હશો ત્યારે એમાંનો એક તમારી આગ ળહશે અને બીજો પાછળ હશે, તમે તમારી ઓફિસમાં હશો ત્યારે બેઉ જણા ઓફિસ (ચેમ્બર)ની બહાર ઉભા રહેશે. એ બેઉને એવા હુકમ અપાયા છે કે તમારા અંગત મદદનીશની ખાસ રજા વગર કોઈને તમને મળવા હિ દેવાય ! અને જો કોઈને મળવાની રજા આપવામાં આવશે તો એ મુલાકાતી સાથે આ બેઉમાંથી એક માણસ અંદર પોઝીશન લેશે ! હું ગૂંચવાડામાં પડી ગયો. મેં ઈન્દિરાજીને ફોન કરીને પૂછયું કે આ બધું શું ચાલી રહયું છે ? ઈન્દિરાજીએ કહયું : "શાન્તિલાલ, આ બધી તકેદારી તમારી સુરક્ષા માટે લેવામાં આવી છે. જો જયપ્રકાશજી ગુજરી જશે તો કેટલાંક લોકો કહેશે કે શાન્તિલાલે જયપ્રકાશજીને મારી નાખ્યા છે અને એના બદલામાં શાન્તિલાલને મારી નાખવા જોઈએ!"... પરંતુ જયપ્રકાશજી એ રાત્રે દેવા થયા નહિ. એમને એમના ઘરે બિહારમાં વિમાન ધ્વારા મોકલી આપવામાં આવ્યા હતા જયા એમનો દેહાન્ત થયો હતો...!

**"ઈન્દિરા ગાંધીએ મને ફોન પર કહયું- શાંન્તિલાલ પ્લીઝ તમે જસલોક હોસ્પીટલ છોડીને જતા રહો, તમારી હોસ્પિટલની ફરતે હું મિલિટરી ગોઠવું છું !"**

### ખિડકી

પારસીઓ એમના પરગજુપણા માટે જાણીતા છે. અમને જયારે અમારી બ્લડ બેંક માટે ફંડ જોઈતું હુતં ત્યારે સર હોમીએ રૂપિયા પચાસ હજારનો ચેક આપેલો. મેં બ્લડબેંક પાછળ એમનું નામ મૂકવાની દરખાસ્ત કરી પણ એમની ઈચ્છા શ્રી મંગળદાસ ગિરધારીલાલનું નામ મૂકવાની હતી. અમદાવાદમાં રહેતાં એ કરોડપતિ હતા અને એમણે જ સર હોમીને એમનો ધંધો શરૂ કરવા માટે મદદ કરી હતી. સરહોમી મહેતાએ વર્ષ ૧૯૩૦માં દાનમાં આપેલી આ રકમ માટે એમનું નામ બ્લડબેંક માટે જોઈતું નહોતું. અને શ્રી મંગળદાસ ગિરધારીલાલનું નામ મૂકાયું હતું !

### ઝબકાર

અમારા વ્યવસાયમાં નીતિભ્રષ્ટતા બહુજ સાધારણ ગણાય છે. મેં જયારે મારી પ્રેકટીસ શરૂ કરી ત્યારે મને આની જાણ થઈ. કોઈ એક ડોકટર એક કે બે દરદીઓ મોકલે અને પછી જો એમને એમનો 'કટ' ન મળે તો એ દરદીઓ મોકલતો બંધ થઈ જાય. હરકિસનદાસ હોસ્પિટલના એ વખતના સુપરિન્ટેન્ડેન્ટ અને મારા મિત્ર ડૉ. પી.એમ. સાંગાણી મને કહેતા, "શાન્તિ, તારે જો મુંબાઈમાં પ્રેક્ટિસ જમાવવી હોય તો બીજા ડોકટરોને કમીશન આપ્યા વગર નહિ ચાલે, નહિ તો તને સફળતા નહિ મળે !" મેં એમને કહયું હતું કે એવું જો હશે તો બહેતર છે કે હું પ્રેક્ટિસ જ છોડી દઉં.

આ લેખોમાં પ્રગટ થતાં વિચારો લેખકના પોતાના છે **વેસ્ટર્ન ટાઈમ્સ**તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

## ઉનાળામાં દિવસની શરૂઆત આ રીતે કરશો તો આખો દિવસ ફીટ અને હેલ્ધી રહેશો

ઉનાળો શરૂ થઈ ગયો છે. આવી સ્થિતીમાં હવામાન પ્રમાણે સ્વાસ્થ્ય અને ત્વચાની કાળજી લેવી જરૂરી છે. ઉનાળાની ઋતુ તેની સાથે સ્વાસ્થ્ય સંબંધીત પડકારો લઈને આવે છે. ગરમ હવા અને આકરો તડકો માત્ર ત્વચાને નુકશાન નથી પહોચાડતા પરંતુ ડિહાઈડ્રેશન ઝાડા અને ઉલટી જેવી સમસ્યાઓ પણ પેદા કરી શકે છે આવી સ્થિતીમાં તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખુબ જ જરૂરી છે. ઉનાળાની ઋતુમાં જીવનશૈલી પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. તમે શું ખાઓ છો અને શું નહી. આ બધી બાબતોની અસર આપણા સ્વાસ્થ્ય પર પડે છે. તેથી ઉનાળામાં તમે તમારા દિવસની શરૂઆત કેવી રીતે કરો છો તે ઘણું મહત્વનું છે. ખાસ કરીને ઉનાળામાં તમારે સવારે ઉઠયા પછી પાણી પીવાની આદત પાડવી જોઈએ. આ સીઝનમાં હાઈટ્રેડ રહેવું જરૂરી છે. અને જો તમે બહાર જાઓ છો તો પાણીની બોટલ સાથે રાખો. ઉનાળામાં સવારની શરૂઆત કરવા માટે તમે બગીચામાં ચાલવા અથવા યોગ કરવા જેવી હળવી કસરત કરી શકો છો. આનાથી તમારું શરીર સક્રીયય રહેશે અને સવારની શુદ્ધ ઠંડી હવા તમારો તણાવ પણ ઓછો કરશે. રોજ સવારે ચાલવાથી ઘણી બીમારીઓથી બચી શકાય છે. આ ઉપરાંત બપોરના ભોજનમાં તાજા ફળો અને શાકભાજીનું સેવન તમારા સ્વાસ્થ્યય માટે ખુબજ ફાયદાકારક છે.

# એ જ તો વાંધો પડ્યો

સામે મળ્યો ના બોલાવ્યો, એ જ તો વાંધો પડ્યો,
સમણે આવ્યો, ના ઝુલાવ્યો એ જ તો વાંધો પડ્યો.
રામ જાણે આખો દિવસ ઘર મહીં એ શું કરે,
ફોન કર્યો, ના ઉઠાવ્યો, એ જ તો વાંધો પડ્યો.
આમ તો રખડ્યા કરે છે ગામમાં આખલાની જેમ,
ખુદના કામે મેં તેડાવ્યો એ જ તો વાંધો પડ્યો.
બડબડ કરે છે બહુ ને રાખે છે ચહેરો વિકરાળ,
જોક કહીને મેં હસાવ્યો, એ જ તો વાંધો પડ્યો.
નથી કદી એ ગાંઠતે કોઈને, યમદૂત આવી ચડ્યા,
વચ્ચે પડી મેં છોડાવ્યો, એ જ તો વાંધો પડ્યો.
-નટવર પટેલ

બાળ સાહિત્યમાં જાણીતું અને માનીતું નામ એટલે નટવર પટેલ. ૧૭-૧૧-૧૯૫૦માં મહેસાણા જિલ્લાના કડી તાલુકાના કાસવા ગામમાં તેમનો જન્મ છે.સાતમા ધોરણથી તેમને લખવાનો શોખ જાગ્યો હતો. હાઈસ્કુલમાં આવ્યા પછી તેમણે વાર્તા અને કાવ્યો લખેલા.તેઓ ૧૧મા ધોરણમાં હતા ત્યારે તેમને પહેલી વાર્તા "પાવલી" રંગતરંગમાં પ્રસિધ્ધ થઇ હતી.કોલેજના પ્રથમ વર્ષમાં હતા ત્યારે તેમની લઘુકથા કુમારમાં પ્રગટ થઇ હતી. બાલમિત્ર, ઝગમગ, બાલજીવન જેવા સામાયિકોમાં તેમની વાર્તાઓ છપાતી. ગીજુભાઈ બધેકા,રમણલાલ સોની,રમેશ પારેખ તથા રમેશ ત્રિવેદી તેમના આદર્શ રહ્યા છે.નવલિકા, લઘુકથા,વિવેચન,નવલકથા તેમને વધુ વાંચવી ગમે છે.તેમના ૨૪૦ જેટલા પુસ્તકો પ્રકાશિત થયા છે.તે પૈકી ૧૪૦ બાળસાહિત્યના પુસ્તકો છે,એક નવલકથા,બે વાર્તાસંગ્રહો,બે એકાંકી સંગ્રહો,બે લઘુનવલ અને





**મન ઝરૂખો**
**-સ્નેહલ નિમાવત**

શૈક્ષણિક પુસ્તકો પ્રકાશિત થયા છે.તેમને ઘણાબધા એવોર્ડથી નવાજવામાં આવ્યા છે જે પૈકી ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રણ,ગુજરાતી સાહિત્ય અકાદમીના પાંચ,અન્ય સંસ્થાઓના ૧૫ પુરસ્કારો અને માનપત્રો મળેલા છે.સૌથી મોટુ પુરસ્કાર સાહિત્ય અકાદમી દિલ્હી તરફથી ૨૦૨૦માં શ્રેષ્ઠ બાળસાહિત્ય પુરસ્કાર તેમને મળ્યો છે. "પા પા પગલી" અને "ભાવિક" મેગેઝીનનું ૨૦થી વધારે વર્ષો સુધી તેમણે સંપાદન કરેલું છે.અત્યારે બાળ સાહિત્ય અકાદમીમાં કન્વીનર તરીકે સેવા આપે છે.બાળસાહિત્યના ઘણા કાર્યક્રમો તેઓ કરે છે.હજાર કરતાં વધુ બાળકોને નાટ્ય તાલીમ પણ તેમણે આપી છે. સાહિત્ય પ્રત્યેનો તેમનો લગાવ ઉડીને આંખે વળગે છે.તેમના વિશે જેટલું કહીએ તેટલું ઓછું છે.

*"સામે મળ્યો ના બોલાવ્યો, એ જ તો વાંધો પડ્યો,*
*સમણે આવ્યો, ના ઝુલાવ્યો એ જ તો વાંધો પડ્યો."*

સામે મળ્યો અને છતા મેં એને ના બોલાવ્યો. સપનામાં આવ્યો તોય એને ઝુલાવ્યો નહીં. પ્રેમમાં ઘણીવાર મન સામે પ્રેમ ઝંખે છે. એ પ્રેમ જો ન મળે તો ક્યારેક જીવનમાં એને ઈગ્નોર કરીએ છીએ. ઈગ્નોર કરવાનું કારણ પ્રેમ ઓછો નથી થયો પણ કોઈનો વધુ સાથ મન ઝંખે છે. જ્યારે મન વધારે આહત થાય છે ત્યારે આમ જ ઈગ્નોર કરીને કોઈને પાસે બોલાવવા કોઈનો સાથ ઝંખવા મન આરસ્તો અપનાવે છે.પ્રેમમાં જીદ છે,રીસાવું, મનાવવું પણ છે. જેના પર હક હોય તેની જ પાસે જીદ કરી શકાય. બધા પાસે આપણે જીદ નથી જ કરતા હોતા..

*"રામ જાણે આખો દિવસ ઘર મહીં એ શું કરે,*
*ફોન કર્યો, ના ઉઠાવ્યો, એ જ તો વાંધો પડ્યો."*

ઘણાનો સ્વભાવ એવો છે કે એ કોઈની સાથે વાત જ ના કરે. આપણે કોઈની સાથે વાત કરવા અધીર થતા હોઈએ. કોઈને આપણી તકલીફ કહેવા માગતા હોઈએ પણ જ્યારે ન કહી શકીએ ત્યારે મન વધુ પીડાય છે. મનની પીડા કહેવા માગતા હોઈએ અને જો એ પીડા સાંભળવા માટેની કોઈની તૈયારી જ ના હોય તો મનને વધુ પીડા થાય છે. પ્રેમ એ કેર માંગે છે. એકબીજાનો સાથ માંગે છે. એકબીજાનો સમય માંગે છે. પ્રેમની સામે જ્યારે ઈગ્નોર કરે કોઈ ત્યારે મન અને વિશ્વાસ બંને તૂટી જાય છે...

*"આમ તો રખડ્યા કરે છે ગામમાં આખલાની જેમ,*
*ખુદના કામે મેં તેડાવ્યો એ જ તો વાંધો પડ્યો."*

અમુક લોકો એવા હોય છે કે તે પોતાની જ મસ્તીમાં જીવે છે. એમને ઘના લોકો કે બીજા કોઈની માટે કંઈ લાગણી નથી હોતી. કેમકે તે સ્વાર્થી થઈ જાય છે. આવા લોકોને તેમના પોતાના માટે પણ કંઈક કરવાનું આવે તો એ માટે પણ એમની પાસે સમય અને એમની દાનત નથી હોતી. ફક્ત પોતાનો વિચાર કરે છે. તેમની જરુરીયાત સચવાઈ જાય પછી તેમને કોઈની પડી નથી હોતી. કોઈની ખુશી માટે કંઈપણ કરવા તેઓ સક્ષમ પણ નથી હોતા અને તેમની દાનત પણ નથી જ હોતી.

*"બડબડ કરે છે બહુ ને રાખે છે ચહેરો વિકરાળ,*
*જોક કહીને મેં હસાવ્યો, એ જ તો વાંધો પડ્યો."*

આખો દિવસ મોઢુ ચડાવીને ફર્યા કરે. મનમાં એમના કોઈ માટે રાગ દ્વેશ ના હોય પણ એમને ના તો હસવુ હોય ના બધા સાથે બેસીને બે ક્ષણ હસી ના શકે અને બધા સાથે સારો સમય પણ ના પસાર કરી શકે. આપણે તેમને હસાવીએ તો પણ એ ચીડાય જ જાય માટે તે તેમની દુનિયામાં મસ્ત હોય છે. આવા લોકોને તેમના પોતાના હાલ પર જ છોડી દેવા જોઈએ.તેમને તેમની દુનિયામાં એમ જ જીવવા દો.

*"નથી કદી એ ગાંઠતે કોઈને, યમદૂત આવી ચડ્યા,*
*વચ્ચે પડી મેં છોડાવ્યો, એ જ તો વાંધો પડ્યો."*

કોઈને ન ગાંઠે એ કોઈ દિવસ. યમદૂત આવે તો એક પત્ની તેના પતિને છોડાવી જ શકે છે. એક સ્ત્રી ધારે તે કરી જ શકે. ઘણી વાર આપણે કીસ્મત સાથે ને ભગવાન સાથે લડીને આપણને જોઈતુ હોય એ માંગી લઈએ છીએ, પણ આપણને નથી ખબર કે આપણા માટે શું સારુ છે. ઘણી વખત આપણને આપણે માંગ્યુ છે એનાથી પણ વધુ સારુ મળવાનું હોય પણ માગીને આપણે નાની વસ્તુ લઈને સંતોષ માનીએ છીએ કે મેં આ વસ્તુ મેળવી લીધી. હકીકતમાં ઈશ્વરે આપણા માટે કંઈક શ્રેષ્ઠ આપવાનું વિચાર્યુ હોય એમ પણ બને..એ જ તો વાંધો છે....

**અંતની અટકળ**

અમુક લોકો દુનિયાદારી નથી સમજતા પણ આપણે આ સમાજની વચ્ચે રહેવાનું છે અને તકલીફો સામે લડવાનું છે. પ્રેમ સામે જ્યારે પ્રેમ ના મળે ત્યારે મન અધીર થઈ ઉઠે છે....

## સપ્તાહની ભાગ્યવાણી તા.૬.૫.૨૦૨૪ થી તા.૧૨.૫.૨૦૨૪

ભરતભાઈ ભાવસાર (કૃત્તિકા જયોતિષ કાર્યાલય) દિલ્હી દરવાજા બહાર, બી.જી. ટાવરની બાજુમાં, શાક માર્કેટની સામે, કાળકા માતાની વાડીમાં, અમદાવાદ-૪ ફોનઃ ૨૫૬૨૬૪૨૧ /મો.૯૮૨૫૩૩૪૫૩૭





મેષ : સોમવાર માતા તરફથી આર્થીક મદદ મળશે. મંગળવાર આપનો ઉત્સાહ કામ કવાની ઇચ્છા પ્રબળ બનશે.
બુધવાર તમામ પ્રકારના કામ સફળ થાય. ગુરૂવાર ધાર્મીક સ્થળની મુસાફરી થવાના યોગ છે. શુક્રવાર પડતર કામો પૂર્ણ કરવા માટેનો ઉત્તમ દિવસ છે. શનિવાર કોર્ટ કચેરીમા દસ્તાવેજી કામકાજમાં સાચવવું. રવિવાર સંતાનો સાથેના ઘર્ષણથી બચશો.




વૃષભ : સોમવાર આત્મવિશ્વાસથી ભરપુર કામ કરશો. મંગળવાર ભાઈ ભાંડુ તેમજ પડોશીઓના કારણે ખર્ચ વધશે. બુધવાર આપના કામકાજના સ્થળે છેતરપીંડીનો અનુભવ થાય તેમ છે. ગુરૂવાર મિત્રો તેમજ વડીલોના કામકાજમાં ધન લાભ થવાનો છે. શુક્રવાર ટૂંકા અંતરની મુસાફરીમાં સફળતા મળવાની છે. શનિવાર લખાણના કામકાજમાં સાવધ રહેવું જરૂરી છે. રવિવાર આજે આપનો આરામ હરામ થશે.




મિથુન : સોમવાર પરદેશ સાથેના કામકાજમાં લાભ થાય. મંગળવાર વાહન શાંતીથી ચલાવશો. બુધવાર નજર લાગવી, મેલીવિદ્યાના પ્રયોગ થાય તેમ છે. ગુરૂવાર ધર્મ અને કુદરતમાં શ્રધ્ધા વધશે. શુક્રવાર કિંમતી ચીજવસ્તુઓ જડે તેમ છે. શનિવાર આપના પરિવારના સભ્યો સાથે ખરીદીનો કાર્યક્રમ બનશે. રવિવાર નાનકડી પીકનીકનું આયોજન સફળ થશે.





કર્ક : સોમવાર તમામ પ્રકારના લાભ મળવાના છે. મંગળવાર સંતાન પાછળ નાણાંનો વ્યય થશે. બુધવાર ભાઈ બહેનોના કારણે મુશ્કેલીનો અનુભવ થાય. ગુરૂવાર નોકરીયાત વ્યકિતઓને સ્થળાંતર થાય તેમ છે. શુક્રવાર નકારાત્મક વિચારો વધુ તકલીફ આપશે. શનિવાર આપને યુવાન વ્યકિતઓની મદદથી લાભ થાય. રવિવાર વાણી પર સંયમ રાખવો.




સિંહ : સોમવાર ધંધા વ્યવસાયમાં મોટી સફળતા મળવાના યોગ છે. મંગળવાર સફળતાનો ઘટનાક્રમ આજે પણ ચાલુ રહેશે. બુધવાર શામ દામ દંડ અને ભેદની નીતી અપનાવવાથી લાભ. ગુરૂવાર કામમાં આવેલ અવરોધો ચેન કેન રીતે દૂર થશે. શુક્રવાર નાણાકીય બાબતોમાં વિઘ્નો આવશે. શનિવાર મિત્રો તેમજ ભાઈઓથી નુકશાન. રવિવાર આત્મવિશ્વાસ વધશે.




કન્યા : સોમવાર મિત્રો તેમજ સ્નેહીજનો સાથે ધાર્મિકયાત્રા થાય. મંગળવાર ધંધા વ્યવસાયમાં લાભ મળશે. બુધવાર નોકરી તેમજ ધંધાના સ્થળે સાવધાની રાખશો. ગુરૂવાર દામ્પત્ય જીવન તેમજ પરિવારમાં આનંદ જોવા મળશે. શુક્રવાર સંતાનોની સમસ્યાઓનો સુખદ ઉકેલ આવશે. શનિવાર આપનું આરોગ્ય ઘણું જ સારૂ રહેશે. રવિવાર ખોટી ચિંતાઓમાં દિવસ પસાર થશે.




તુલા : સોમવાર અગત્યના કામો મુલતવી રાખશો. મંગળાવર આજે આપની દૈન્ક આવકમાં વધારો થાય. બુધવાર આજે આપના સગા સંબંધીને મળવા હોસ્પીટલમાં જવું પડે તેમ છે. ગુરૂવાર આપને કોર્ટ કચેરીના કમકાજમાં સફળતાઓ મળશે. શુક્રવાર નોકરીયાત વ્યક્તિઓ માટે શુભ દિવસ છે. શનિવાર ધાર્મીક સંસ્થા તરફથી લાભ રવિવાર લાભદાયક દિવ્સ પસાર થાય.




વૃશ્ચિક : સોમવાર દામ્પત્ય જીવનમાં સારા સમાચારો મળશે. મંગળવાર આપના શત્રુઓ તરફથી આપને હેરાનગતિ વધવાની છે. બુધવાર ખાવાપીવામાં ધ્યાન રાખશો ફુડ પોઈઝન થાય તેમ છે. ગુરૂવાર ધન સંબંધી કામકાજમાં સારો લાભ થવાનો છે. શુક્રવાર લાંબા અંતરની યાત્રાઓ થાય. શનિવાર લાભ જ લાભ મળવાનો છે. રવિવાર ધંધા રોજગારમાં ઉન્નતી પ્રગતી જણાશે.




ધન : સોમવાર શત્રુઓ પર આપનું પ્રભુત્વ વધારે રહેશે. મંગળવાર આપના જીવનસાથીની તબીયતમાં ગરબડ થાય તેમ છે. બુધવાર જાહેર સ્થળોએ અજાણી વ્યક્તિની વાતોમાં આવશો નહી. ગુરૂવાર આપની માતા અને આપના જીવનસાથી સાથે તાલમેલ બનશે. શુક્રવાર કબજીયાત તેમજ વાયુના કારણે તકલીફ થવાની છે. શનિવાર મોસાળ પક્ષ તરફથી લાભ થશે. રવિવાર જીવનસાથી સાથે મુસાફરીના યોગ છે.




મકર : સોમવાર સંતાનોના કામોમાં સફળતા મળશે. મંગળવાર નોકરીના કામકાજમાં અવરોધ વિઘ્નો આવશે. બુધવાર શત્રુઓ તરફથી હેરાનગતિ તેમજ નુકશાન થવાના યોગ છે. ગુરૂવાર દામ્પત્ય જીવનમાં મુશ્કેલીઓ આવવાના યોગ છે. શુક્રવાર ભાગીદારીના કામકાજમાં આવેલ મુશ્કેલીઓ દૂર થશે. શનિવાર ધંધા વ્યવસાયમાં પ્રગણી થતી જોવા મળશે. રવિવાર અગત્યના કામોને મુલતવી રાખશો તો લાભ છે.




કુંભ : સોમવાર દરિયા કિનારાના પ્રવાસોનું આયોજન થાય. મંગળવાર સંતાનોના આરોગ્યના પ્રશ્નો ઉભા થવાના છે. બુધવાર શેર સટ્ટો, જુગારમાં લાભ થવાનો છે. ગુરૂવાર મિત્રો તેમજ પરિવારના સભ્યોની મદદ મળશે. શુક્રવાર પરદેશ જવાના કામકાજમાં અવરોધ આવશે. શનિવાર વિલવારસાઈના કામકાજમાં સફળતા મળશે. રવિવાર જીવનસાથી સાથે ફરવા જવાના યોગ છે.




મીન : સોમવાર ભાઈ ભાંડુઓ તરફથી લાભ થવાનો છે. મંગળવાર જમીન મકાન અને વાહનના કામમાં સફળતા મળવાના યોગ છે. બુધવાર કામકાજના સ્થળે અથવા ઘરે ચોરી થવાની શકયતા છે. ગુરૂવાર પિતા સાથે મુસાફરીના યોગ બને છે. શુક્રવાર પરદેશ જવાના કામોમાં સફળતા મળશે. શનિવાર દામ્પત્ય જીવનમાં પ્રસન્નતા વધશે. રવિવ્ર આરામમાં પસાર થશે.

# સંકટમોચન ગ્રંથવિમોચન

પ્રથમ બાળકપ્રાપ્તિ પ્રસંગે માણસજાતને અનહદ આનંદ થાય છે, તેમ પ્રથમ ગ્રંથના પ્રાગટ્ય સાથે લેખકમહાશયની ખુશી ફુલીને ફાળકો થઈ જાય છે. મારી તો નમ્ર વિનંતી છે કે, કોઈ ભંગાર લેખકની પણ પ્રથમ કૃતિ હોય તો તેનું પણ ગાંઠના પૈસા ખરચીને ગ્રંથવિમોચન કરાવી દેવું જોઈએ, કોઈ ધર્માદા સંસ્થા સમૂહલગ્નો ગોઠવી આપે છે તેમ.


પ્રસિદ્ધ લેખકના ગ્રંથનું વિમોચન ગોઠવવામાં આવે છે તે સર્વથા અયોગ્ય છે અને હાનિકારક પણ છે, કારણ કે પ્રોત્સાહિતને ઉત્તેજન આપીએ તો મર્કટને મદિરાપાન કે નિસરણી ધરવા જેવું કૃત્ય ગણાશે. એટલે ઉગતા કે આથમવાની અણી પર હોય તેવા લેખકના ગ્રંથનું વિમોચન જો કોઈ સેવાભાવી સંસ્થા કે સાહિત્યિક સંસ્થા, આવો રૂડો અવસર યોજે તો લેખકનાં અનેક સંકટોની મુક્તિ થતી હોય છે.

બીજા લેખકોની માફક લેખકોની આર્થિક સ્થિતિ આ મોંઘવારીના જમાનામાં સ્વસ્થ હશે તેમ માનવાને કોઈ કારણ નથી, અને ઘરનું ગોપીચંદન ખરચીને પ્રસિદ્ધિના શિખરે ચઢી બેસવાનું કેટલાકને અનુકૂળ ન પડે તેવો પણ સંભવ છે. ગ્રંથવિમોચનના શુભ પ્રસંગે સજ્જનોને એકત્ર કરવા આમંત્રણપત્રિકા છપાવવી, હોલ બુક કરાવવો, પહેરવા કે પહેરાવવા ફૂલહારની ગોઠવણ કરવી, અગરબત્તી કે એવું તેવું ધૂળધમાં લાવવું, કોઈ કાને બહેરું હોય તો તેને પણ સંભળાય તેવી માઈકની વ્યવસ્થા કરવી અને અંતે આઈસક્રીમ આરોગાવી મધુરેણ સમાપયેત્ થાય- આવી સુવ્યવસ્થા કરવી એ લેખક મહાશયના ગજા બહારની વાત છે, કારણ કે, એણે જિંદગીમાં કોઈનો આઈસક્રીમ ધરાઈને ખાધો હશે, પણ ખવડાવ્યો હશે ખરો ? એટલે આઈસક્રીમની અધધધ ખર્ચવાળી જવાબદારી લેખક ઉપર તો નખાય જ નહી. એટલે જ પુસ્તક છાપનાર પ્રકાશક સંસ્થા, કોઈ ઉદાર સાહિત્યપ્રેમી દ્રવ્યવાન ભદ્ર પુરુષ કે એના જેવા જ મિત્રો ફૂલ નહીં તો ફૂલની પાંખડીઓ ભેગી કરી, સ્વૈચ્છિક ફાળો એકત્ર કરી, સંકટમોચન ગ્રંથવિમોચન કાર્યક્રમ પ્રયોજે અને સુપેરે પાર પાડે તે સર્વથા ઉત્સાહપ્રેરક દૃશ્ય ગણાશે.

કેટલાક ઊંધા મગજવાળા મનુષ્યોની એવી સમજ છે કે, આ પ્રથા પ્રચાર અને આત્મશ્લાઘાને ઉત્તેજન આપી લેખકના આત્માને તૃપ્ત કરે છે. આ પ્રચારના જમાનામાં ન ખપતા ગ્રંથોનું વિમોચન કરવામાં આવે તો થોડા ગ્રંથો ઓછા થવાનો સંભવ અવશ્ય છે, કારણ કે જે જે લોકો વખાણ કરે તેમના હાથમાં એક પણ પૈસા લીધા વિના અને કોઈ આગ્રહ કરે તોપણ, એના પૈસા એના ખિસ્સામાં પાછા મૂકી દઈને હસતે મુખે પુસ્તકો પકડાવી દેવાં, શરમના માર્યા કોઈ વેચાતાં લેવા પ્રેરાય તો એમના ભોગ, બાકી ઘરમાં કે વખારમાં મોકળાશ થશે.

કેટલાક સજ્જનોની એવી સલાહ છે કે, ન ખપતાં પુસ્તકોને ઠેકાણે પાડવા અને સાથે સાથે લેખકને પણ ઠેકાણે પાડવા, ગ્રંથવિમોચન જેવો કોઈ ઉત્તમ ઉપાય નથી, કારણ કે એના બે ફાયદા છે. એક તો લેખકને જેણે જેણે જોયા ન હોય તે આ પ્રસંગે જોઈ શકે અને બીજો એ કે ભવિષ્યમાં પણ જે પુસ્તકનાં દર્શન ન થવાનાં હોય તેનાં દર્શન કરવાનો સુયોગ પ્રાપ્ત થાય- આ કાર્યક્રમના બંને સુભગ અશો છે.

હું એક એવા લેખકને ઓળખું છું, જેમનું નામ જાહેર કરી એમને વિશેષ ખ્યાતિ આપવાની મારી દાનત નથી. એમણે પોતાના પ્યારા ગ્રંથનું રંગેચંગે વિમોચન કરાવેલું અને એમનું એ કૃશકાય પુસ્તક હજી પણ વેચાયા વિનાનું પડી રહ્યું છે. વહેંચાયું હશે, પણ વેચાયું નથી તે નકકર સત્ય છે. એમણે એ પુસ્તક ખપાવવા ભાતભાતના ઉપાયો યોજેલા. એમણે ઉછીનાં નાણાં લાવીને પ્રકાશકને પોતાનું પુસ્તક પ્રગટ કરવા વિનવેલા, એમની કેટલી રકમ ફસાયેલી તે એ જાણે. પોતાના પરિવારને મુશ્કેલીમાં મુકીને આવુંબધું તે કરી બેઠેલા. પુસ્તકો ભરવા કબાટ પણ વસાવેલું. કોઈ કાવ્યગોષ્ઠિ કે લેખક સંમેલનમાં જાય તો સાથે થોડાં પુસ્તકો લેતાં જાય અને કોઈ ફસાય તો રોકડામાં અને છેતરી જાય તો મફતમાં આપ્યાં ગણી, પુસ્તકોથી છુટકારો મેળવવાનો આનંદ અનુભવતા. હમણાં મને કોઈ જાણભેદુએ એવી માહિતી આપી છે કે એ લેખક મહાશય પોતે પોતાનાં પુસ્તકો વેચવા ફૂટપાથ અને સડકો પર ખભે થેલો લટકાવીને ઘૂમી રહ્યા છે.



## જરા હસી લે
-પ્રા. દિનકરદેસાઈ "વિશ્વબંધુ"

કંઈક કશુંક ઉત્તમ લખવું એ કાર્ય પોતે જ ઘણું અઘરું છે, પણ લખાય પછી છપાય અને છપાયેલું વેચવું એ તો વળી એનાથી પણ દુષ્કર કાર્ય છે. રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, પ્રધાનમંત્રી, પ્રધાન, ઉદ્યોગપતિ કે સાહિત્યકાર આદિ સુજ્ઞજનો પુસ્તકોનું વિમોચન સદા હસતા મુખે કરે છે. પણ વિમોચન પામેલાં પુસ્તકોનું ભવિષ્ય જોવા એ સજ્જનો નવરા પડતા નથી. એનું ભવિષ્ય ત્રિપુટી જાણે છે. એક તો પ્રકાશક, બીજો એનો લેખક અને ત્રીજી ઉધઈ, કોઈ કન્યાનાં માતા-પિતાએ ઘરેણા પડાવી રાખ્યાં હોય, કપડાલત્તાં લાવી દીધાં હોય, કન્યાને પીઠી ચોળી દીધી હોય, મંડપ બંધાવી દીધો હોય, ઢોલ ઢબૂકતા હોય અને વરરાજા પરણવા જ ન પધારે તો શી દશા થાય ! કન્યાને વિદાય થયા વિનાની રખડી પડેલી જોતાં જેવી માતા-પિતાની દશા થાય તેવી પ્રકાશક-લેખકની થાય છે.

ગ્રંથવિમોચનના શુભ પ્રસંગે એકાદ-બે ફોટા પડાવ્યા હોય એનો નશો થોડો સમય રહે છે ખરો, પોતાના મિત્રો, પત્ની અને બાળકોને રાજી કરવા બતાવી પણ શકાય છે, પણ પછી એ નશો ઉતરી જતાં અને ગ્રંથનાં બંડલો સાચા અર્થમાં બંડલ પુરવાર થતાં બિચારા લેખકની કેવી દયનીય દશા થતી હશે તેની તપાસ કોઈએ કરી કે કરાવી છે ખરી ? બાકી પુસ્તકો ખરીદ કર્યા વિના માગીને કે ભેટ મેળવીને સંતોષ માનતા સાહિત્યિક રસિક સજ્જનો ગ્રંથવિમોચન પ્રસંગમાં શોભામાં અભિવૃદ્ધિ અવશ્ય કરે છે તેની કોઈ ના પાડી શકે તેમ નથી.

પોતાનો અમૂલ્ય સમય નષ્ટ કરીને જે મહાનુભાવોને ગ્રંથવિમોચન કરવા ખેંચી લાવવામાં આવે છે તેમનો કોઈ વાંકગુનો હોતો નથી. આપણે જાણીએ છીએ કે આવા ભદ્ર પુરુષો પર દબાણ લાવવું પડે, કેટલી આજીજીઓ કરવી પડે, કેટલા આંટાફેરા મારવા પડે, ત્યારે તેઓ ગળામાંથી 'બે શબ્દ' બોલી આશીર્વાદ આપવા કટિબદ્ધ થાય છે. 'બે શબ્દો'માં પણ એમની પાસે શુનું શું બોલાવડાવીએ છીએ અને પછી આશ્ચર્ય ત્યારે થાય છે, જયારે 'લેખક કે લેખકના કર્તૃત્વ અંગે બોલવાને બદલે કંઈક ભળતું જ ભરડી ગયા' તેવી શ્રોતાનો ફરિયાદ કરતા હોય છે. પરિણામે, પુસ્તકના ખપવાની વાત તો દૂર રહી, પણ જેમને પુસ્તક મફત મળ્યું હોય તે પણ વાંચવાની પરવા કરતા નથી. શ્રોતામાંથી કેટલાકના મનમાં લેખક પ્રત્યે ઈર્ષાનો ભાવ જાગ્રત થાય છે. કેટલાક શ્રોતાઓ તો એવું પણ માનતા હોય છે કે, ગ્રંથવિમોચન પ્રસંગે હાજર રહેનારા પ્રત્યેકને લેખકનું એક એક પુસ્તક મફત મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે.

સમાજમાં સર્વશ્રેષ્ઠ ગણાતા દેશભક્ત નેતા, પદાધિકારી કે સાહિત્યપ્રેમીના પવિત્ર હસ્તે જેનો સ્પર્શ પામ્યા હોય એ ગ્રંથ ધૂળ ખાતો પડ્યો રહે તે તો જે તે ગ્રંથવિમોચન કર્તાનું હડહડતું નહી, તો હળવું અપમાન છે. આ થતું અપમાન માનમાં ફેરવી દેવા દયાળુ સરકારે વિમોચન પામેલા ગ્રંથને એની સમગ્ર પ્રતો સહિત ખરીદી લેવો જોઈએ અને ગ્રાન્ટ આપવાને બદલે પુસ્તકાલયોમાં રવાના કરી દેવો જોઈએ. જેથી ત્રિવિધ ફાયદા થશે. એક તો, પ્રકાશકની વખારનો કચરો સાફ થશે. બીજો, સરકારને ગ્રાન્ટ ઓછી આપવી પડશે અને ત્રીજો, લેખક પોતાના પુસ્તકને લાઈબ્રેરીમાં પધારેલું જોઈને વાચકોને 'આ પુસ્તક સારું છે, મારું લખેલું છે, વાંચો' એવી કબૂતરની માફક છાતી ફુલાવી ભલામણ કરી શકશે.

પ્રકાશક કે લેખક પોતે ઘેર ઘેર પુસ્તકો વેચવા ફરતો ફરે અને અનેકના દ્વાર ખખડાવે અને દવાર ઉઘાડનારો ખખડાવનારને ખખડાવે, તે દૃશ્ય ઘેર ઘેર ફરી ભીખ માગતાં માગણ જેવું લાગવાનો સંભવ છે- અને જેણે વિમોચન કર્યું હોય તે મહાનુભાવનું તેમાં જાહેર અપમાન રહેલું અમને લાગે છે, કારણ કે વેચવા જનારો એમ તો કહ્યા વિના રહેવાનો જ નહીં કે, 'આ સામાન્ય ગ્રંથ નથી. આ ગ્રંથનું વિમોચન તો ફલાણાને હસ્તે થયેલું છે.' એટલે એ પવિત્ર પુરુષને અચૂક થનાર અપમાનથી બચાવવા માટે પણ ઉપર સુચવ્યો તે ઉપાય ફળદ્રુપ ભેજાની પેદાશ ગણાશે.

મહાનુભાવોને ગ્રંથવિમોચન કરતા અટકાવવાનું કામ આપણી શક્તિ બહારનું છે, અને હવનમાં હાડકું નાખવાનું કામ કોઈ નીચ મનુષ્ય જ કરે. એટલે ગ્રંથવિમોચન કર્તાઓ પોતાના મગજને સુધારે નહીં ત્યાં સુધી એમનું થઈ રહેલું અપમાન હળવું થાય તેવા જ પ્રયત્નો આપણે કરવા રહ્યા. પ્રકાશક, લેખક અને વિમોચનકર્તાને આ બધાથી છુટકારો મેળવવો હોય તો એક સહેલો અને સચોટ ઉપાય મારી પાસે છે, અને તે એ કે, જયાં ગ્રંથવિમોચન સમારોહ યોજાયો હોય તે હોલના મધ્યભાગમાં ગ્રંથનો ઢગલો કરવામાં આવે અને પધારેલી જનતાને છૂટ આપવામાં આવે કે જેને જેટલી પ્રતો જોઈતી હોય તે લઈ જઈ શકે છે. આમ કરવાથી પ્રતો વખારોમાં પડી પડી સડી નહીં જાય, ઉંદરો કર્તનકળા અજમાશે નહીં કે ઉધઈ સ્વાહા કરી નહીં જાય. પ્રકાશક અને લેખક સુખેથી ઉંઘી શકશે. એટલું જ નહીં, પછી જ્યાં જ્યાં ગ્રંથવિમોચન સમારોહ યોજાશે ત્યાં ત્યાં શ્રોતાઓનાં અને પ્રશંસકોના ટોળેટોળાં દિવાળીના સેલની માફક ગાંડાં બનીને ઉમટશે અને એમને લૂંટફાટ- મારામારી કરતા અટકાવવા- બચાવવા પોલીસફોર્સની પણ અગાઉથી ગોઠવણ કરી રાખવી પડશે. પુસ્તકનો એટલોબધો પ્રચાર થશે કે બીજી આવૃત્તિ, ત્રીજી આવૃત્તિ, એમ આવૃત્તિની વણઝાર રેલવે ગાડીના ડબ્બાની ભ્રાન્તિ કરાવતી ઉભી રહેશે. જેમ વધુ આવૃત્તિઓ, તેમ પુસ્તકનો બહોળો ફેલાવો અને લેખક મહાશય કીર્તિના સરોવરમાં ડૂબકાં ખાતા રહેશે. લેખકે સદેહે પૃથ્વી પર હાજર નહીં હોય ત્યારે પણ, એમનો અક્ષર દેહ અમર બની ખૂણેખાંચરે જીવતો રહેશે.

મારી જિંદગીમાં હું એકવાર ગ્રંથવિમોચન સમારોહમાં ઉપસ્થિત રહ્યો હતો. ગ્રંથવિમોચનકર્તા ઉદ્યોગપતિ હતા. સાહિત્ય સાથે નહીં, તો દ્રવ્ય સાથે એમને સુયોગ હતો. એમના ભાષણનું પહેલું વાક્ય હતું: 'આ બધાં જ પુસ્તકો હું ખરીદી લઉ છું.' તાળીઓના ગડગડાટથી હોલ ગુંજી ઉઠયો, પણ લેખકનાં અને પ્રકાશનાં મુખ ઉતરેલી કઢી જેવાં થઈ ગયાં. રહસ્ય એ હતું કે, પ્રકાશકે માત્ર પાંચસો જ પ્રતો છપાવી હતી, હજાર પણ નહીં. પાંચ હજાર છાપી હોત તો લંક લાગી જાત. પુસ્તકાલયો, હાઈસ્કૂલો, કોલેજોમાંથી જે ઉત્સાહીજનો પુસ્તકો ખરીદવા આવે છે તેમને દશ ટકા ઉપરાંત હરખના રોકડા રૂપિયા લટકામાં આપવામાં આવે છે, તે હવે મળશે નહીં તે જાણી લાગતા-વળગતા નારાજ થયા. અત્યાર સુધીમાં હેમખેમ રહેલી સરસ્વતીદેવી પણ હવે ભયમુક્ત રહેશે નહીં. ચાલો ત્યારે, સરસ્વતીદેવીની આરાધના કરવાનો પરવાનો મેળવનારા આપણે બધા સંકટમોચન ગ્રંથવિમોચન સમારોહો યોજીએ, ઠેરઠેર!

# 'જીવ'નું કેવું મધુર પૃથક્પણું પ્રભુને ગમે ?

## પ્રભુ ને શું ગમે ?
-અંબાલાલ પટેલ

સ્વની ? સ્વશક્તિની ? સ્વકાર્યની ઓળખ હોય,

પ્રભુ સંબંધ મધુરો રહે, જીવન સુવાસિત બને.

આપણને સૌકોઈને ઓળખ હોય છે. માતા-પિતા, ભાઈ, પતિ, ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય વિગેરે અને તે ઓળખ જરૂરી છે. તેવી જ રીતે જીવનમાં હું કોણ ? મારા 'સ્વ'ની એટલે 'જીવ'ની ઓળખ પણ તેટલી જરૂરી છે. આ શરીરમાં જીવાત્મા અને ભગવાન બંને છે અને તે બન્નેથી જીવન ચાલે છે. તો હવે 'જીવ'ની ઓળખ શું છે તે જોઈશું. એક વાસનારહીત, અહંકારરહીત, ચૈતન્યબ્રહ્મ છે. તેમાં સ્ફુરણ થતાં શક્તિ નિર્માણ થઈ. આ માયા સબલીત બ્રહ્મ થયું. તેમાં જ્ઞાન, શક્તિ અને ક્રિયાશક્તિ નિર્માણ થઈ. તેને હિરણ્ય ગર્ભ કહી શકાય. નિર્ગુણ નિરાકાર બ્રહ્મને સગુણ સાકાર કેમ થવું પડ્યું તે પુછાય નહિ. 'લોકવતુતુ લીલા કૈવલ્યમ્?' એક છોકરો દડો રમતો હોય, દીવાલ ઉપર ફેંકે તો દડો સામો આવે તો પકડે. પાછો ફેંકે, પકડે ત્યારે કોઈએ પૂછ્યું તું દડો ફેંકે છે તો પકડે છે કેમ અને પકડે છે તો ફેંકે છે કેમ ? આનો જવાબ નથી. આ તો એક નિર્દોષ રમત છે. તે જ રીતે ભગવાન પણ પોતાને ક્રીડાર્થે, લીલાર્થે એકના અનેક રૂપે 'એકોહમ્?બહુશ્યામ્?પ્રજાયેન્?' થયા. પોતાના જ ચૈતન્યને ઈચ્છા અને અહમ્?ચીટકાવી દીધા અને પછી જે ચૈતન્યનું રૂપ આવ્યું તે 'જીવ' થયો. પ્રભુ જ પોતે લીલાર્થે-કીડાર્થે જીવરૂપ થયા છે. જીવનું રોમટીરીયલ ભગવાનથી જુદું નથી, પણ ભગવાને પોતાને રમવા માટે આ જીવને ઈચ્છાનું સ્વાતંત્ર્ય આપ્યું.

જેમ શેઠ-શેઠાણી બાજીનાં પત્તાં રમતાં. શેઠના એક્કાને સરના પત્તાથી શેઠાણી કાપે ત્યારે શેઠ કહે હું તારો પતિ છું. ત્યારે શેઠાણી કહે એ વાત સાચી, પણ બાજીની રમતમાં અને બાજીના બંધારણમાં રહી સ્વતંત્રતા આપો તો જ રમત ચાલે, નહીં તો રમત ન ચાલે. નોકરને પણ શેઠ જોડે બાજી રમતાં સ્વતંત્રતા જોઈએ તો જ રમત ચાલે. તે ન્યાયે ભગવાને પણ રમવા માટે જીવને ઈચ્છા સ્વાતંત્ર્ય આપ્યું છે.

જેમ શેઠાણીએ બાજીની રમત રમતાં ઈચ્છા સ્વાતંત્ર્ય લઈને રમત માટે પૃથક?પણું શેઠની સાથે સ્વીકાર્યું છે તેથી રમત ચાલે છે. શેઠના પત્તાને કાપે છે, પણ તેનો સંબંધ તો પતિ તરીકેનો મધુરો જ રહે છે. ચાલુ રમતે પણ ચા બનાવીને શેઠને આપે છે. મારા પતિ છે તે સંબંધની લાગણી ભૂલાતી નથી. તેવી જ રીતે જીવનો વ્યવહાર પણ સંસારમાં રહી પોતાના સ્વધર્મમાં રહીને કર્મ કરતાં કરતાં પણ હું પ્રભુનો અંશ છું, તેનું જ ચૈતન્ય છું. જેમકે—

'આદમકો ખુદા મત કહો, આદમ ખુદા નહિ',
લેકીન ખુદા કે નૂરસે આદમ જુદા નહિ.

તે ન્યાયે મને અહમ્?અને ઈચ્છા લાગતાં હુ જીવ બન્યો છું. પ્રભુની જરૂરિયાતે જ મારું જીવ તરીકેનું અસ્તિત્વ આવ્યું છે. પ્રભુને આ જગતમાં ક્રીડાર્થે મારી જરૂર છે. તેથી જગતમાં મારું આવવું તે ગૌરવાસ્પદ છે. છતાં જીવનું સ્વરૂપ એટલે કેવળ ચૈતન્ય નથી, કારણ તેને અહમ્?અને ઈચ્છા ચીટકેલા છે. સામે જીવનું સ્વરૂપ જડ પણ નથી, કારણ અહમ્?અને ઈચ્છા ચૈતન્યના આધારે છે. તેથી મરણ વખતે જીવ ચૈતન્યમાં ભળી શકતો નથી અને ચૈતન્ય હોવાથી બળી જતો નથી. તેથી તેને પુનઃજન્મ થાય છે અને તે વાસના, કામના આધારીત છે. કારણ જીવને ઈચ્છા સ્વાતંત્ર્ય હોવાથી જે તે કર્મોનો જવાબદાર પોતે બને છે અને કર્મ મુજબ વાસના બંધાય છે અને તે મુજબ નવો જન્મ મળે છે. આ થઈ સ્વની ઓળખ એટલે જીવની ઓળખ. હવે જોઈશું સ્વશક્તિની ઓળખ.

પ્રભુએ ચૈતન્યને અહમ્?અને ઈચ્છા આપી, સ્વાતંત્ર્ય આપ્યું. એટલે હું બની શકું છું, થઈ શકું છું, બદલી શકીશ, બદલાવી શકીશ, ઈચ્છાને સદ્ઈચ્છા કરીશ. પ્રભુ ઈચ્છા કરીશ, પ્રભુગમ્ય ઈચ્છા કરીશ, નરમાંથી હું નારાયણ બની શકું છું અને રાવણ પણ બની શકુ છું. માટે ઈચ્છાને દૈવી કરો, ભવ્ય કરો. વાલિયાને કોળીમાંથી વાલ્મિકી થઈ શકાય. રાક્ષસ કુળમાંથી પ્રહ્?લાદ પણ થઈ શકાય. જેવી ઈચ્છા તેવી રીતનું રૂપ ધારણ થઈ શકે છે. આ પ્રભુ દત્ત ઈચ્છાશક્તિની ઓળખ હોવી જોઈએ, અહમ્?ને પણ શણગારવો. હું પ્રભુનો છું એટલે હલકો નથી, શુદ્ર નથી, દુબળો નથી, દીન નથી. નાનો ખૂબ છતાં હું તારો. તવ શક્તિ અભિમાન એ ન્યાયે મારા અહમ્?ની પાછળ તારી શક્તિ છે. મારા અહમ્?નો આધાર પ્રભુમ્તું છે, અહમ્?મા સૌભાગ્ય છે. તારા જ ચૈતન્યને અહમ્?અને ઈચ્છા લગાડતાં હું જીવ બન્યો છું એટલે હું તારો છું તેનું મને ગૌરવ છે. તારી જ શક્તિ મારી જોડે છે તેનું ભાન હોવું જોઈએ.

જેમકે રાવણ સીતાને લંકામાં લઈ ગયો હતો. તેની શોધ માટે હનુમાનની વાનરસેના દરિયા કિનારે આવી હતી. હવે દરિયો પાર કેમ કરવો તેની વિમાસણમાં હનુમાન સહિત બધા લમણે હાથ દઈ બેઠા હતા, ત્યારે એક બુઝર્ગ એવા જાંબુવાન રીંછે આવીને હનુમાનની શક્તિને જગાડી. ભાન કરાવ્યું કે હે હનુમાન બધા તો નિરાશ વદને બેસે પણ તું લમણે હાથ દઈ કેમ બેઠો છે ! તારી શક્તિને હું જાણું છું. તારો જન્મ થતાં જ તેં સૂર્યને લાલ પાકું ફળ સમજીને તોડવા છલાંગ મારેલી. તેની સામે આજે આ દરિયો કુદવો તારે માટે રમત છે. ઊઠ ઊભો થા. તું અંજનીપુત્ર છે. આટલું બોલતાં હનુમાનની સ્વશક્તિની સ્મૃતિ જાગ્રત થઈ અને છલાંગ મારી સમુદ્ર પાર કર્યો. તે ન્યાયે હું પણ પ્રભુપુત્ર છું. પ્રભુની જ શક્તિ મારી પછવાડે છે. એ શક્તિની ઓળખ જીવનમાં મોટી વાત છે. સ્વની ઓળખ સ્વશક્તિની ઓળખ થઈ. હવે સ્વકાર્યની ઓળખ જોઈએ.

સ્વકાર્ય એટલે સ્વધર્મકર્મ. અર્જુનને મહાભારતના યુદ્ધમાં વ્યામોહ થયો, વિષાદ થયો ત્યારે યુદ્ધમાંથી ભાગી જઈ જંગલમાં જઈ સંન્યાસ જીવન જીવવા કહ્યું. ત્યારે ભગવાને તેને સાંખ્ય યોગ કહ્યો. આત્માની અમરતા, દેહની ક્ષણભંગુરતા અને સ્વધર્મ કર્મની અબાધ્યતા સમજાવી. તું ચક્રવતી ક્ષત્રિય રાજા છે. તારે શાશ્વત ચિરંતન, નૈતિક મૂલ્યો, પ્રભુના કાયદા, ધર્મના કાયદાનું રક્ષણ કરવું તે તારો ધર્મ છે. સામે જે લોકો પ્રભુ-કાયદા છોડીને પોતાના કાયદાથી રાજ્ય ચલાવવા માગે છે તેમની સામે લડવું એ તારું સ્વધર્મ કર્મ છે. સામે સુદામા બ્રાહ્મણ છે તો તેને આમજનતા પાસે જઈ ભાવ અને વિચાર આપી ઈશ્વર સન્મુખ કરવા તે સુદામાનું સ્વધર્મ કર્મ છે. બન્નેની સ્વધર્મ કર્મથી ભક્તિ છે. સુદામા બ્રાહ્મણ છે તો તે વિચાર-ભાવ આપી માથાં બદલે છે, જ્યારે અર્જુન ક્ષત્રિય રાજા છે તે સત્તા, સંપત્તિમાં બેફામ થયેલા રાજાઓનાં માથાં કાપીને પ્રજાને ઈશ્વરના કાયદા, ધર્મના કાયદાનું પાલન કરાવે છે. બંને પોતપોતાની જગ્યાએ ભક્ત છે.


આપણે પણ આપણી જગ્યાએ દિવસ દરમ્યાન બે કલાક ધર્મ માટે, આઠ કલાક અર્થ કમાવવા ધંધા માટે, છ કલાક નાહવા-ધોવા, ખાવા-પીવા, સગાસંબંધી પીકનીક માટે અને આઠ કલાક ઉંઘવા માટે વાપરી ચોવીસ કલાક પુરા કરીશું. અનુક્રમે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તે રીતે જીવનને ન્યાય આપીશું. સ્વકાર્યને સમજી યોગી જીવન બનાવીશું. ઉપર કહ્યું તેમ 'સ્વ'ની ઓળખ, 'સ્વ' શક્તિની ઓળખ અને સ્વકાર્યની ઓળખથી જીવન જીવીશું તો તેવું 'જીવ'નું મધુર પૃથક?પણુ પ્રભુને જરૂર ગમશે.

### સંગ કીધો મેં તો સદા તારો

(રાગ : રંગ લાગ્યો કનૈયા મને તારો)

સંગ કીધો મેં તો સદા તારો, જગત ભર્યું ભર્યું લાગે;
તારી શક્તિનો સ્પર્શ અનુભવ્યો, જીવન મારું ખીલે ખીલે.
સૃષ્ટિ સકલ છે રૂપ જ તારું; તારાથી જ તો તૂજ છવાયો.
તારો મળતો બધાથી અણસારો... જીવન મારું.
તું તો રહ્યો અણુ, પરમાણુમાં; ખાલી જગ્યા ના તારા વિનાની.
તોયે મળતો તું તારી મૂર્તિમાં... જીવન મારું.
આકાશ વાયુ ને તેજ પણ તું છે; જળ ને પૃથ્વી રૂપે જ થયો છે.
તું તો રૂપે અરૂપે બધે તું... જીવન મારું.
તું છે સાગર હું તારું મોજું; તત્ત્વ બંનેનું એક જ જાણું.
તું રહે તું - હું હું રહી મોજ માણું... જીવન મારું.

# લૈલા- મજનૂની મઝાર રાજસ્થાનમાં છે




પ્રેમ શબ્દ સૌને પ્રિય અને સર્વત્ર વ્યાપ્ત છે. પ્રેમ ઉપર સાહિત્ય અવિરત રચાતું જ રહે છે. પ્રેમના પ્રકાર અનેક છે. માતાનો પ્રેમ તેમાં સર્વોચ્ચ છે. મિત્ર પ્રેમ માટે ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામાનો પ્રસંગ સૌ જાણે છે. પ્રેમી પંખીડાની વાત હોય ત્યારે રોમિયો-જુલિયેટ, શીરી-ફરહાદ, લૈલા-મજનૂના નામ સૌ ફટાફટ બોલી શકે છે. ઉપરોકત પ્રેમીઓ ઉપર એકથી વધુ ફિલ્મ સમયાંતરે બની છે.

સનાતનીઓ માટે પતિ-પત્નીના પ્રેમનું સર્વોચ્ચ ઉદાહરણ ભગવાન શ્રીરામે પુરું પાડયું હતું. અપહ્યત પત્નીને છોડાવવા અપહરણકારના આખા સામ્રાજયનો ખાત્મો કરી માનભેર પત્નીને પાછા લાવવા શ્રીરામે દરિયાને પણ નાથી લીધો હતો. લૈલા-મજનૂ બહુ પ્રસિદ્ધ જોડી છે પરંતુ તેમની કબર હિન્દુસ્તાનમાં છે એ બહુ રસપ્રદ બાબત છે. મુસ્લિમો જ તેના દર્શને જાય છે તેવું નથી. મુસ્લિમો તેને કબર તો હિન્દુઓ તેને સમાધિ કહે છે.

લૈલા-મજનૂની કબર રાજસ્થાનમાં હોવા સંદર્ભે વિવિધ વાતો ચર્ચામાં છે. કોઈ આ વાત સાતમી સદીની તો કોઈ ૧૧મી સદીની હોવાનું કહે છે.

પ્રાપ્ત વિગતો મુજબ લૈલા-મજનૂનું પ્રેમ પ્રકરણ અરબસ્તાનના રેતાળ પ્રદેશમાં શરૂ થયું હતું. કહેવાય છે કે, લૈલા સ્વરૂપવાન ન હતી પરંતુ મજનું કહેતો કે, લૈલાની સુંદરતા તેના કાળા રંગની ચામડી સાથે જ જોડાયેલી છે. મજનૂનું મૂળ નામ કૈસ ઈબ્ન આમરી હતું. મજનૂના જન્મ સમયે જ જયોતિષે ભવિષ્યવાણી કરી હતી કે, આ પ્રેમમાં પાગલ થઈ ભટકતો રહેશે. આ વાતની સત્યતા કેટલી તે સંશોધનનો વિષય છે.

અન્ય પ્રચલિત દંતકથા મુજબ લૈલા-મજનૂની ઘટના ૧૧મી સદીમાં બની હતી અને સિંધ પ્રાંતમાં પ્રેમ પાંગર્યો હતો. એક માન્યતા અને કથા એવો ઉલ્લેખ કરે છે કે, "લૈલા અને મજનૂ એકબીજાના પ્રેમમાં સરી પડ્યા હતા. આ વાત લૈલાના પરિવારને પસંદ ન હતી. આથી લૈલાને એક સંપન્ન વેપારી સાથે પરણાવી દેવાઈ પરંતુ લૈલાએ તેના પતિને પોતે મજનૂની જ છે તેમ કહી દીધું. મજનૂ તેને મળવા બળબળતા રણને ખૂંદીને જાય છે પણ તેને પથ્થરો વડે મારી નાખવામાં આવે છે. લૈલા પણ મરી જાય છે.

આ સંદર્ભમાં હિન્દુસ્તાનમાં બન્નેની કબર ક્યાંથી તેવો સવાલ ઉદ્ભવે પરંતુ એક સમૂહે કરેલા દાવા મુજબ મજનૂ લૈલાને લઈને ભાગી જાય છે. લૈલાના પરિવારને એ બન્નેનો પ્રેમ પસંદ ન હતો એટલે તો લૈલાને અન્યત્ર પરણાવી દીધી હતી. મજનૂ ત્યાંથી તેને ભગાડી જતા લૈલાનો ભાઈ બદલો લેવા પીછો કરે છે. બન્ને ભૂખ-તરસથી ત્રસ્ત હોવા છતાં ભાગતા રહે છે. સિંધથી રાજસ્થાનના શ્રી ગંગાનગરના અનુપગઢ તાલુકાના બિંજૌર ગામમાં પહોંચે છે. તરસથી તડપતા આ પ્રેમી ત્યાં જ ઢળી પડે છે અને મૃત્યુ પામે છે બન્નેને ત્યાં જ દફનાવી દેવાય છે. આ ચર્ચા અને વાત આગળ વધારતા અમુક લોકો કહે છે કે, બિંજૌર ગામમાં લૈલા અને મજનૂની કબર હોવાની વાત આઝાદી પછી જાહેર થઈ. ૧૯૬૦થી આ સ્થળે જૂન માસમાં મેળો પણ ભરાય છે. પહેલા તો પાકિસ્તાનથી પણ લોકો તેમાં સામેલ થવા આવતા પછી સરહદો બંધ થઈ ગઈ. અત્યારે મેળામાં મુખ્યત્વે રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહારના લોકો આવે છે.

જ્યાં લૈલા-મજનૂની સમાધિ છે એ બિંજૌર ગામ વર્તમાન પાકિસ્તાનની સરહદની સાવ નજીક જ છે. બીએસએફએ પહેલા ત્યાંની સીમા ચોકીને લૈલા-મજનૂ નામ જ આપ્યું હતું. એ પછી લૈલાનું નામ દુર કરી માત્ર મજનૂનું નામ જ ચોકી સાથે જોડાયેલું રહ્યું છે. લૈલા અને મજનૂના પ્રેમને સફળતા ન મળી પરંતુ લોકોના દિલમાં આજે પણ તેઓનું સ્થાન છે. બિંજૌર ગામ પાકિસ્તાન સરહદથી બે કિલોમીટરે જ છે. ત્યાં બગદાદ શાહની દરગાહ છે. શરૂઆતમાં મજારની દેખભાળ કરનાર રાની રાયસીએ એવું કહ્યું હતું કે, આ સ્થળને લૈલા-મજનૂ સાથે કોઈ સંબંધ નથી પરંતુ એક શિક્ષક અને તેને સમર્પિત વિદ્યાર્થીની આ કબરો છે.

**પાકિસ્તાન સરહદના ભારતીય ગામમાં આ કબરે મેળો પણ યોજાય છે પરંતુ અમુક લોકો એક શિક્ષક અને તેના વિદ્યાર્થીની આ કબર હોવાનું કહે છે**

# ખાલી પેટે બેડ ટી પીવાનો ચાળો કરવા જેવો નથી

**ભૂખ્યા અથવા ખાલી પેટે કદી ચા પીવાની ભૂલ ન કરવી. સૌ જાણે છે કે ચામાં કેફિન નામનું તત્ત્વ છે અને ખાલી પેટે ચા પીવાથી પેટમાં વધુ પ્રમાણમાં એસિડ્સ પેદા થાય છે અને તમારું પાચન ખોરવાય છે**

ભારતમાં ચાના રસિયાઓની કમી નથી. ગુજરાતીઓમાં એક કહેવત છે કે જેની ચા બગડી એની સવાર બગડી. એમાંય ખાસ કરીને ભદ્ર વર્ગમાં બેડ ટીનું ચલણ છે. સવારે ઉઠતાવેંત ચા જોઈએ જ. ચાની ચુસકી વિના જુવાનિયાઓની આંખ પણ ખુલતી નથી. એકંદરે ચા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. બ્લેક ટીમાં મળતા એન્ટિ-ઓક્સિડન્ટ્સ કે કેટેચિન્સ શરીરની ચયાપચયની પ્રક્રિયા (મેટાબોલિઝમ)માં મદદરૂપ થાય છે અને ઈમ્યુનિટી (રોગપ્રતિકારક શક્તિ) વધારે છે. જોકે ચા પીવાના અમુક નિયમો છે. એ.માં સૌથી મહત્વનો નિયમ એ છે કે ભુખ્યા અથવા ખાલી પેટે કદી ચા પીવાની ભૂલ ન કરવી. સૌી જાણે છે કે ચામાં કેફિન નામનું તત્વ છે અને ખાલી પેટે ચા પીવાથી પેટમાં વધુ પ્રમાણમાં એસિડ્સ પેદા થાય છે અને તમારું પાચન ખોરવાય છે.

ખાલી પેટે બેડ ટી પીવાથી હેલ્થને માત્ર એક જ પ્રકારનું નુકસાન નથી થતું. બેડ ટીના બીજા ઘણા ગેરલાભો છે, જે જાણી લેવા બધા માટે જરૂરી છે.

(૧) ઉબકા આવે : આપણે રાતના પથારીમાં પડીએ ત્યારથી લઈને સવારે ઉઠીએ એ વચ્ચેના સમયગાળા દરમિયાન આપણું પેટ ખાલી હોય છે અને સવારે નીંદરમાંથી જાગતાવેંત બેડ ટી પીવાથી પેટમાં પિત્ત રસ પેદા કરવાની ક્રિયા ખોરવાય છે. એને કારણે નર્વસનેસ લાગવાની કે ઉબકા અને ફેર આવવાની તકલીફ થઈ શકે છે.

૨. બ્લેક ટી પણ નુકસાનકારક : ઘણાં એવું માને છે કે સવારે બ્લેક ટી પીવાથી લાભ થાય છે. બ્લેક ટીના હેલ્થ બેનિફિટસ હોઈ શકે, પણ એ ભૂખ્યા પેટે પીવી ખતરાથી ખાલી નથી. સવારે ઉઠતાવેંત બ્લેક ટીની ચુસકીઓ તમારું પેટ ભારેખમ કરી દેવા ઉપરાંત તમારી ખોરાક પ્રત્યેની રુચિ પણ ઘટાડી શકે છે એટલે બ્લેક ટીની ફેશન ફોલો કરવા જેવી નથી.

૩. મેટાબોલિઝમ ખોરવાય : સવારે ખાલી પેટે ચા પીવાથી સ્ટમકમાં એસિડિક અને અલ્કલાઈન દ્રવ્યો વચ્ચેની સમતુલા બગડે છે અને તમારી મેટાબોલિક સિસ્ટમ (ચયાપચયની પ્રક્રિયા) ખોરવાય છે. બોડીની રેગ્યુલર મેટાબોલિક એક્ટિવીટીમાં દખલ દઈ એ શરીરમાં ઘણી મુશ્કેલીઓ ઉભી કરે છે.

૪. દાંતની દુશ્મન : બેડ ટીને કોઈ દાંત કા દુશ્મન કહે તો એ ખોટું નથી. ભુખ્યા પેટે ચા પીવાથી આપણાં દાંત પરનું ઈનામલ (પડ) ઘસાય છે અને દાંત નબળા પડતા જાય છે. મોઢામાંના બેકટેરિયા સુગરને બ્રેક કરે એટલે મોઢામાં એસિડનું લેવલ વધી જાય અને એને કારણે દાંત પરનું ઈનામલ ક્ષીણ થતું જાય.

૫. ડિહાઈડ્રેશન નોતરે : ચામાં મૂત્રવર્ધક ગુણ છે જેને કારણે પેશાબ વાટે શરીરમાંથી પાણી બહાર ફેંકાય છે. શરીરમાં પાણીની કમી ડિહાઈડ્રેશન નોતરે છે. આપણે સવારે જાગીએ ત્યારે આપણું બોડી પહેલેથી જ ડિહાઈડ્રેટેડ હોય છે કારણ કે આઠ કલાકની ઉંઘ દરમિયાન આપણે પાણી પીતા નથી. એ સંજોગોમાં જો કોઈ સવારના ઉઠતાવેંત ચા પીએ તો ડિહાઈડ્રેશન વધી જાય અને પગમાં ગોટલા ચડવા જેવી તકલીફો ઉભી થાય.

૬. કબજિયાત અને ગેસ : સવારે જાગીને તરત દૂધવાળી ચા પીવાથી ઘણાંને પેટ ભારે અને ફુલેલુ લાગે છે. એટલા માટે દુધમાં રહેલું લેકટોઝનું ઉચું પ્રમાણ તમારા ખાલી આંતરડા પર માઠી અસર કરે. એને કારણે કબજિયાત અને ગેસ થાય છે.

૭. દેહમાં આયર્ન ઓછું થાય : શહેરીજનો હોંશેહોંશે ગ્રીન ટી તરફ વળ્યા છે. એમને ગ્રીન ટીમાં અઢળક લાભ દેખાય છે. એમને કદાચ ખબર નથી કે ગ્રીન ટી હકીકતમાં ખોરાકમાંથી આયર્ન (લોહ તત્વ શોષવાની ક્ષમતા ઘટાડી નાખે છે એટલે જ એનિમિયાથી (પાંડુરોગ)થી પીડાતી વ્યક્તિએ ખાલી પેટે ચા પીવાની ભૂલ ન કરવી જોઈએ કારણ કે બેડ ટી બીજા ખોરાકમાંથી આયર્ન શોષવાની શરીરની ક્ષમતા ઘટાડી વધુ મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.



૮. ઉદ્વેગને નોતરું : સામાન્યપણે કેફિન બોડીની એનર્જી વધારવા માટે જાણીતું છે. પરંતુ ભુખ્યા પેટે ટીની લિજજત માણવા જાવ તો કેફિનની આડઅસરો (સાઈડ ઈફેકટ્સ)ના ભોગ બનવાના પૂરેપૂરા ચાન્સિસ છે એને કારણે ફેર અને તમ્મર આવવા ઉપરાંત તમને સતત અસુખ લાગ્યા કરે છે.

બેડ ટી શારીકિ ઉપરાંત માનસિક વ્યાધિઓ પણ લાવે છે. ખાલી પેટે ચા પીવાથી વ્યક્તિ એન્ઝાયટી (માનસિક ઉદ્વેગ)નો શિકાર બને છે અને એને ઉંઘના બીજા પ્રોબ્લેમ્સ પણ થઈ શકે છે. ઈન શોર્ટ, સવારે ચા પીવી જ હોય તો એ નાસ્તો કર્યા પછી પીવાનું રાખો. બાકી, ખાલી પેટ ચા પીવાનો ચાળો કરવા જેવો નથી.

# અમદાવાદમાં ૭મી મેના રોજ ગરમીનું પ્રમાણ વધારે રહેશે

**(એજન્સી)અમદાવાદ,** મંગળવારે ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે. મતદાન વચ્ચે ગુજરાતમાં ગરમીનો પારો ઉંચકાવાનો છે. ગુજરાતમાં મતદાનના દિવસે નવું ટેન્શન આવ્યું છે. કારણ કે, હવામાન વિભાગે આ દિવસે ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરાયુ છે. ખાસ કરીને અમદાવાદ શહેરમાં મતદાનના દિવસે ગરમીના પારો ઉંચકાવાનો છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આગાહી કરતા કહ્યું કે, મતદાન સમયે અમદાવાદમાં આકરી ગરમી પડવાની છે. ગુજરાતના બાકીના જિલ્લાઓ કરતા મતદાન સમયે અમદાવાદમાં ૭ મેના રોજ ગરમીનું પ્રમાણ વધારે રહેશે. અમદાવાદમાં ૭ મે ના રોજ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાશે. તો ગાંધીનગરમાં પણ ૪૨ ડિગ્રી તાપમાન રહી શકે છે.

### તાપમાન પારો ૪૨ ડિગ્રી રહેવાની શક્યતા

સાથે જ હવામાન વિભાગે ગરમીને લઈને આગાહી કરતા કહ્યું કે, આગામી ૫ દિવસ રાજ્યમાં સૂકું વાતાવરણ રહેશે. જોકે ઉત્તર ગુજરાતમાં ૨ ડિગ્રી તાપમાન વધશે. આજે સૌરાષ્ટ્ર કચ્છ દિવમાં કોસ્ટલ એરિયામાં હીટવેવ આગાહી છે. તેમજ સુરતમાં પણ હીટવેવની આગાહી છે. આવતીકાલ સોમવારથી દીવમાં ૫ દિવસ હીટવેવની આગાહી છે. ૬ અને ૭ મે ના રોજ પોરબંદર અને ભાવનગરમાં હીટવેવની શક્યતા છે. તો ૭ મે ના રોજ અમદાવાદ અને ગાંધીનગર ૪૨ ડિગ્રી તાપમાન રહેશે. ૭ મે ના રોજ દીવ કોસ્ટલ એરિયામાં પોરબંદર અને ભાવનગરમાં હિટવેવની આગાહી છે. હાલ સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે ગુજરાતમાં અનેક જગ્યાએ વાદળછાયું વાતાવરણ છે. જોકે, હાલ વરસાદની કોઈ સંભાવના નથી. ગુજરાતમાં આકરી ગરમી પડવાની આગાહી છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટેનું કાઉન્ટડાઉન હવે કલાકોમાં શરૂ થઈ ગયું છે. ૭ મેના મતદાન છે ત્યારે અમદાવાદમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. તેથી મતદારોએ બપોર પહેલા મતદાન કરી લેવુ હિતાવહ રહેશે. બપોર બાદ કાળઝાળ ગરમીમાં શેકાવું પડશે.

# ચૂંટણી નિરીક્ષકોએ વેબકાસ્ટિંગ કન્ટ્રોલ રૂમની મુલાકાત લીધી

**(એજન્સી)અમદાવાદ,** ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ગણતરીના કલાકોમાં જ મતદાન યોજાવા જઈ રહ્યું છે ત્યારે જિલ્લામાં લોકસભા ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંત વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સર્વગ્રાહી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે અને ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા સુચારુ ઢબે સંપન્ન થાય, એ માટેની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ચૂકી છે.

કલેક્ટર કચેરી ખાતે વેબકાસ્ટિંગ કન્ટ્રોલ રૂમ તૈયાર કરી દેવામાં આવ્યો છે, જેની મુલાકાત અમદાવાદ જિલ્લાના ચૂંટણી નિરીક્ષકો દ્વારા લેવામાં આવી હતી. અમદાવાદ જિલ્લામાં સમાવિષ્ટ લોકસભા મતવિસ્તારોના ચૂંટણી ઓબ્ઝર્વર સર્વે વિનયકુમાર, અભિનવ ચંદ્રા, પુનિત યાદવ અને શશિપ્રકાશ જહાએ વેબકાસ્ટિંગ કન્ટ્રોલ રૂમની મુલાકાત લઈને આ કન્ટ્રોલ રૂમ કઈ રીતે કાર્યરત રહેશે, એ અંગે જાણકારી મેળવીને પોતાનાં સૂચનો આપીને માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. ચૂંટણી નિરીક્ષકોની આ મુલાકાતમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે. તથા અમદાવાદ પૂર્વના ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે પણ જોડાયાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ જિલ્લામાં કુલ ૨૭૪૧ મતદાન મથકોથી વેબ કાસ્ટિંગની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ વેબકાસ્ટિંગનું સતત નિરીક્ષણ કરવા માટે કલેક્ટર કચેરીના કૉન્ફરન્સ હોલ ખાતે ૪૨ ટીવી સ્ક્રીન ગોઠવવામાં આવી છે. વેબકાસ્ટિંગના નિરીક્ષણ માટે ૫૦ જેટલા સ્ટાફની નિમણૂક કરવામાં આવી છે. એસી (વિધાનસભા મતવિસ્તાર) લેવલે વેબ કાસ્ટિંગની કામગીરી સફળ રીતે પાર પડે એ માટે નોડલ ઓફિસરની નિમણૂક પણ કરવામાં આવી છે.

# ચૂંટણીમાં કાયદો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા એક્શન પ્લાન

**(એજન્સી)અમદાવાદ,** અમદાવાદમાં લોકસભાની ચૂંટણીને લઈ કા.દો વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. અમદાવાદ પોલીસ શાંતીપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા યોજાય એ માટે ચૂંટણી બૂથ વિસ્તારમાં પણ સુરક્ષા વ્યવસ્થા ચૂસ્ત કરવામાં આવી છે. અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને લઈ વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. અમદાવાદમાં ૪૧૩૨ જેટલા બુથ આવેલા છે. જેમાંથી ૯૩૧ બુથ ક્રિટીકલ આવેલા છે અને ૩૨૦૧ બુથ સામાન્ય છે.

ક્રિટીકલ બુથ પર પોલીસ દ્વારા વિશેષ તકદારી દાખવવામાં આવશે. ડીસીપી કક્ષાના અધિકારીઓ દ્વારા પોતાના ઝોન વિસ્તારમાં બુથ વિઝિટ કરવામાં આવી રહી છે.

મતદાન વખતે પોલીસના અધિકારી દ્વારા સતત વિઝિટ વિસ્તારમાં રાખશે. અમદાવાદ પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થા માટે આઈટીબીપી, બીએસએફ, સીઆઈએસએફ અને કેન્દ્રીય પોલીસ દળ સહિતના પોલીસ જવાનો ફાળવવામાં આવ્યા છે. ૬૮ ચેકપોસ્ટ પર પણ નજર રાખવામાં આવી રહી છે.




# શાંતિ ડહોળનારા મૌલાનાઓને છોડવામાં નહીં આવે : ગૃહમંત્રી

**(એજન્સી)સુરત,** સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે સનાતન સંઘના અધ્યક્ષ સહિત દેશના અન્ય હિન્દુ નેતાઓને મારી નાખવા ધમકી આપનાર કટ્ટર મુસ્લિમ મોલવીની ધરપકડ કરી છે.આરોપીએ પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ સાથે વર્ચ્યુઅલ નંબર મારફતે સંપર્કમાં રહી કાવતરું ગયું હતું. સુરત ક્રાઈમ બ્રાન્ચે ભરીમાતા ફૂલવાડી રોડ ખાતેથી આરોપીને ઝડપી લીધો હતો. મૌલવી છેલ્લા દોઢ વર્ષથી પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ ઉપરાંત અન્ય લોકો સાથે સંપર્કમાં રહી ભારતના રાષ્ટ્રધ્વજ, હિન્દુ ધર્મ અને દેવીદેવતાઓ અંગે અભદ્ર ટીપ્પણી કરી કટ્ટરવાદી વિચારધારાને ફેલાવતો હતો. જ્યારે આરોપીનું આખું પરિવાર મોલવી છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### મૌલાના યુવાઓને ગેરમાર્ગે દોરી રહ્યો હતો : કોંગ્રેસ આવા મૌલાનાને બચાવવાનું બંધ કરી દે : હર્ષ સંઘવી

સુરતમાં ઝડપાયેલા મૌલવીને લઈ હર્ષ સંઘવીએ એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, શાંતિ ડહોળનારા મૌલાનાઓને છોડવામાં નહીં આવે. કોંગ્રેસ આવા મૌલાનાને બચાવવાનું બંધ કરે. ભાજપના નેતાઓની હત્યાનું ષડયંત્ર પાકિસ્તાનમાં, ભાજપના નેતાઓની હત્યા કરવા પાકિસ્તાન સોપારી આપતું હતું. મૌલવીની પાકિસ્તાનના વ્યક્તિ સાથે થયેલી વાતથી આ વાતનો ખુલાસો થયો છે. રાજ્યના યુવકોને દેશવિરોધી કૃત્ય કરવા મૌલવી પ્રેરિત કરતા હતા.

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, મૌલાના યુવાઓને ગેરમાર્ગે દોરી રહ્યો હતો. કોંગ્રેસ આવા મૌલાનાને બચાવવાનું બંધ કરી દે. દેશની સુરક્ષાના મુદ્દામાં કોંગ્રેસ રાજકારણ કરે છે. મત બચાવવા કોંગ્રેસ મૌલાનાને બચાવે છે. મહત્વનું છે કે ક્રાઈમ બ્રાન્ચની ટીમે સુરતમાંથી સોહેલ ટીમોલ નામના મૌલાનાની ધરપકડ કરી છે. આ મૌલાનાએ હિંદુવાદી નેતા અવધેશને મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે કોંગ્રેસ પાર્ટી મૌલાના બચાવમાં આવતા ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે.

સુરતના ગોડાદરામા આવેલ સાઈ સૃષ્ટી બિલ્ડીંગમાં રહેતા સનાતન સંઘ એન.જી.ઓ સાથે સંકળાયેલા ઉપદેશ રાણાને ગત તારીખ ૦૪/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રી ૧૦.૩૦ વાગ્યાના અરસામાં એક અજાણ્યા મોબાઈલ નંબર ફોન આવ્યો હતો. અજાણ્યા ઈસમે ફોન પર ઉપદેશ રાણા તું સુરત મેં કીસ જગહ છુપા હુઆ હૈ, અપના એડ્રેસ ખુદ હી બોલ દે. નહી તો હમ તો તેરે કો ઢુંઢ હી લેંગે, મહારાષ્ટ્ર સે તેરા પતા નિકલને કે લિએ હમારા પુરા ગ્રુપ સુરત આ ગયા હૈ તેરી ગર્દન ઉતાર કર લે જાયેંગે આ રીતેનાં જાનથી મારવાની ધમકી આપી હતી. સમગ્ર મામલે ગોડાદરા પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી.

# તમામ મતદાન બુથ પર ૧૭૦ જેટલી વસ્તુ રખાશે

**(એજન્સી)અમદાવાદ,** લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મતદાન કરવા આવનાર નાગરિકો અને ચૂંટણીની ફરજમાં રોકાયેલા કર્મીઓને હિટ વેવના સંજોગોમાં કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

ચૂંટણી તંત્ર દ્વારા જે-તે વિધાનસભા મતવિસ્તાર વાઈઝ તેમાં સમાવિષ્ટ બુથની સંખ્યા પ્રમાણે પ્રતિ બુથ એક કિટ તૈયાર કરવામાં આવી છે. જે કિટમાં ચૂંટણી પંચની નિર્દેશિકા અનુસાર આશરે ૧૭૦ જેટલી વસ્તુઓ મૂકવામાં આવે છે. જેમાં નાનામાં નાની ટાંકણીથી લઈને પોસ્ટર સુધી તમામ પ્રકારની નાની મોટી સામગ્રીઓ, સ્ટેશનરીની આશરે ૩૧ જેટલી વસ્તુઓ, કવર, ફોર્મ, અવિલોપ્ય શાહી જેવી અનેક વસ્તુઓનો સમાવેશ થાય છે. આ બધી સામગ્રીઓ રાજ્ય ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હિટ વેવની આગાહી જોતાં અમદાવાદ જિલ્લામાં મતદાન કરનાર નાગરિકો અને ચૂંટણીની પ્રક્રિયામાં રોકાયેલા કર્મીઓને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.ના માર્ગદર્શનમાં જિલ્લામાં સૌ પ્રથમ વખત દરેક બુથ પર ૩ જેટલી વિશેષ કિટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાતની જનતા પર મોંઘવારીનો માર : સીંગતેલ ભાવમાં વધારો

**(એજન્સી)રાજકોટ,** જનતા પર સતત મોંઘવારીનો માર પડી રહ્યો છે. વર્ષની શરૂઆતથી જ ખાદ્ય ખાદ્યતેલમાં ભાવ વધારા કરાઈ રહ્યો છે. ત્યારે ૨૦૨૪ ની શરૂઆતથી ચોથીવાર સિંગતેલના ભાવમાં વધારો થયો છે. મે મહિનાની શરૂઆતમાં જ સિંગતેલના ભાવમાં વધારો ઝીંકાયો છે. આજે ખૂલતા બજારમાં સિંગતેલના ભાવમાં ૧૦ રૂપિયાનો વધારો કરાયો છે. .

રાજકોટના તેલ બજારમાં સિંગતેલમાં ૧૦ રૂપિયાનો વધારો થયો છે. ભાવ વધારા બાદ સિંગતેલનો ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૫૬૫ રૂપિયા થયો છે. તેલના વેપારીઓના જણાવ્યા અનુસાર, હજુ એક અઠવાડિયા સુધી સિંગતેલના ભાવમાં વધ-ઘટ થવાની શક્યતા છે. મગફળીની આવક ઘટતા સિંગતેલના ભાવ વધ્યા છે. મગફળીની જે આવક છે તે સિંગદાણામાં ખપી જતી હોવાથી પીલાણમાં નથી જતી. આ કારણે સિંગતેલ સતત મોંઘુ થતુ જઈ રહ્યું છે. ગત વર્ષમાં તેલના ભાવોમાં સતત વધારા ઝીંકાઈ રહ્યાં છે. જેને કારણે નાગરિકો પર મોંઘવારીનો માર પડી રહ્યો હતો. પરંતુ લાંબા સમયથી ખાદ્યતેલના ભાવ અંકુશમાં હતા. પરંતુ હવે ૨૦૨૪ માં ફરી આ વધારો ચાલુ થયો છે. આ વર્ષમાં પહેલીવાર તેલના ભાવમાં વધારો ઝીંકાયો છે.

# લોકસભા ચૂંટણી : પાંચ સનદી અધિકારીઓ રાજ્ય બહાર ઓબ્ઝર્વર તરીકે મોકલાયા

**(એજન્સી)ગાંધીનગર,** લોકસભાની ચૂંટણીના મતદાને હવે ગણતરીના જ કલાકો બાકી છે.ચૂંટણી પંચે પુરી તૈયારીઓ કરી દીધી છે. ચોથા તબક્કાના મતદાન માટેના સરકારના વધુ પાંચ સનદી અધિકારીઓને અન્ય રાજ્યોમાં ઓબ્ઝર્વ તરીકે મૂકવામાં આવ્યા છે. અધિકારીઓને જ્યાંનો ચાર્જ મળ્યો છે ત્યાં પોતાની સીટનો ચાર્જ સંભાળી લીધો છે.જણાવી દઈએ કે,અત્યાર સુધીમા અધિકારીઓને ત્રણ તબક્કામાં નિરીક્ષક પદે મૂકવામાં આવ્યા છે. ગુજરાત સરકારના પાંચ સનદી અધિકારીઓ ચોથા તબક્કાની ચૂંટણી માટે રાજ્ય બહાર જનરલ ઓબ્ઝર્વર તરીકે નિમાયા છે.

આ અધિકારીઓમાં ગુજરાત મેરિટાઈમ બોર્ડના ઉપાધ્યક્ષ-સીઈઓ- રાજકુમાર બેનિવાલ, છોટા ઉદેપુરના કલેક્ટર સ્તુતિ ચારણ, એનઆરઆઈએઆરટીડી પ્રભાગના અધિક સચિવ બી.પી. ચૌહાણ, મ્યુનિસિપાલિટીઓના પ્રાદેશિક કમિશનર ગાંધીનગર - આર. આર.ડામોર તેમજ ક્લાઈમેટ ચેન્જ વિભાગના અધિક સચિવ બી. એચ.તલાટી સામેલ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આ અધિકારીઓની ચૂંટણી નિરીક્ષક તરીકેની નિમણૂકનુ નોટિફિકેશન બહાર પાડ્યા છે,જેમાં આ અધિકારીઓને તેમને સોંપાયેલી લોકસભા બેઠક ખાતે પહોંચવા સૂચના અપાઈ છે.

રાજકુમાર બેનિવાલ ડીસા, આર.આર.ડામોર,બારાબંકી, બી.પી.ચૌહાણ મુઝફરપુર ,સ્તુતિ ચારણ ગઢવી મુંબઈ નોર્થ ઈસ્ટ અને બીએચ તલાટીને લદાખની જવાબદારી સોપવામા આવી છે.જયારે આ તમામ અધિકારીઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાયો છે.

અત્રે નોંધવું જરૂરી છે કે રાજકુમાર બેનિવાલ ઓડીસા, આર.આર.ડામોર, બારાબંકી બી.પી.ચૌહાણ મુઝફરપુર, સ્તુતિ ચારણ ગઢવી મુંબઈ નોર્થ ઈસ્ટ અને બીએચ તલાટીને લદાખની જવાબદારી સોપવામા આવી છે. જ્યારે આ તમામ અધિકારીઓનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપાયો છે અને આ અધિકારીઓએ હાલ તેમની સુધીમા તેઓએ તેમની લોકસભા સીટ સંભાળી લીધી છે.

# ભાવનગર સુધી આવી પહોંચેલા સાવજોને હવે નવું ઘર મળશે

**(એજન્સી)ભાવનગર,** એક સમયે ગીરનું જંગલ એ સાવજોનું ઘર હતુ. પરંતુ ગીરના સિંહો હવે છેક ભાવનગર, દીવ સુધી પહોંચી ગયા છે. ત્યારે નવા વિસ્તારોમાં આવી ચઢેલા સિંહો માટે હવે લોકોએ જ પ્રયાસો શરૂ કર્યા છે. ગીરથી ભાવનગર સુધી વિસ્તરેલા સાવજો ને ઘર મળે એ માટે લોક ભાગીદારીથી પ્રયાસો હાથ ધરાયા છે. ૪૦૯ ગામોમાં પાણીના પોઈન્ટ અને આફ્રિકા જેવા ઘાસના મેદાનોનું નિર્માણ કરવામાં આવશે. વહીવટી તંત્રની મંજૂરીથી પડતર જમીનોમાં વન તળાવ, ચેકડેમ અને ઘાસના મેદાનો બનાવવામાં આવશે.

જેના કારણે પાણીના તળ ઊંચા આવતા ખેત ઉત્પાદન વધશે અને ખેડૂતોને ફાયદો થશે. સાથે પાકનો નાશ કરતા જંગલી ભૂંડ અને નિલગાયના ત્રાસમાંથી પણ મુક્તિ મળશે. આ માટે વન વિભાગ દ્વારા લોક જાગૃતિ લાવવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સિંહોની વસ્તી સતત વધી રહી છે. ગીરના સિંહો હવે છેક ભાવનગર સુધી આવી ચઢ્યા છે. ૨૦૦૫માં થયેલી સિંહની વસ્તીગણતરી વખતે જ્યારે કુલ ૩૫૯ સિંહમાંથી ભાવનગર જિલ્લામાં ૧૪ નોંધાયા હતા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૦૯ના રોજ એકસાથે ૧૪ સિંહ દેખાયા હતા. એ વખતે પાલિતાણા, તળાજા અને મહુવા તાલુકાઓમાં કુલ ૨૫ સિંહનો વસવાટ હતો. ભાવનગરમાં સિંહોની વસ્તી કૂદકેને ભૂસકે વધી રહી છે. તેથી હવે ભાવનગરના સાવજોને સાચવવાની જરૂર પડી છે.

# અમદાવાદમાં અસામાજિક તત્વોએ ભારે આતંક મચાવ્યો

**(એજન્સી)અમદાવાદ,** અમદાવાદના સોલા વિસ્તારમાં કાર ચાલક સાથે ઝઘડો કરી અસામાજિક તત્વોએ કારચાલકનું નાક કાપી નાખ્યું. સોલા પોલીસે હત્યાના પ્રયાસની ફરિયાદ નોંધીને ૩ આરોપીની ધરપકડ કરી વધુ ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

આ ઘટનામાં ભોગ બનનાર પ્રયાગ પટેલ ગઈ રાત્રે પોતાના મિત્રની સાથે જન્મ દિવસની ઉજવણી કરી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ચાંદલોડિયા બ્રિજ નજીક અસમાજીક તત્વોએ પ્રયાગ પટેલની કારને ઊભી રખાવી કોઈ પણ કારણ વગર ઝગડો કર્યો હતો અને આ ઝગડામાં હુમલાખોરો એટલા ઉગ્ર થઈ ગયા હતા કે પોતાની પાસે રહેલા છરી સહિતના હથીયારથી પ્રયાગ પટેલ અને તેના મિત્ર પર જીવલેણ હુમલો કર્યો હતો.

જે જીવલેણ હુમલામાં પ્રયાગ પટેલ પર આરોપીઓએ નાક પર હુમલો કરતા પ્રયાગ પટેલનું નાક કપાઈ ગયું હતું. ત્યારે તાત્કાલિક ફરિયાદીએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળ પર દોડી આવી હતી. ત્યાં સુધીમાં હુમલો કરનાર અસામાજિક તત્ત્વો ત્યાંથી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઈજાગ્રસ્ત પ્રયાગ પટેલને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને ફરીયાદ નોંધી હતી. સોલા પોલીસે ફરિયાદી પ્રયાગ પટેલની ફરિયાદ નોંધીને તપાસ કરતા જાણવા મળ્યું કે હુમલો કરનાર રાધેશ્યામ યાદવ ઉર્ફે રાધે, અમરેશ યાદવ અને સંગમ જયસ્વાલ ઉર્ફે હજારી કલ્લુ હતા. જે ચાંદલોડિયા વિસ્તારમાં રહે છે અને અસામાજીક તત્ત્વો છે. પ્રયાગ પટેલ પર કુલ ૬ શખ્શોએ હુમલો કર્યો હતો.